કચ્છના કડવા પાટીદારોના સમાજ સુધારક, આદ્ય સુધારક અને ઘડવૈયાઓ







-: પ્રકાશક :-

શ્રી દક્ષિણ કર્ણાટક કચ્છ કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ

દક્ષિણ કર્ણાટક ઝોન

ઉમિયા ભવન, આર.પી.સી. લેઆઉટ, વિજયનગર, બેંગલુરુ - ૫૬૦ ૦૪૦.

કચ્છના કડવા પાટીદારોના સમાજ સુધારક, આદ્ય સુધારક અને ઘડવૈયાઓ







-: પ્રકાશક :-

શ્રી દક્ષિણ કર્ણાટક કચ્છ કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ

દક્ષિણ કર્ણાટક ઝોન

ઉમિયા ભવન, આર.પી.સી. લેઆઉટ, વિજયનગર, બેંગલુરુ - ૫૬૦ ૦૪૦.

કડવા પાટીદારોની
કુળદેવી
શ્રી ઉમિયા માતાજી



કચ્છના કડવા પાટીદારોના
ઈષ્ટદેવ
ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ



પ્રસ્તાવના

આ પુસ્તક છપાવવા માટેનો અમારો ઉદ્દેશ એ છે કે – શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, નખત્રાણાથી જ્યારે એક આદેશ આપવામાં આવેલ કે ધાર્મિક રીતે અઘોર નિદ્રામાં પોઢેલી આપણી જ્ઞાતિને જગાડવાનો અને જ્ઞાતિમાં વ્યાપેલી અજ્ઞાનતાના અંધારા ઉલેચવા માટે આપણી જ્ઞાતિના સાચા રાહબર બનેલા શૂરવીર અને નરવીર એવાં પરમ પૂજ્ય વડીલો શ્રી કેશરા પરમેશ્વરા તથા શ્રી નારાયણજી રામજી લીંબાણીની જન્મ જયંતી દેશભરની આપણી દરેક સનાતની સમાજોમાં દર વર્ષે ઉજવવામાં આવે. ત્યાર બાદ લગભગ બધા ઝોન તથા ઘટક સમાજોમાં દર વર્ષે બન્ને વિભૂતિઓની જન્મ જયંતી ઉજવવામાં આવે છે. તે દિવસે બ્લડ ડોનેશ કેમ્પ તથા અન્ય કાર્યક્રમોનું આયોજન થાય છે. પણ આપણી સમાજના ઘણા બધા ભાઈ–બહેનો આ બે વડીલોએ જે અસહ્ય જુલ્મો સહન કરીને જ્ઞાતિને સાચા હિન્દુ વૈદિક સનાતની ધર્મના માર્ગે લઈ જતાં પોતાના સંપૂર્ણ જીવનનું બલિદાન આપેલ છે તેનાથી માહિતગાર નથી. આ પુસ્તક પ્રકાશિત કરવાનો મુખ્ય ધ્યેય એ છે કે આ બન્ને વડીલોની ગૌરવગાથા દરેક જ્ઞાતિજનોના ઘરે ગવાય. આ બન્ને વડીલોએ જ્ઞાતિ માટે કરેલ જીવન સંઘર્ષની માહિતી તથા આપણી સમાજના ઘડવૈયાઓનો સંક્ષિપ્ત પરિચય તેમજ તેમના ખાસ કાર્યોની માહિતી અને છેલ્લા ૫૦–૬૦ વર્ષ સુધીના સમાજના કર્ણધારોનો પરિચય, કેન્દ્રીય યુવા સંઘની સ્થાપના તથા તેના કર્ણધારો અને મહિલા સંઘની માહિતી તેમજ તેમના કર્ણધારોની જાણકારીનો સમાવેશ કરેલ છે.

આ પુસ્તક આપના કરકમળોમાં મૂકતા હર્ષની લાગણી અનુભવીએ છીએ. આપણી આવનારી પેઢી આનાથી માહિતગાર થાય એવી અમારી આશા છે. સમાજની ભાવિ પેઢીનું ભવિષ્ય ઉજ્જ્વળ બનાવવા કટીબદ્ધ બનીએ.

આ પુસ્તકના પ્રકાશન માટે શુભેચ્છા કે જાહેરાત સ્વરૂપે આર્થિક યોગદાન આપનાર દાતાઓનો અમે અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ.

વિશેષ કાળજી રાખવા છતાં પ્રકાશનમાં ક્યાંક તૃટી રહી ગયેલ હોય તો આપની પાસે ક્ષમા માગીએ છીએ.

(અહીં દર્શાવેલ સંપૂર્ણ માહિતી "કચ્છના કડવા પાટીદારોનો ઇતિહાસ" પુસ્તકમાંથી સંકલન કરેલ છે.)

લી. શ્રી દક્ષિણ કર્ણાટક કચ્છ કડવા પાટીદાર લક્ષ્મીનારાયણ સનાતન સમાજ વતી

શ્રી ચીમનભાઈ નાનજીભાઈ લીંબાણી
પ્રમુખશ્રી

શ્રી વસંતલાલ કેશવલાલ ગોરાણી
મહામંત્રીશ્રી

Publication and Inaugural date: 28-Oct-2010 at the hands of Abjibhai Kanani, place Bangalore

શ્રી દક્ષિણ કર્ણાટક ઝોન સમાજના વર્તમાન હોદ્દેદારશ્રીઓ

પ્રમુખશ્રી



શ્રી ચીમનભાઈ
નાનજીભાઈ લીંબાણી
મૈસુર રોડ – રસલીયા

ઉપ પ્રમુખશ્રી



શ્રી વિશ્રામભાઈ
લાલજીભાઈ છાભૈયા
યલહંકા – કોટડા (જ)

મહામંત્રીશ્રી



શ્રી વસંતલાલ
કેશવલાલ ગોરાણી
ઉડુપી – વિગોડી

મંત્રીશ્રી



શ્રી પરબતભાઈ
દેવજીભાઈ સાંખલા
મૈસુર રોડ – ઐયર

સહમંત્રીશ્રી



શ્રી હીરાલાલ
વાલજીભાઈ ચૌધરી
નેલમંગલા – રસલીયા

ખજાનચીશ્રી



શ્રી પુરૂષોત્તમભાઈ
હરિલાલ વેલાણી
ઇંદિરાનગર – દેશલપર (ગું)

સહખજાનચીશ્રી



શ્રી રતિલાલ
લધાભાઈ ભાવાણી
લાલબાગ – રસલીયા

ઓડીટરશ્રી



શ્રી દામોદરભાઈ
પ્રેમજીભાઈ લીંબાણી
દાવણગેરે – જીંજાય

શ્રી દક્ષિણ કર્ણાટક ઝોન સમાજની વર્તમાન ન્યાય સમિતિ તેમજ સલાહકારશ્રીઓ

૧. **ખીમજીભાઈ પ્રેમજીભાઈ પોકાર – પ્રમુખ –** નેલમંગલા સમાજ

૨. **ચીમનભાઈ નાનજીભાઈ લીંબાણી –** મૈસુર રોડ સમાજ

૩. **વસંતભાઈ કેશવલાલભાઈ ગોરાણી –** ઉડુપી સમાજ

૪. **ધનજીભાઈ મનજીભાઈ છાભૈયા –** પીણ્યા સમાજ

૫. **કેશવલાલભાઈ કાનજીભાઈ ભગત –** મૈસુર રોડ સમાજ

૬. **નાનજીભાઈ વાલજીભાઈ લીંબાણી –** મૈસુર રોડ સમાજ

૭. **દામજીભાઈ ધનજીભાઈ હળપાણી –** મૈસુર રોડ સમાજ

૮. **વિશ્રામભાઈ લાલજીભાઈ છાભૈયા –** યલહંકા સમાજ

૯. **ડૉ. રમેશભાઈ નાનજીભાઈ લીંબાણી –** દાવણગેરે સમાજ

૧૦. **મુળજીભાઈ કાનજીભાઈ પોકાર –** ઈંદિરાનગર સમાજ

૧૧. **હરિભાઈ માવજીભાઈ નાકરાણી –** મલનાડ સમાજ

૧૨. **ધરમશીભાઈ વાલજીભાઈ ચૌહાણ –** કે.આર. પુરમ સમાજ

૧૩. **રતિલાલભાઈ લધારામભાઈ ભાવાણી –** લાલબાગ સમાજ

બધી આંગળીઓ લંબાઈમાં સમાન હોતી નથી, પણ જ્યારે વળે છે, ત્યારે બધી સમાન થઈ જાય છે. એવી જ રીતે જો આપણે તમામ પરિસ્થિતિઓમાં નમીને, એડજસ્ટ થઈને રહીએ, તો જિંદગી સરળ બની જાય છે

શ્રી દક્ષિણ કર્ણાટક ઝોન સમાજના વર્તમાન કારોબારી સભ્યો

૧. **ડૉ. રમેશભાઈ નાનજીભાઈ લીંબાણી,** દાવણગેરે – જીંજાય
૨. **શ્રી દામજીભાઈ ધનજીભાઈ હળપાણી,** મૈસુર રોડ – કંડાય
૩. **શ્રી રમેશચંદ્ર મુળજીભાઈ ગોરાણી,** મૈસુર રોડ – વિગોડી
૪. **શ્રી વિનોદભાઈ માવજીભાઈ વાઘડીયા,** મૈસુર રોડ – ખોંભડી
૫. **શ્રી ભરતભાઈ અબજીભાઈ રામાણી,** પીણ્યા – નખત્રાણા
૬. **શ્રી પ્રેમજીભાઈ કરશનભાઈ છાભૈયા,** પીણ્યા – કાદિયા નાના
૭. **શ્રી નારાયણભાઈ પચાણભાઈ નાકરાણી,** લાલબાગ – ખીરસરા
૮. **શ્રી લખમશીભાઈ મેઘજીભાઈ લીંબાણી,** ઇન્દીરાનગર – મથલ
૯. **શ્રી રવિલાલભાઈ લખમશીભાઈ ધનાણી,** યલહંકા – નખત્રાણા
૧૦. **શ્રી લાલજીભાઈ હીરાલાલભાઈ વાસાણી,** કે.આર. પુરમ – નવાવાસ
૧૧. **શ્રી દેવજીભાઈ વાલજીભાઈ ચૌહાણ,** કે.આર. પુરમ – ખોંભડી
૧૨. **શ્રી મણીલાલભાઈ ભીમજીભાઈ લીંબાણી,** દેવનહલ્લી – મથલ
૧૩. **શ્રી રમેશભાઈ હરજીભાઈ રવાણી,** દેવનહલ્લી – ખોંભડી
૧૪. **શ્રી જયંતીલાલભાઈ મેઘજીભાઈ રામાણી,** મંડ્યા – રતડીયા
૧૫. **શ્રી શંકરલાલભાઈ ગોપાલભાઈ દિવાણી,** મંડ્યા – કાદિયા નાના
૧૬. **શ્રી બાબુલાલભાઈ જીવરાજભાઈ રામાણી,** મંડ્યા – રતડીયા
૧૭. **શ્રી ખીમજીભાઈ માનણભાઈ રવાણી,** તુમકુર – ખોંભડી
૧૮. **શ્રી શંકરલાલભાઈ લાલજીભાઈ હળપાણી,** તુમકુર – કંડાય
૧૯. **શ્રી ચંદુલાલભાઈ વીરજીભાઈ સાંખલા,** મૈસુર – રતડીયા
૨૦. **શ્રી ગોપાલભાઈ શીવજીભાઈ સાંખલા,** મૈસુર – રામપર, સરવા
૨૧. **શ્રી મંજુનાથભાઈ વાલજીભાઈ રૂડાણી,** હરિહર – જીંજાય

૨૨. શ્રી જીવરાજભાઈ વાલજીભાઈ સાંખલા, કોલાર – નેત્રા

૨૩. શ્રી કાંતિલાલભાઈ નાનજીભાઈ પોકાર, કોલાર – ઐયર

૨૪. શ્રી રતિલાલભાઈ પુંજારામભાઈ નાથાણી, ઉડુપી – નખત્રાણા

૨૫. શ્રી વીરજીભાઈ નારાયણભાઈ ભાવાણી, દોડ્ડબાલાપુર – મથલ

૨૬. શ્રી બાબુલાલભાઈ વિશ્રામભાઈ લીંબાણી, મલનાડ – રસલીયા

૨૭. શ્રી જયંતીલાલભાઈ હંસરાજભાઈ લીંબાણી, મલનાડ – રસલીયા

૨૮. શ્રી મગનભાઈ નારાયણભાઈ ભાદાણી, ચિત્રદુર્ગા – દેશલપર (ગું)

૨૯. શ્રી દેવશીભાઈ માધવજીભાઈ ગોરાણી, ચિત્રદુર્ગા – ઉગેડી

૩૦. શ્રી વિશ્રામભાઈ રામજીભાઈ દિવાણી, તુંગભદ્રા – કાદિયા નાના

૩૧. શ્રી જીતેન્દ્રભાઈ પ્રેમજીભાઈ ધોળુ, તુંગભદ્રા – વિરાણી મોટી

૩૨. પ્રતાપભાઈ કિશોરભાઈ લીંબાણી – યુવા સંઘ પ્રમુખ – મથલ

૩૩. મનોજભાઈ ખીમજીભાઈ પોકાર – યુવા સંઘ મહામંત્રી – ઐયર

બુધ્ધિશાળી વ્યક્તિ અવસરની રાહ જોતો નથી,
પણ અવસર પેદા કરે છે

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવા સંઘ, દક્ષિણ કર્ણાટક રીજીયન

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવા સંઘ રચિત કર્ણાટક રીજીયનની શરૂઆત તા. ૩-૮-૨૦૦૮ ના થયેલ. અને ત્યાર બાદ તા. ૨૭-૭-૨૦૧૪ ના દક્ષિણ કર્ણાટક યુવા સંઘ રીજીયનની શરૂઆત થયેલ. આ દસ વર્ષના સમય દરમ્યાન અનેક કર્ણધારોએ સમાજ તથા યુવા સંઘ માટે સેવાઓ આપેલ છે. હાલમાં દક્ષિણ કર્ણાટક યુવા સંઘ રીજીયનમાં ૨૦ યુવા મંડળો સક્રીય કાર્યરત છે અને સમાજને વિકાસના પંથે લઈ જવા માટે પ્રયાસો કરી રહ્યા છે.

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવા સંઘના નેજા હેઠળ હાલમાં ૨૨ રીજીયન કાર્યરત છે.

વર્તમાન હોદ્દેદારો

૧. પ્રમુખ	: **પ્રતાપ કિશોર લીંબાણી,** ઇન્દિરાનગર, બેંગલોર
૨. તત્કાલીન પૂર્વ પ્રમુખ	: **રમેશ મનજી રવાણી,** લાલબાગ, બેંગલોર
૩. ઉપ પ્રમુખ	: **રમેશ લધારામ લીંબાણી,** યલહંકા, બેંગલોર
૪. મહામંત્રી	: **મનોજ ખીમજી પોકાર,** નેલમંગલા, બેંગલોર
૫. વિભાગીય પ્રમુખ	: **અમૃત મગન નાયાણી,** પીણ્યા, બેંગલોર
૬. વિભાગીય પ્રમુખ	: **હિતેશ રમેશ લીંબાણી,** દાવણગેરે
૭. મંત્રી	: **કિશોર રામજી સુરાણી,** યલહંકા, બેંગલોર
૮. વિભાગીય મંત્રી	: **હરેશ રતનશી ચૌહાણ,** મૈસુર રોડ, બેંગલોર
૯. વિભાગીય મંત્રી	: **નરેશ ગોવિંદ સેંઘાણી,** ઉડુપી
૧૦. પી.આર.ઓ.	: **મહેશ પચાણ રવાણી,** મૈસુર રોડ, બેંગલોર
૧૧. ખજાનચી	: **લલિત અરજણ ભાવાણી,** લાલબાગ, બેંગલોર
૧૨. સહ ખજાનચી	: **કેતન રામજી ડાહ્યાણી,** ઇન્દિરાનગર, બેંગલોર
૧૩. ઓડીટર	: **જયેશ હસમુખ ભાવાણી,** તુમકુર

શ્રી દક્ષિણ કર્ણાટક કડવા પાટીદાર સમાજ

આ સમાજની સ્થાપના ૧૬ માર્ચ ૧૯૮૦ ના બેંગલોર સમાજના આહ્વાનથી બેંગલોર મધ્યે દક્ષિણ કર્ણાટકમાં વસતા પાટીદાર ભાઈઓના પ્રતિનિધિઓની સભામાં થયેલ. આ જ સભામાં સંસ્થાનો કામચલાઉ વહીવટ ચલાવવા માટે કાર્યવાહક કારોબારી સમિતિની રચના કરવામાં આવેલ. આ સમિતિ સામાન્ય સભામાં બંધારણ પસાર થાય ત્યાં સુધી કાયમ રહે એવું નક્કી કરવામાં આવેલ. સંસ્થાના ઉદ્દેશો, પ્રવૃત્તિઓ, કાર્યક્ષેત્ર, સભ્યપદ વગેરે બાબતો પર ચર્ચા–વિચારણા બાદ નિર્ણયો લેવાયેલ અને તેને આધારિત બંધારણ ઘડવાનું કાર્ય કારોબારી સમિતિને સુપ્રત કરવામાં આવેલ.

ઉપરોક્ત સમિતિએ સમાજની સામાજીક અને વસવાટની દષ્ટિએ ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી, આ બંધારણનો સંપૂર્ણ મુત્સદો તૈયાર કરેલ. જેને કાર્યવાહક કારોબારીની તા. ૨૨–૬–૧૯૮૦ ની સભામાં માન્ય રાખવામાં આવેલ.

તા ૨૫ જાન્યુઆરી ૧૯૮૧ ને રવિવારના બેંગલોર મધ્યે શ્રી સૂર્યોદય સો મીલ ના પ્રાંગણમાં શ્રી દક્ષિણ કર્ણાટકના જુદા જુદા સ્થળેથી પધારેલ ભાઈઓની ઉપસ્થિતિમાં અને સમાજના વડીલોના આશીર્વાદ સાથે શ્રી પ્રેમજીભાઈ હંસરાજ લીંબાણી, દાવણગેરે ના પ્રમુખપણા હેઠળ બંધારણ સર્વાનુમતે પસાર કરવામાં આવેલ.

શ્રી દક્ષિણ કર્ણાટક કડવા પાટીદાર સમાજને બંધારણીય સંસ્થા તરીકે હર્ષોલ્લાસ ભરેલા વાતાવરણ વચ્ચે જાહેર કરવામાં આવેલ. તે સાથે જ કાર્યવાહક કારોબારીના સ્થાને વિભાગવાર પ્રતિનિધીઓની બનેલી પ્રથમ કારોબારી સમિતિની જાહેરાત થયેલ અને સંસ્થાનું સંચાલન કરવાની જવાબદારીઓ સાથે સત્તાઓ કારોબારીને સોંપવામાં આવેલ.

સમાજની રચના પાછળનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે સમભાવ, સમદષ્ટિ, સમર્પણ, સહકાર અને સમાધાનની ભાવના કેળવવી. સંગઠન સાધવું. સમયને અનુસરીને સમાજમાં એવા સુધારા લાવવા અને એવી ભાવના જગાડવી કે જેથી કૌટુંબિક અને વ્યવહારિક ઝગડા થતાં અટકી જાય.

''મમતા'' અને ''સમતા'' ના ગુણો આપણી દષ્ટીમાંથી વહેશે તો સમાજના માધ્યમ દ્વારા આપણામાં પ્રેમ જાગશે અને જીવનમાં પરમાનંદ રહે એવી ભાવના ઉત્તરોત્તર જળવાઈ રહે એવા ઉદ્દેશથી આ સમાજની સ્થાપના કરવામાં આવેલ.

પ્રથમ કારોબારી સમિતિ

૧. શ્રી પ્રેમજીભાઈ હંસરાજ લીંબાણી, દાવણગેરે – પ્રમુખ
૨. શ્રી કરશનભાઈ પ્રેમજી નાકરાણી, બેંગલોર – ઉપ પ્રમુખ
૩. શ્રી શામજીભાઈ લધાભાઈ કાલરીયા, બેંગલોર – મંત્રી
૪. શ્રી માવજીભાઈ મેઘજીભાઈ છાભૈયા, ઉડુપી – સહમંત્રી
૫. શ્રી વિઠ્ઠલભાઈ વેલજી નાકરાણી, બેંગલોર – ખજાનચી
૬. શ્રી કેશવલાલ કાનજી ભગત, બેંગલોર – ઓડીટર
૭. શ્રી કેશવલાલ વીરજી પોકાર, બેંગલોર – ઓડીટર
૮. શ્રી રામજીભાઈ હરદાસ દિવાણી, સાગર – સલાહકાર સભ્ય
૯. શ્રી હીરાલાલ ડાહ્યાભાઈ છાભૈયા, કડુર – સલાહકાર સભ્ય
૧૦. શ્રી વાલજીભાઈ શામજીભાઈ રૂડાણી, હરિહર – સલાહકાર સભ્ય
૧૧. શ્રી શીવજીભાઈ ગોપાલ ભગત, બેંગલોર – સલાહકાર સભ્ય
૧૨. શ્રી પચાણભાઈ માવજી વેલાણી, બેંગલોર – સભ્ય
૧૩. શ્રી દેવજીભાઈ જીવરાજ વાઘડીયા, બેંગલોર – સભ્ય
૧૪. શ્રી દામજીભાઈ ધનજી હળપાણી, બેંગલોર – સભ્ય
૧૫. શ્રી મુળજીભાઈ શીવજી ગોરાણી, બેંગલોર – સભ્ય
૧૬. શ્રી શીવગણભાઈ વેલજી રામાણી – સભ્ય
૧૭. શ્રી ગોપાલભાઈ રામજી ભાવાણી, દોડ્ડબાલાપુર – સભ્ય
૧૮. શ્રી હીરાલાલ માવજી માંકાણી, ભદ્રાવતી – સભ્ય
૧૯. શ્રી હરિલાલ માવજી નાકરાણી, ચિકમગલૂર – સભ્ય
૨૦. શ્રી લાલજીભાઈ ડાહ્યાભાઈ છાભૈયા, તુમકુર – સભ્ય
૨૧. શ્રી રાજાભાઈ માધવજી લીંબાણી, કડુર – સભ્ય
૨૨. શ્રી લખમશી હરજી મૈયાત, મેંગલોર – સભ્ય
૨૩. શ્રી પ્રેમજી જીવરાજ રૂડાણી, દાવણગેરે – સભ્ય
૨૪. શ્રી વીરજીભાઈ વિશ્રામ કાલરીયા, સિરસી – સભ્ય
૨૫. શ્રી વિશ્રામભાઈ શીવદાસ માંકાણી, કે.જી.એફ. – સભ્ય
૨૬. શ્રી પ્રેમજીભાઈ દેવશી સાંખલા, મંડ્યા – સભ્ય
૨૭. શ્રી દેવશીભાઈ વાલજી રામાણી, મડ્ડુર – સભ્ય
૨૮. શ્રી અરજણભાઈ હરજી રામાણી, હુનસુર – સભ્ય
૨૯. શ્રી હરિભાઈ મુળજી રંગાણી, મૈસુર – સભ્ય
૩૦. શ્રી ગોવિંદભાઈ જેઠાભાઈ પોકાર, ચન્નપટ્ટણા – સભ્ય

શ્રી દક્ષિણ કર્ણાટક ઝોન સમાજના પૂર્વ પ્રમુખશ્રીઓ તથા મહામંત્રીશ્રીઓ

૧૯૮૦ – ૧૯૮૫



પ્રમુખ
શ્રી પ્રેમજીભાઈ
હંસરાજભાઈ લીંબાણી
દાવણગેરે



મહામંત્રી
શ્રી શામજીભાઈ
લધાભાઈ કાલરીયા
મૈસુર રોડ, બેંગલોર

૧૯૮૫ – ૧૯૮૬



પ્રમુખ
શ્રી શામજીભાઈ
લધાભાઈ કાલરીયા
મૈસુર રોડ, બેંગલોર



મહામંત્રી
શ્રી કેશવલાલ
વીરજીભાઈ પોકાર
પીણ્યા, બેંગલોર

૧૯૮૬ – ૧૯૮૯



પ્રમુખ
શ્રી કરશનભાઈ
પ્રેમજીભાઈ નાકરાણી
મૈસુર રોડ, બેંગલોર



મહામંત્રી
શ્રી બાબુલાલ
વાલજીભાઈ ભગત
મૈસુર રોડ, બેંગલોર

૧૯૮૯ – ૧૯૯૨



પ્રમુખ
શ્રી કેશવલાલ
કાનજીભાઈ ભગત
મૈસુર રોડ, બેંગલોર



મહામંત્રી
શ્રી બાબુલાલ
વાલજીભાઈ ભગત
મૈસુર રોડ, બેંગલોર

૧૯૯૨ – ૧૯૯૭



પ્રમુખ
શ્રી રતનશીભાઈ
દેવશીભાઈ પોકાર
મૈસુર રોડ, બેંગલોર



મહામંત્રી
શ્રી દેવજીભાઈ
હંસરાજભાઈ દિવાણી
મૈસુર રોડ, બેંગલોર

૧૯૯૭ – ૧૯૯૯



પ્રમુખ
શ્રી બાબુલાલ
વાલજીભાઈ ભગત
મૈસુર રોડ, બેંગલોર



મહામંત્રી
શ્રી દેવજીભાઈ
હંસરાજભાઈ દિવાણી
મૈસુર રોડ, બેંગલોર

શ્રી દક્ષિણ કર્ણાટક ઝોન સમાજના પૂર્વ પ્રમુખશ્રીઓ તથા મહામંત્રીશ્રીઓ

૧૯૯૯ – ૨૦૦૦



પ્રમુખ
ડૉ. રમેશભાઈ
નાનજીભાઈ લીંબાણી
દાવણગેરે



મહામંત્રી
શ્રી મંજુનાથભાઈ
વાલજીભાઈ રૂડાણી
હરિહર

૨૦૦૦ – ૨૦૦૮



પ્રમુખ
શ્રી કેશવલાલ
વીરજીભાઈ પોકાર
પીણ્યા, બેંગલોર



મહામંત્રી
શ્રી ધનજીભાઈ
મનજીભાઈ છાભૈયા
પીણ્યા, બેંગલોર

૨૦૦૮ – ૨૦૧૦



પ્રમુખ
શ્રી નાનજીભાઈ
વાલજીભાઈ લીંબાણી
મૈસુર રોડ, બેંગલોર



મહામંત્રી
શ્રી અર્જુનભાઈ
હીરજીભાઈ સાંખલા
મૈસુર રોડ, બેંગલોર

૨૦૧૦ – ૨૦૧૨



પ્રમુખ
શ્રી ધનજીભાઈ
મનજીભાઈ છાભૈયા
પીણ્યા, બેંગલોર



મહામંત્રી
શ્રી અર્જુનભાઈ
હીરજીભાઈ સાંખલા
મૈસુર રોડ, બેંગલોર

૨૦૧૨ – ૨૦૧૭



પ્રમુખ
શ્રી ખીમજીભાઈ
પ્રેમજીભાઈ પોકાર
નેલમંગલા



મહામંત્રી
શ્રી વસંતલાલ
કેશવલાલ ગોરાણી
ઉડુપી

૨૦૧૭ – ૨૦૨૦



પ્રમુખ
શ્રી ચીમનભાઈ
નાનજીભાઈ લીંબાણી
મૈસુર રોડ, બેંગલોર



મહામંત્રી
શ્રી વસંતલાલ
કેશવલાલ ગોરાણી
ઉડુપી

શ્રી અ.ભા.ક.ક.પા. યુવા સંઘ, દક્ષિણ કર્ણાટક રીજીયન

પૂર્વ પ્રમુખશ્રીઓ તથા મહામંત્રીશ્રીઓ

૨૦૦૮ – ૨૦૧૦



પ્રમુખ
યશવંતભાઈ
કરશનભાઈ નાકરાણી
મૈસુર રોડ, બેંગલોર



મહામંત્રી
નરસિંહભાઈ
મગનભાઈ પોકાર
પીણ્યા, બેંગલોર

૨૦૧૦ – ૨૦૧૨



પ્રમુખ
તુલસીભાઈ
અરજણભાઈ પોકાર
મૈસુર રોડ, બેંગલોર



મહામંત્રી
જગદીશભાઈ
લખમશીભાઈ લીંબાણી
લાલબાગ, બેંગલોર

૨૦૧૨ – ૨૦૧૪



પ્રમુખ
મણિલાલ
કરશનભાઈ લીંબાણી
યલહંકા, બેંગલોર



મહામંત્રી
જીતેન્દ્રભાઈ
રતનશીભાઈ પોકાર
મૈસુર રોડ, બેંગલોર

૨૦૧૪ – ૨૦૧૬



પ્રમુખ
નરસિંહભાઈ
મગનભાઈ પોકાર
પીણ્યા, બેંગલોર



મહામંત્રી
પ્રતાપભાઈ
કિશોરભાઈ લીંબાણી
ઈન્દિરાનગર, બેંગલોર

૨૦૧૬ –૨૦૧૮



પ્રમુખ
રમેશભાઈ
મનજીભાઈ રવાણી
લાલબાગ, બેંગલોર



મહામંત્રી
દિનેશભાઈ
નરસિંહભાઈ લીંબાણી
ચિકમગલૂર

૨૦૧૮ – ૨૦૨૦



પ્રમુખ
પ્રતાપભાઈ
કિશોરભાઈ લીંબાણી
ઈંદિરાનગર, બેંગલોર



મહામંત્રી
મનોજભાઈ
ખીમજીભાઈ પોકાર
નેલમંગલા



With Best Compliments from :

પટેલ પરબતભાઈ દેવજીભાઈ સાંખલા

બેંગલુરુ (ઐયર)




HARI OM TIMBERS

DEALERS IN :
TEAK, HONNE, SALL, NEEM, PLYWOOD, FLUSH DOORS

188/1, 2nd Main, Near H.V.R. Kalyana Mantapa,
Magadi Main Road, Housing Board,
Bengaluru - 560 079.

PARBAT PATEL
94483 52021 / 91135 04935

RAMANIK PATEL
94483 85570 / 80736 22850




UMIYA TIMBERS

DEALERS IN : Teak, Sall, Honne, Neem, Accessia Wood Plywoods, Flush Doors, Hardware Etc.

71/3, Near Vishwashanthi Ashram, B.H. Road,
Binnamangala, Nelamangala, Bengaluru - 562 123.

PARESH PATEL - 94480 16610 / 91102 32872

સમાજ સુધારક પૂ. કેશરા પરમેશ્વરા જીવન અને કાર્ય



એક કાળ એવો હતો કે આપણી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સનાતન ધર્મની રાહથી વિચલિત થઈ ગઈ હતી. એવે વખતે ભટકી ગયેલા સમાજને પથદર્શકની જરૂર હતી. આવા સમયે અજ્ઞાનનાં અંધારાં ઉલેચવા આપણી જ્ઞાતિમાં બે જ્યોતિર્ધરો આવ્યા. એક પૂ. શ્રી નારાયણજી રામજી લીંબાણી (વીરાણીવાળા) ને બીજા પૂ. કેશરા મુખી સાંખલા (નેત્રાવાળા) જેઓ આપણી જ્ઞાતિના સાચા રાહબર બન્યા.

ઈ.સ. ૧૭૬૮ ના વર્ષમાં ચૈત્ર સુદ ૧૫ ને દિને ગામ શ્રી નેત્રા મધ્યે શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના સાંખલા કુટુંબના મુખી પટેલ શ્રી તેજા હરજી સાંખલાના ધર્મપત્ની શ્રીમતી પદ્‌માબાઈની પવિત્ર કૂખે તેજસ્વી રત્નનો જન્મ થયો.

કેશરા મુખી બાળપણથી જ તેજસ્વી હતા. તેમણે નેત્રાની ગામઠી શાળામાં જ પાંચ ધોરણ સુધીનો અભ્યાસ ખૂબ જ હોશિયાર અને ખંતીલા વિદ્યાર્થી તરીકે પૂરો કર્યો અને પિતા તેજા મુખીના ખેતીવાડીના ધંધામાં લાગી ગયા. તેજા મુખીનું ખોરડું ખાનદાન, પ્રતિષ્ઠિત અને ખાધે પીધે સુખી ગણાતું. સંવત ૧૮૯૧ ના ફાગણ વદ ૧૧ ના દિવસે બપોર પછી નેત્રા ગામે એક સુથારને ઘેર સ્વામિનારાયણના બે સંતો મુક્તાનંદજી અને સ્વરૂપાનંદજી પધાર્યા. કેશરા મુખી અને તેમના નાના ભાઈ નાથા મુખી તેમના સંપર્કમાં આવ્યા. આ સંતો પાસે બેસીને કેશરા મુખીએ સત્સંગ કર્યો, જ્ઞાન ગોષ્ઠિ કરી અને તેમના મનમાં ઉદ્‌ભવેલા સંશયના સમાધાન માટે સંતો સાથે પ્રશ્નોત્તરી કરી અને જેમ

સમુદ્રમાં ગુમરાહ બનેલા નાવિકને દીવાદાંડી દેખાય અને દિશા મળી જાય તેમ કેશરા મુખીને સનાતન ધર્મનો સાચો રાહ એ સંતો પાસેથી સાંપડ્યો અને કેશરા મુખીએ સ્વામિનારાયણ ધર્મ અંગીકાર કર્યો ને જૂના સતપંથ સંપ્રદાયને તિલાંજલિ આપી.

કેશરા મુખી એટલાથી સંતોષ માનીને બેસી ના રહ્યા. તેમને જે સત્ય સમજાયું તે પોતાના સગાં-સંબંધી, મિત્રો અને આસપાસના ગામના લોકોને સમજાવવા ને જાગૃતિ લાવવા પ્રયત્નો શરૂ કર્યા. પ્રારંભમાં તો તેમને ઘણી મુશ્કેલી પડી, જૂના ધર્મના લોકોએ વિરોધ કર્યો અને અડચણો ઊભી કરી અને સગપણ સાંતરા તોડી નાખવા સુધીનાં શસ્ત્રો અપનાવવાની કોશિશ કરી. પણ કેશરા મુખી પોતાના સંકલ્પમાં દઢ રહ્યા અને લોકજાગૃતિની મશાલ જલતી રાખી. એમાં તેમને કચ્છના મહારાવશ્રી તરફથી ઘણો સાથ અને સહકાર મળ્યો. તેમને આ ધર્મજાગૃતિના કામમાં સંપૂર્ણ સાથ અને સહકાર આપનાર નાથા મુખી, વસ્તા લખુ વાસાણી, ઘડાણીવાળા નાઈયા કરશન ઘોઘારી અને અંગિયાવાળા અબજી કરશન ભગત જેવા નિડર સાથીઓ પણ મળ્યા હતા.

વિક્રમ સંવત ૧૮૬૫ ના ફાગણ સુદ બીજ ની રાત્રે કેશરા મુખીએ તેમના ભાઈ સાથે ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રત્યક્ષ દર્શન કરવા અમદાવાદ જવા પ્રયાણ કર્યું. ઘણી મુશ્કેલીઓ વેઠી તેઓ શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રત્યક્ષ દર્શન કરી શક્યા અને તેમની પાસેથી ગુરુમંત્ર અને આશીર્વચન લઈ કચ્છમાં પાછા ફર્યા પછી તેમણે પોતાની બધી જ શક્તિ પાટીદાર જ્ઞાતિમાં ધર્મજાગૃતિ લાવવામાં ખર્ચી નાખી. ગામડે ગામડું ઘૂમી વળ્યા ને કેટલાંય રૂઢિચુસ્ત લોકોના વિરોધ છતાં તેમને તેમનું આ કાર્ય વણથંભ્યું ચાલુ રાખ્યું.

રૂઢિચુસ્ત આગેવાનોએ ત્રણેય પાંચડાના જ્ઞાતિ આગેવાનોને ભેગા કરી કેશરા મુખી તથા તેમના સાથીદારોને નાત તરફથી સજ્જડ સજા કરાવવાના પ્રયાસો શરૂ કર્યા.

વિ.સં. ૧૮૭૨ ના ચૈત્ર વદ ૭ ના રોજ આખી નાતના ગેઢેરાઓએ વિથોણ ગામે કડવા પાટીદારના ધર્મસ્થાને આખી નાતને ભેગી કરી. તેમાં કેશરા મુખી અને તેમના સાથીદારને ખાસ આમંત્રણ અપાયાં હતાં.

શરૂઆતમાં નાત વતી નખત્રાણાના પટેલ ભોજા માનાણીના વંશના શ્રી અખઈ માનાણીએ ઊભા થઈને કેશરા મુખીને ઠપકો આપતાં કહેવા માંડ્યું, ''મુખી, તમે એક પાંચડાના આગેવાન થઈ આપણી નાતના ઠરાવનો ભંગ કર્યો છે એમ આખી નાતનું માનવું છે. એ ખરું છે કે ખોટું ?''

''ખરું છે તેમ ખોટું પણ છે.'' કેશરા મુખીએ શાંતિથી ઠંડે કલેજે જવાબ આપ્યો.

આ સાંભળી આગેવાનો બોલી ઊઠ્યા, ''ખોટું નથી પણ ખરું છે. તમે નાતના ઠરાવનો ભંગ કર્યો છે એટલે તમે અને તમારા સાથીદારો નાતના ગુનેગારો બન્યા છો તે

માટે નાત તમને લોકોને જે સજા કરે તે ભોગવવી જ પડશે. તેમ કરવામાં જરા પણ આનાકાની કરશો તો તમને અમારે નાત બહાર મૂકવા પડશે. બોલો, તમારો શું વિચાર છે?''

ત્યારે કેશરા મુખીએ હાથ જોડી વિનંતીપૂર્વક જવાબ વાળ્યો, ''આપણી નાત તરફથી અમને જે હુકમ ફરમાવવામાં આવ્યો છે તે અમે શાંતિથી સાંભળ્યો છે. હવે નાત અમારી વાત સાંભળે એવી અમારી વિનંતી છે. નાતને અમારી નમ્ર અરજ છે કે સમાજ એ ભગવાનનું જ સ્વરૂપ છે અને આપણા બધાંની જનેતા છે. એવી આપણી જનેતા સમક્ષ નિષ્પક્ષપાતી રીતે જે કાંઈ ચર્ચા-વિચારણા થાય અને તેને અંતે હાજર રહેલા સમાજના ભાઈઓની અનુમતિથી જે કાંઈ ઠરાવ થાય એ ઠરાવ પસાર થયો કહેવાય.''

આગેવાનોએ કહ્યું : વિક્રમ સંવત ૧૮૩૨ ના ફાગણ વદ ૧૩ ના રોજ નખત્રાણા ગામના આપણા ધર્મસ્થાને ધર્મ સંબંધી જે ઠરાવ થયો હતો તે ઠરાવ આપણો ધર્મ પાળવાવાળા સઘળા લોકોને બલ્કે આખી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને બંધનકર્તા છે.

મુખી : ધર્મ બાબતના ઠરાવને નાત સાથે કાંઈ લાગતું વળગતું નથી. ધર્મ અને સમાજના નિયમો અને તેમના ઠરાવો જુદા જ હોય છે. એટલે એ ધર્મના ઠરાવો જૂના ધર્મને માનતા હોય તેવા ભાઈઓને જ લાગુ પડે. એમાં જે ન માનતા હોય તેમને તે લાગુ ન પડે. ધર્મ અને સમાજ જુદા છે.

આગેવાનો : પણ એ ઠરાવમાં તમારા આગેવાન વડીલોની સહીઓ છે, જે તેમના વંશ વારસોને પણ કબૂલ મંજૂર હોય છે.

મુખી : કોઈના પણ પૂર્વજોએ કરેલા સામાજિક કે રાજકીય ગુના બાબતે તેમની પાછળની પેઢીએ એટલે કે તેમના ભાવિ વારસોએ સજા ભોગવવી જોઈએ તેવું કયા ધર્મનાણ શાસ્ત્રોમાં કે રાજ્યના કાયદામાં લખ્યું છે તે અમને જણાવો. આપણા હાલના જૂના કલ્પિત ધર્મને અમે અને અમારા વડીલોએ જ્યાં સુધી માન્યો હતો ત્યાં સુધી અમે તે ધર્મના ઠરાવોને પૂરી રીતે માન આપ્યું હતું અને યથાર્થ રીતે પાલન કર્યું હતું પણ અમે જ્યારથી એ ધર્મનો ત્યાગ કર્યો છે ત્યારથી ધર્મ બાબતના ઠરાવ અમને કબૂલ મંજૂર નથી. અમે આપણા જૂના કલ્પિત ધર્મ અને તેના ધર્મ ગુરૂઓએ કરેલા ઠરાવો ઉપરથી અમારો સંપૂર્ણ હક્ક ઉઠાવી લીધો છે.

હવે વાત રહી સમાજ અને નાત અંગેની. સમાજને હાનિકારક કે નાતને લાંછન લાગે તેવાં કાર્યો કરવા તેમ જ તે કાર્યો કરનારને સાથ આપવો અને સમાજનો વિશ્વાસઘાત કરવો યા સમાજનું અપમાન કરવું, કરાવવું વગેરે બાબતે જો સમાજ ઠરાવ કરે તો તે ગુનેગારને સજા કરવા તેમ કરે છે એમ કહેવાય. કારણ કે એવા લોકો સમાજના ખરા દુશ્મન હોય છે. અમે જો કોઈ એવો સામાજિક ગુનો કર્યો હોય તો તેવા ગુનાની સજા

ભોગવવા અમે તૈયાર છીએ. પરંતુ આપ સૌ જેની વાત કરો છો તે તો ધર્મનો ઠરાવ છે. એનો જો કોઈ ભંગ કરે તો તે ધર્મના ધર્મગુરૂઓએ ભંગ કરનારાનો જવાબ લેવો જોઈએ પણ નાતને ધર્મ બાબત ખુલાસો પૂછવાનો કોઈ પણ જાતનો અધિકાર નથી. ધર્મ એ મનની માન્યતા છે તેથી ધર્મ બદલી શકાય છે, પણ સમાજબદલી શકાતો નથી.

આગેવાનો : મુખી, નાતના એક આગેવાન થઈને તમે નાતને માન આપો છો કે તેનું અપમાન કરો છે?

મુખી : નાત જેમ સમજે તેમ !

આગેવાનો : આ સમગ્ર નાત તમને પૂછે છે કે જ્યારે આપણા બાપદાદાએ સ્વીકારેલો ધર્મ તમે છોડ્યો ત્યારે આપણા સમાજના આગેવાનોને તમે પૂછ્યું હતું કે અમે ખુશીથી બીજો ધર્મ સ્વીકારીએ?

મુખી : આપણો હાલનો જૂનો કલ્પિત ધર્મ કોણે સ્વીકારેલો? આપણે કે આપણા વડીલોએ?

આગેવાનો : આપણા વડીલોએ.

મુખી : આપણા વડીલોએ તે વખતના અસલ વૈદિક સનાતન ધર્મ છોડીને બીજો એટલે કે હાલનો જૂનો કલ્પિત ધર્મ સ્વીકાર્યો ત્યારે તેમણે સનાતન ધર્મ પાળવાવાળા સમાજના વડીલોને પૂછ્યું હતું કે નહીં?

આગેવાનો : એ વાતની અમને ખબર નથી.

મુખી : આપણા વડીલોએ જ્યારે હાલનો જૂનો કલ્પિત ધર્મ સ્વીકાર્યો ત્યારે તેમણે તેમના વડીલો અને સમાજના આગેવાનોને પૂછ્યું હોય એમ ક્યાંય જણાતું નથી.

તેઓ સ્વેચ્છાએ જ નંદનવન જેવા ગુજરાત દેશને છોડી આ ઉજ્જડ, ડુંગરાળ, કાંકરાવાળી સુકી, કચ્છની ભૂમિમાં આવેલા. આ વાત તમે અને અમે બહુ સારી રીતે જાણીએ છીએ. એટલે કોઈ ધર્મ પાળવો કે ન પાળવો એ દરેક મનુષ્યની પોતાની મરજીની વાત છે. ધર્મ એ કોઈ નાત કે જાત નથી. ધર્મ મનની માન્યતા છે. એટલે આ બાબતમાં અમે કોઈ રીતે ગુનેગાર છીએ નહીં.

આગેવાનો : આપણા વડીલોએ સ્વીકારેલા ધર્મને માન આપવું એ આપણી ફરજ છે કે નહીં?

મુખી : આપણા વડીલોએ તેઓના વડીલોના વૈદિક ધર્મને તથા જ્ઞાતિને માન આપ્યું નથી પણ સમાજ અને સનાતન ધર્મનું અપમાન કર્યું છે તેમ જ અપમાન કરાવ્યું છે. અમે એવા ધર્મને જરા પણ માનતા નથી.

આગેવાનો : મુખી, આ શબ્દો તમે બોલતા નથી. પણ તમારી પાછળ રહેલી વજ્ર

જેવી રાજ્યની સત્તાપીઠ તમને એ બોલાવે છે. જો તમે આપણા સમાજના હુકમને માન નહીં આપો તો નાત તમને કડકમાં કડક સજા ફરમાવશે.

મુખી : સજા ગુનેગારોને હોય છે, બિનગુનેગારોને નહીં. ખરું પૂછો તો ગુનેગાર અમે નહીં, તમે બધા છો. ધર્મને તમારી નાત સમજી, તેના નામે સર્વસત્તાધીશ બની તમે બધા હિન્દુ સમાજ ઉપર ઔરંગઝેબ જેવી જોહુકમી ચલાવો છો. તમારો એ નર્યો સિતમ છે. એવા ભયંકર અન્યાય સામે અમે મરતાં સુધી પણ અમારા માથાં નમાવવાના નથી. તમારે જે સજા કરવી હોય તે કરો, અમે તે માનતા નથી.

આજે તમને સૌને કાન ખોલીને સાંભળી લેવા કહું છું કે આપણી નાતના ગેઢેરાઓ ધર્મને નામે આપણી નાતના ગરીબ ભાઈ–બહેનો ઉપર જો સિતમગીરીનો જુલમી અમલ ચલાવશે તો મારે નાછૂટકે આપણા મહારાવ સમક્ષ તમારી સૌની સામે ફરિયાદ કરવી પડશે. માટે તમને સૌને હાથ જોડીને વિનંતીપૂર્વક હું કહું છું કે ધર્મને નામે સિતમગર સત્તા આપણા કોઈ પણ ધર્મપ્રેમી ભાઈઓ ઉપર ચલાવશો નહીં. તેમ કરવાના પરિણામ ગંભીર આવશે.

કેશરા મુખીના સિંહગર્જના જેવા જવાબો સાંભળી નાતના ગેઢેરાઓના સાંધેસાંધા ઢીલા થઈ ગયા. મુખીના જવાબો સામે બીજા સવાલો કરવાના નાતના ગેઢેરાઓ કે અન્ય નાતીલાઓની હિંમત ન ચાલી. ઊલટું, સમાજમાં બેઠેલા કેટલાક સમજુ ભાઈઓને કેશરા મુખીની વાત સત્ય જણાઈ. મુખીની વાત બાબતે એ લોકોની અંદર અંદર ચર્ચા થવા લાગી અને છેવટે સમગ્ર સમાજે એક મૌખિક ઠરાવ કર્યો કે, ''આ બાબતનો ખુલાસો કરવા–કરાવવા આપણે હાલના ધર્મગુરૂને જણાવવું અને તે જેમ કહે તેમ આપણે બધાએ વર્તવું.'' બધાએ આ બાબતે ઊંડી ચર્ચા–વિચારણા કરી અને તે અંગેના મૌખિક ઠરાવ કરી સૌ પોતપોતાને ઘેર જવા રવાના થયા.

કેશરા મુખી પણ તેમના સાથીદારો સાથે નેત્રા ગામ આવ્યા. તેમણે તેના સાથીદારોને અનુરોધ કર્યો કે હવે આપણે સ્વામિનારાયણ ધર્મનો બરાબર પ્રચાર કરવો જોઈએ. જૂના કલ્પિત ધર્મમાં ફસાયેલાં આપણા ભાઈ–બહેનોને તેમાંથી જેમ બને તેમ વહેલા મુક્ત કરવા જોઈએ. મુખીના સૌ સાથીદારો પોતપોતાના કુટુંબમાં તેમજ સગાંવહાલાં અને લાગતાવળગતા લોકોમાં સ્વામિનારાયણ ધર્મનો જોરશોરથી પ્રચાર કરવા લાગ્યા અને જૂના ધર્મનું સાચું પોલ શું છે તે સમજાવવા લાગ્યા.

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના ગેઢેરાઓએ વિથોણ ગામમાં જે મૌખિક ઠરાવ કરેલો હતો તેને તેમણે તેમના ધર્મગુરૂઓને મોકલી આપ્યો. ધર્મગુરૂઓએ મળીને વિચાર કર્યો કે, ''આપણે બધા સારી રીતે સમજીએ છીએ. એટલે હવેથી જો આપણે કોઈ ધર્મ સામે વાંધો લઈશું તો તેમાં આપણે ફાવવાના નથી. એટલે આપણો કોઈ ધર્મ સામે વાંધો

ઉઠાવવો નહીં. સૌએ પોતપોતાનો ધર્મ સંભાળવો. આ મતલબનો કાગળ લખી તેઓએ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના બધા પાંચડાના આગેવાનોને મોકલી આપ્યો. કાગળમા તેમણે વધારામાં જણાવ્યું કે, ''જૂનો ધર્મ પાળવાવાળાં ભાઈઓ અને બહેનોએ કેશરા મુખીના ધર્મમાં ન ફસાઈ જવાય તેની તકેદારી રાખવી. ઝગડો કરવાથી ધર્મમાં જ ફાટફૂટ પડશે અને આપણું સંખ્યાબળ તૂટશે. આગળ જતાં શું થાય છે તે જોયું જશે. કેશરા મુખી શિરજોર માણસ છે એટલે તેમની સાથે ઉપરથી મેળ રાખવો. એવા માણસને બળથી નહીં પણ કળથી જિતાય એવો આપણા ધર્મનો મત છે.''

વિક્રમ સંવત ૧૯૦૯ ના વૈશાખ સુદ ૫ ના શુભ દિને કેશરા મુખીએ અને તેમના સાથીદારો સાથે મળીને શ્રી નેત્રા ખાતે ભગવાન શ્રી સ્વામિનારાયણના નવનિર્મિત મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા કરી તેમાં પણ તે સમયના સ્થાનિકના સતપંથ સંપ્રદાયના લોકોના વિરોધ વંટોળનો તેમને સામનો કરવો પડ્યો. પરંતુ તેઓ પોતાના નિશ્ચયમાંથી લેશમાત્ર ડગ્યા નહિ. આ કાર્યમાં પણ તેમને તે સમયના કચ્છના રાજવીની મદદ મળી. જોકે પાછળથી આ શુભ કાર્યમાં સતપંથ સંપ્રદાયના લોકોએ અને આસપાસના સૌ જ્ઞાતિજનોએ સહયોગ આપ્યો અને આ ભવ્ય પ્રસંગમાં ખૂબ જ ઉત્સાહ અને ઉમંગથી ભાગ લીધો.

મુખીએ લગભગ એકલા હાથે જ ૯૦ થી ૯૨ વર્ષના લાંબા સમય દરમ્યાન સ્વામિનારાયણ ધર્મનો ધ્વજ ફરકતો રાખ્યો અને જ્ઞાતિના માર્ગ ભૂલેલાં ભાઈ–બહેનોને શુદ્ધ સનાતન ધર્મના સાચા રાહ ઉપર લાવવા પ્રયાસો કર્યા. જેના પરિણામે અંદાજે બેએક હજાર જેટલી સંખ્યામાં જ્ઞાતિના ભાઈઓ મુખીના સાથીદાર બન્યા અને સ્વામિનારાયણ સંપ્રદાય સ્વીકાર્યો.


સંવત ૧૯૩૪ ના આસો વદ ૧૪ ને શુક્રવારના રોજ શ્રી કેશરા મુખીએ ૧૧૦ વર્ષનું આયુષ્ય ભોગવીને તેમની જીવનલીલા સંકેલી લીધી. તેને જીવનપર્યંત કરેલા સમાજ જાગૃતિના પ્રયાસો અને તેનું અમૂલ્ય પ્રદાન ચિરંજીવ બની ગયાં. મૃતશય્યા પર સૂતેલા કેશરા મુખીના તેમના સાથીદારોને શીખામણના છેલ્લા શબ્દો હતા 'સાગર જેવી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાંથી તમે કદાપિ છૂટા પડશો નહિ.'

(**સંદર્ભ પુસ્તક :** કેશરા (પરમેશ્વરા) મુખી સાંખલાના સંક્ષિપ્ત જીવન અને કાર્યના આધારે)

પરિવાર એ એક એવી માળા છે જે પ્રેમના દોરામાં પીરોવાય છે
અને પરિવારના દરેક સભ્ય આ માળાના મોતી છે.

જ્ઞાતિના આદ્ય સુધારક

પ.પૂ. નારાયણજી રામજી લીંબાણી નું જીવન અને સંદેશ



જ્યારે જ્યારે વિશ્વમાં કોઈ પણ દેશ, ગામ, સમાજમાં અધર્મનું જોર વધી જાય ત્યારે ત્યારે અધર્મનો નાશ કરવા ને સત્ય ધર્મની સ્થાપના કરવા પરમ કૃપાળુ પરમાત્મા પુણ્યશાળી આત્માને પૃથ્વી ઉપર મોકલે છે. સ્વ. નારાયણજી રામજી લીંબાણીનુ જીવન અને કાર્ય એવું જ કહી શકાય.

શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના આદ્ય સુધારક અને ધાર્મિક ક્રાંતિકારી તરીકેની અમર નામના મેળવનાર આ નરવીર અને ધર્મપ્રેમી જ્ઞાતિ સેવકે લગભગ ચારસો વર્ષથી જડ ઘાલી બેઠેલા અધર્મયુક્ત પીરાણા સતપંથ ધર્મના ધતિંગને જ્ઞાતિમાંથી ઊખેડી નાખવા માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું છે.

પીરાણા સતપંથ ધર્મના નામે મુસલમાની ધર્મમાં વટલેલા હજારો જ્ઞાતિભાઈઓને પવિત્ર સનાતન વૈદિક ધર્મને રસ્તે લઈ જતાં સૈયદો તેમજ સ્વાર્થી આપખુદ પીરાણાપંથી આગેવાન ગેઢેરાઓ તથા મુખીઓના અસહ્ય જુલમો સહન કરીને સનાતન ધર્મના રક્ષણ ખાતર પોતાના સંપૂર્ણ જીવનનો ભોગ આપ્યો. આવા ધર્મવીર, હિંમતવાન, સત્યનિષ્ઠ અને શુદ્ધ ચરિત્રશીલ નરવીરનું જીવન જ્ઞાતિના સર્વ ભાઈ–બહેનો, આબાલ, વૃદ્ધ માટે

પ્રેરણારૂપ તેમજ આદર્શ દષ્ટાંતરૂપ છે અને આપણે સૌ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ હંમેશ માટે તેમના ઋણી રહેશું.

આદ્ય સુધારક શ્રી નારાયણજી રામજીનો જન્મ વીરાણી મોટી (તા. નખત્રાણા) ગામે શ્રી રામજીભાઈ ભોજાભાઈ લીંબાણીને ત્યાં વિક્રમ સંવત ૧૯૩૯ ના વૈશાખ સુદ પૂનમ ને મંગળવાર, તા. ૨૨-૫-૧૮૮૩ ના દિવસે થયો હતો. પિતા રામજીભાઈ એમના વખતના એક પ્રસિદ્ધ શિલ્પશાસ્ત્રી હતા. કચ્છ રાજ્યના ઇજનેરી ખાતામાં લાંબા સમય સુધી સન્માનપૂર્વક નોકરી કરી. તેઓ કચ્છ પ્રદેશમાં એક સારા શિલ્પી તરીકે બહુ ખ્યાતિ પામ્યા હતા. તેઓ મધ્યસ્થ શાંત સુધારક વિચારના તેમજ વેદધર્મના પ્રબળ પક્ષપાતી હતા. છતાં પણ એ વખતે કચ્છના કડવા પાટીદારોમાં જડ ઘાલી બેઠેલા પીરાણા સતપંથની એ વખતની સત્તાની સામે મસ્તક ઉઠાવવાને તેઓ અચકાતા હતા.

પૂજ્ય નારાયણજીબાપાને પિતાની આંતરિક વૃત્તિના ઉચ્ચ સંસ્કારનો વારસો મળ્યો. બાળપણથી જ તેઓની બુદ્ધિ તીવ્ર હતી. ભણવામાં ઘણા જ હોશિયાર હતા. સ્કૂલના અભ્યાસ દરમ્યાન હંમેશા રમત-ગમત, અભ્યાસ વગેરેમાં સરદારી ભોગવતા હતા. એવી રીતે ગુજરાતી પાંચ ધોરણ સુધી શિક્ષણ મેળવ્યું. વીરાણીની એ ગ્રામ્ય શાળામાં એથી વધારે ભણવાની સુવિધા ન હતી અને એ વખતે પાંચ ધોરણ સુધી ભણવું એ આપણી જ્ઞાતિમાં અહોભાગ્ય મનાતું.

શાળાનો અભ્યાસ પૂરો કરી તેમના પિતાજીની દેખરેખ નીચે શિલ્પકામ શીખવા લાગ્યા. કેમ કે દૂરના શહેરમાં કુમળી વયના નાદાન છોકરાને એકલો મોકલી ઉચ્ચ કેળવણી આપવાની તેમની ઇચ્છા નહોતી અને અનુકૂળતા પણ નહોતી. એટલે પિતાની દેખરેખ નીચે એક કારીગર તરીકે ખંતથી કામ કરવા લાગ્યા. કુશળ શિલ્પી પિતાની લાગણીભરી દેખરેખ અને નજરે નીચે પોતાની કલાનો શોખ સુધરવા અને ખીલવા લાગ્યો. થોડા જ સમયમાં શિલ્પશાસ્ત્રના ઘણાં અંગો સારી રીતે હસ્તગત કરી લીધાં. શિલ્પવિદ્યા માટેની તીવ્ર અભિરુચિ જોઈને એ કલાનો અભ્યાસ તેમજ અનુભવ સારી રીતે મેળવવા માટે પિતાશ્રીએ પૂ. નારાયણબાપાને મુંબઈ મોકલાવ્યા.

દુનિયાની અજાયબી સમા મુંબઈ શહેરની આલીશાન ઇમારતો અને શિલ્પકલાના અવનવા નમૂનાઓ જોઈને આ ઊગતા યુવાનના મનમાં શિલ્પકળાનો ગર્વ હતો તે સર્વ ગળી ગયો. આવા અલબેલા શહેરમાં કોઈની ઓળખ, લાગવગ કે ઉત્તેજનના અભાવે સ્વતંત્ર ધંધો કરવાની ઇચ્છાઓ દાબીદઈને અંતે એક બિલ્ડિંગ કોન્ટ્રાક્ટરને ત્યાં કડિયાકામ સ્વીકારીને શહેરી જીવનની શરૂઆત કરી. થોડા જ વખતમાં પોતાની

કાર્યકુશળતા અને બુદ્ધિબળથી મુંબઈ શહેરના સારા નામાંકિત એન્જિનીયરો અને શ્રીમંત શેઠિયાઓની અંદર ઘણી જ નામના મેળવી, લાગવગ વધારી પોતાના ધંધાને ઘણો જ વિસ્તાર્યો. પણ ભાગ્યવિધાતાએ તેના હાથે જ્ઞાતિ ઉદ્ધારનું મહાન કાર્ય કરવાનું નિર્માણ કર્યું હશે. તેથી સમય જતાં એ હજારો રૂપિયાની ધીકતી કમાણી જતી કરીને તેમને ધાર્મિક ક્રાંતિના યજ્ઞમાં ઝંપલાવવાની જિજ્ઞાસા ઉત્પન્ન થઈ.

પોતાનો જ્ઞાતિસમુદાય જે સંપ્રદાયમાં ફસાણો છે તે પીરાણા સતપંથ ધર્મ ઇસ્લામી છે અને મહાન વૈદિક ધર્મનું અપમાન કરનારો છે. એવા વિચારોથી એમનું હૃદય હંમેશા ખિન્ન રહ્યા કરતું હતું. મુંબઈ શહેરની અંદર અન્ય હિન્દુ જ્ઞાતિના સારા સારા વિદ્વાનોના પરિચયમાં આવવાથી તેમજ વર્તમાનપત્રો અને ઉત્તમ પુસ્તકો વાંચવાના શોખથી તેમની વાંચન તરફ રુચિ વધતી ગઈ. એમનું જ્ઞાન વિશાળ થતું ગયું ને ગુજરાતી પાંચ ધોરણ ભણેલો સાહિત્યનો સમજદાર શોખીન બન્યો. દેશના ઇતિહાસો, નામાંકિત નરવીરો, સુધારકો વગેરેના જીવનવૃત્તાંતો વાંચ્યાં તથા જાતાનુભવ લીધા તેમજ ધાર્મિક ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કરવા લાગ્યા.

એક દિવસ અચાનક તેમને એક ગુજરાતી કડવા પાટીદાર જ્ઞાતિભાઈનો મેળાપ થયો. તેમની સાથેની વાતચીત ઉપરથી કચ્છ અને ગુજરાતના ભાઈઓ વચ્ચેના જમીન-આસમાન જેટલાં તફાવતની વાતો એમણે જાણી, એમની લાગણી જાણી, એમની લાગણી ઉત્તેજિત બની અને બારીક ઝીણવટભરી તપાસ કરતાં ગુજરાતી જ્ઞાતિ બંધુઓની સ્થિતિ કચ્છના ભાઈઓ કરતાં સર્વે વાતે ઉન્નત માલુમ પડી. ગુજરાતમાંથી નીકળતું ''કડવા વિજય'' માસિક પત્ર વાંચવા મળ્યું. એટલે પોતે તેમાં કાયમી ગ્રાહક થયા અને તેમાં આવતી હકીકતોનો અભ્યાસ કરવા માંડ્યો. તેથી હૃદયમાં કોઈ નવીન દૃષ્ટિ પ્રાપ્ત થતી હોય તેમ તેમને પોતાની કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિની અધોગતિ શા કારણે છે? તે પ્રત્યક્ષ રીતે જણાવવાં લાગ્યું. પોતાની જ્ઞાતીની અધોગતિનું મૂળ કારણ સતપંથ પીરાણા છે તે સ્પષ્ટ લાગવા લાગ્યું. એ વખતે પરિસ્થિતિ એવી હતી કે કોઈ જ્ઞાતિજન સતપંથ પીરાણા વિરુદ્ધ કોઈ જાતનું પગલું ભરે તો તેને તરત જ ન્યાત બહાર મૂકવામાં આવતો અને એટલો બધો ત્રાસ આપવામાં આવતો કે છેવટે હતાશ પરેશાન થઈને ગેઢેરા કે મુખી જેટલો માંગે તેટલો દંડ ભરીને ફરી પાછું તેને ગેઢેરાઓનું શરણ સ્વીકારી જ્ઞાતિમાં ભળી શકતો.

પોતાના નિકટ સંબંધીઓ પણ પીરાણા સતપંથ ધર્મને અનુસરનારા હોવાથી પોતે હિન્દુના-મુસલમાનના, એવી (અર્ધદગ્ધ) વિષમ પરિસ્થિતિમાં જીવી રહ્યા છે. એ વાત

પણ તેમની દૃષ્ટિ સમક્ષ વારંવાર ખડી થતી તેથી પીરાણા સતપંથ ધર્મ પ્રત્યે તિરસ્કાર આવવા લાગ્યો અને છેવટે તેને ત્યજી ઉત્તમ એવા શુદ્ધ સનાતન વૈદિક ધર્મનો સ્વીકાર કરવાના અને પોતાના કચ્છવાસી જ્ઞાતિ બંધુઓને સુધારી અસલ સનાતની પાટીદાર બનાવવાના મનોરથો તેમના સંસ્કારી મગજ પર દોડવા લાગ્યા. જો કે પોતાના આ વિચારોને તેઓ તાત્કાલિક અમલમાં મૂકી શક્યા નહિ. તો પણ તેમના એ વિચારોને કદી પણ પોતાના હૃદયમાંથી દૂર કરી શક્યા નહોતા. એવામાં અચાનક એક સામાન્ય પ્રસંગ બન્યો જેનાથી એમનામાં જોશ જાગૃત થયો. એ અરસામાં કચ્છી લોહાણા શેઠ કેશવજી દામજીને વડગાદી ઉપર એક મકાન બાંધવાનું હતું અને શ્રીયુત ગોપાલજીભાઈ નામના કચ્છી સ્નેહીએ કેશવજી શેઠની સાથે પૂજ્ય નારાયણ બાપાની ઓળખાણ કરાવી બહુ સારા શબ્દોમાં ભલામણ કરી અને મકાનનું કામ પૂજ્ય નારાયણજી બાપાને અપાવ્યું. પરંતુ શેઠની સાથે વાત કરતાં હસવામાં જ એમણે ટકોર કરી કે કામ ભલે એમને જ આપો, કામમાં તો એ ભાઈ કુશળ અને પ્રમાણિક છે અને તમને પણ પૂરોપૂરો સંતોષ આપશે. પરંતુ એક વાતે આ લોકો બહુ ખોટા છે એમ કહીને આપણી જ્ઞાતિની ટીકા કરતાં તેમણે જે તીખા કડવા શબ્દો સંભળાવ્યા હતા અને અક્ષરે અક્ષર પૂ. નારાયણ બાપાને છાતીમાં તીરની માફક ખૂંચી ગયા. તેમણે કચ્છી ભાષામાં કહ્યું કે ''ઈ ડિસે જેતા હિન્દુ જેડા, પણ ધરમમેં તો ઈ વડા કાફુર અઈ – ન ઈ હિન્દુ ને ન ઈ મુસલમાન, ઈનીજે મેં મરે તડે દટજે અને પઈણે તડે ધુવા પડે'' ભાઈ ગોપાલજીએ તો આ પ્રમાણે ભલે માત્ર હસવામાં જ કહ્યું હશે પરંતુ પૂજ્ય નારાયણજી બાપાને એ તીર જેવા શબ્દોથી હાડોહાડ લાગી આવ્યું કે અમે કડવા પાટીદાર શ્રી રામચન્દ્રજીના પ્રતાપી વંશના ક્ષત્રિય છીએ છતાં આ લોકો અમારી આટલી બધી નિંદા તે શા માટે કરતા હશે? આ બાબતનો એમને બહુ જ મોટો વિચાર થઈ પડ્યો. એ દિવસથી એમને સત્યની શોધ માટે બહુ જ ચટપટી લાગી. પીરાણા સતપંથમાં ખરેખર શું છે? તે જાણવા માટે તેનું સાહિત્ય ત્યારથી જ બારીકીથી વાંચવા લાગ્યા અને ફુરસદ મેળવી માધવ બાગ, આર્યસમાજ મંદિર તેમજ હીરા બાગ જેવાં મુંબઈના જાહેર સ્થળોમાં જ્યાં જ્યાં ધાર્મિક વ્યાખ્યાનો થતા હોય ત્યાં નિયમિત જવા લાગ્યા. આર્યોના પ્રાચીન ગ્રંથો, મહાન ધર્માચાર્યો અને સતપુરૂષોનાં દૃષ્ટાંતો વગેરેનો અભ્યાસ કરવા લાગ્યા તેમ તેમ જાણતા ગયા કે વૈદિક ધર્મને નામે પીરાણા સતપંથના પ્રવર્તકો અને જે જે પ્રપંચી ચમત્કારોની બનાવટી કપટજાળ રચી હતી તેની ભેદ ભરેલી ઠગાઈની પણ જાણ થતી ગઈ. થોડા સમયમાં જ સારી રીતે સમજી શક્યા અને વિચારવા લાગ્યા કે પીરાણાના પાપ પ્રપંચમાંથી જ્યાં સુધી મારા જ્ઞાતિભાઈઓને છોડાવું નહીં ત્યાં સુધી પોતાનું જીવન પણ ભારરૂપ અને વ્યર્થ જ

સમજવા લાગ્યા. આવું વિચારતાં વિચારતાં અને ધાર્મિક અભ્યાસના પ્રયાસમાં એમ ને એમ ચાર-પાંચ વર્ષો તો નીકળી ગયા.

આ સમય દરમ્યાન ઈશ્વર કૃપાએ પ્રમાણિક મહેનતથી ધંધામાં સારી પ્રગતિ કરી, મુંબઈના શ્રીમંતો સાથે, પ્રસિદ્ધ એન્જિનીયરો સાથે, મોટા મોટા કોન્ટ્રાક્ટરો સાથે સારો પરિચય થયો. મ્યુનિસિપાલિટી તેમજ સરકારી ખાતાઓમાં પણ સારી ઓળખાણ પિછાણ થઈ. જેટલું કામ કરી શકે એના કરતાં પણ વધારે કામ મળવા લાગ્યું. પરંતુ જ્ઞાતિની અવદશા અને ધાર્મિક અધોગતિના ચિંતાતુર વિચારોએ એમના હૃદયને ઘેરીને ખિન્ન બનાવી દીધું હતું. એ અરસામાં રાજકોટ નજીકના ઢોલેરાના મૂળ વતની વેદશાસ્ત્ર સંપન્ન સદ્ગત શ્રી રામેશ્વર મોરારજીનો સમાગમ થયો. એમના ઉપદેશ સાંભળી કર્મકાંડ અને સંસ્કાર વિદિ ઉપર ઘણી રુચિ ઉત્પન્ન થઈ. પવિત્ર ધાર્મિક જીવનમાં આગળ વધવાની તીવ્ર ઉત્કંઠા જોઈને તેમણે ખરી લાગણીથી પૂજ્ય નારાયણજી બાપાને વૈદિક ધર્મનું સાચું જ્ઞાન આપ્યું. એમના ઉપદેશ સાંભળી પૂજ્ય નારાયણ બાપાએ સતપંથ પીરાણા છોડી ઉપવીત (જનોઈ) ધારણ કરવાની ઇચ્છા વ્યક્ત કરી. પરંતુ રામેશ્વર મહારાજે સલાહ આપી કે આવું સાહસ માત્ર મારી એકની જ સલાહથી કરવા કરતાં ગુજરાતના કોઈ પ્રતિષ્ઠિત મહાન પુરૂષ કે શાસ્ત્રવેત્તા આચાર્યની સલાહ લઈ તેમની મારફતે જોએ સંસ્કાર કરવામાં આવે તો વધારે સારૂં. એ રીતે રામેશ્વર મહારાજની સલાહથી એ વખતે આવી પ્રવૃત્તિઓથી પ્રખ્યાત થયેલા મહાત્મા શ્રીમન્ન નથ્થુરામ શર્માનો સંપર્ક કર્યો. તેમને દરેક હકીકતથી વાકેફ કર્યા. એમને પણ સતપંથ પીરાણા બાબતેની જાણ હોવાથી એમને સલાહ આપી કે, ''તમારા જેવા ઉમંગી અને ઊગતા યુવાને દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવીને જનોઈ લેવાનું સાહસ ખેડવામાં ઘણું જોખમ સમાયેલું છે. વળી તમે એકલા જ જનોઈ લો એથી જ્ઞાતિને કંઈ વિશેષ લાભ પહોંચાડી ન શકો. માટે તમારે જો બની શકે તો બીજા પાંચ-સાત સ્નેહીઓને તમારા પક્ષમાં લઈને જ સાથે પ્રાયશ્ચિત કરાવવું હિતાવહ રહેશે.'' મહાત્માશ્રીનો આ રીતનો ઉપદેશ સાંભળીને એ પ્રમાણેના પ્રયત્નો કરવાના નિશ્ચય સાથે પૂ. નારાયણજી બાપા અને શ્રી રામેશ્વર મહારાજ મુંબઈ પાછા આવ્યા.

મુંબઈ પાછા આવ્યા બાદ પૂ. નારાયણજી બાપા પોતાના સંકલ્પ બાબતે પરિચિત સ્નેહીવર્ગ અને જ્ઞાતિના યુવક વર્ગ સમક્ષ પોતાના વિચારો સ્પષ્ટ રીતે વ્યક્ત કરવા લાગ્યા. જ્યાં જ્યાં પ્રસંગ મળે ત્યાં વેદધર્મનો મહિમા અને પીરાણા સતપંથનો જાહેર વિરોધ કરવા લાગ્યા. જ્ઞાતિના વડીલોમાં અને સ્નેહીઓમાં રતનશી કરશન છાભૈયા રાજપરવાળા પૂ. નારાયણજી બાપાના વિચારો સાથે સમ્મત થનારા પહેલા નીડર

ધર્મવીર બન્યા. બીજા સ્નેહીઓમાં રામજીભાઈ જેઠાભાઈ રંગાણી ગઢશીશાવાળા, વિશ્રામ દેવજી નાકરાણી વીરાણીવાળા, કરશન ભાણજી નાકરાણી વીરાણીવાળા, નાયાભાઈ શિવજી પૂ. નારાયણજી બાપાના વિચારો સાંભળીને ક્રમે ક્રમે શુદ્ધિના વૈદિક કાર્યો તરફ આકર્ષાયા તો ખરા પરંતુ તેમણે કરેલી અનુભવી બુદ્ધિથી જણાવ્યું કે, ''અનેક સૈકાઓથી ચાલી રહેલા પીરાણા સતપંથની હિમાલય જેવી અડગ સત્તા આપણાં આવા સાહસમાં બહુ વિઘ્નરૂપ થઈ પડશે.'' વળી તેઓ પૂ. નારાયણજી બાપાને સમજાવી કહેવા લાગ્યા કે, ''ભાઈ, તારું કહેવું તો બિલકુલ સાચું છે. આપણા શિર ઉપર એ ન સહી શકાય એવું કલંક છે. એ પાપી પંથને લઈને જ આપણી જ્ઞાતિની આવી અધોગતિ થઈ રહી છે અને જુલ્મી આગેવાનોની સત્તા નીચે ચગદાઈને આપણા ગરીબ જ્ઞાતિભાઈઓઆજે તો મરણ તુલ્ય દુર્દશા ભોગવી રહ્યા છે. માટે આપણે એ પાપી પંથનો ત્યાગ કરવો જ જોઈએ. પણ એ ખાઈબદેલા દુષ્ટોનું કેવું અતુલ બળ છે તેની કદાચ તને પૂરેપૂરી ખબર નહીં હોય. આપણું આ સાહસિક પગલું તેમના જાણવામાં આવતાં જ એ પાખંડીઓ આપણને પીંખી નાખશે. આપણી સાથે આપણાં સગાં કુટુંબીઓની પણ એથી કેવી બૂરી હાલત થશે તેનો હજી તને પૂરો ખ્યાલ નથી. તેમને છેડવાથી એ પીરાણા પંથીઓ આપણાં મૂળિયા ઉખેડી નાખવામાં પાછું વળીને જુએ તેમ નથી. માટે તું ધીરો અને શાંત થા. આપણે આપણા વડીલોને કચ્છમાં પત્રો લખીને સમજાવીએ, તેમની સંમતિ લઈએ અને પછી ધીમે ધીમે તેમના મન આપણા તરફ વાળીને શુદ્ધિ અને જનોઈ જેવાં સાહસિક પગલાં આપણે ભરીએ તો સારૂં.

તેમની સલાહ દૂરદષ્ટીવાળી અને અનુભવીની હતી પરંતુ પૂ. નારાયણજીબાપા ગમે તે ભોગે અને જોખમે પોતાનો નિશ્ચય અમલમાં મૂકવાની પ્રતિજ્ઞા લઈ ચૂક્યા હતા. તેમને સ્પષ્ટ સમજાવ્યું કે, ''તમો સહમત નહીં થાવ તો પણ પરિણામનો કંઈ પણ વિચાર કર્યા વિના દેહશુદ્ધિ સહિત ઉપવીત સંસ્કાર ગ્રહણ કર્યે જ મારો છૂટકો છે. તમોને અનુકૂળ લાગે તો જ મારી સાથે જોડાવું. નહીં તો ભલે તમારી જાતને સંભાળો તેમાં મને કોઈ દુઃખ નહીં લાગે.

''આપણા ઇતિહાસમાં ધર્મને માટે હજારો સ્ત્રી–પુરૂષોએ જીવન અર્પણ કર્યા છે અને મહાનજ્ઞાની તેમજ સત્તાધીશો અને નરેશો પણ ધર્મની યજ્ઞવેદી ઉપર આનંદપૂર્વક ખપી ગયા છે ત્યારે ધર્મ રક્ષણ માટે મારા જેવા એક સામાન્ય મનુષ્યના તુચ્છ જીવનની તે શું કિંમત? મારે કરવાનું છે તે તો હું કરી રહ્યો છું.''

પૂજ્ય નારાયણજી બાપાનો આવો અડગ નિશ્ચય જોઈને એ ભાઈઓ પ્રેમ અને લાગણીથી પૂજ્ય નારાયણજી બાપા સાથે જોડાયા અને નક્કી કર્યું કે, ''જીવશું તો સાતે

ભાઈ સાથે ને મરશું તો પણ સાતે ભાઈ સાથે જ. જ્ઞાતિ કે ગેઢેરાઓ ગમે તેવો ત્રાસ આપશે તે આપણે સાતે જણા સમઋષિની પેઠે સહી લઈશું. પણ જીવતા સુધી કદી જુદા નહિ જ પડીએ.''

રામેશ્વર મહારાજ પણ સાત ભાઈઓનો આવો નિશ્ચય જોઈને ઘણો સંતોષ પામ્યા અને તેમને સાથે લઈને સાતે જણાઓ સહકુટુંબ દેહશુદ્ધિ તેમજ ઉપવિત સંસ્કાર માટે નાસિક ગયા. ગોદાવરીના પવિત્ર તીરે શ્રી ત્ર્યંબકેશ્વર જેવાં તીર્થક્ષેત્રમાં નાસિકના પ્રસિદ્ધ વેદવિત વિદ્વાન બ્રાહ્મણો દ્વારા વૈદિક વિધિએ દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવેલ. આ પ્રસંગ વિક્રમ સંવત ૧૯૬૪ ના જેઠ સુદ પાંચમને ગુરૂવારે બન્યો. તે વખતે પૂજ્ય નારાયણજી બાપાની ઉંમર ફક્ત પચીસ વર્ષની હતી. દેહશુદ્ધિ કરાવી મુંબઈ આવ્યા બાદ આ સાહસિક પગલાંની તરત જાણ થતાં જ જ્ઞાતિમાં મોટી ચર્ચા અને ઊથલપાથલ ચાલી રહી. આ સમાચારની વિજળી વેગે કચ્છમાં જાણ થઈ. કચ્છના આગેવાનોમાં આ સાંભળીને અંગેઅંગ અગ્નિ જ્વાળા જાગી. કચ્છના જ્ઞાતિભાઈઓમાં ભારે ખળભળાટ મચી ગયો. આ સાહસનું શું પરિણામ આવે છે તે જાણવાને અખિલ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ બહુ જ આતુર બની રહી. આ બાજુ સાતે જણાના કુટુંબનાં સેંકડો સગાં–કુટુંબીઓને ભારી ચિંતા તેમજ ભયના ગાઢ વાદળોએ ઘેરી લીધાં. દેહશુદ્ધિ કરાવેલ સાતે ભાઈઓના કુટુંબના પિતૃ પક્ષ – માતૃ પક્ષ – બંધુ વર્ગ – સ્નેહી વર્ગ, સૌ કોઈને એક સામટે નાતબહાર કરી દેવાના હુકમો નીકળ્યા. કચ્છમાં રહેતા સગાં–સંબંધીઓ વગેરેને કુટિલ ગેઢેરાઓએ તેમને અસહ્ય ત્રાસ આપવામાં અને સતાવવામાં કશું પણ બાકી રાખ્યું નહીં. તેમની સાથેનો માંદે સાજે – મરણ – પરણમાં કોઈ પણ સારે માઠે પ્રસંગે આવવા–જવા વગેરેનો સઘળો સંબંધ વહેવાર તેમણે આખી જ્ઞાતિમાં બંધ કરાવ્યો.

દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવેલ ભાઈઓ ઉપર પોતાનાં સગાંસંબંધી તરફથી જનોઈ ઉતારી સતપંથ પીરાણાને અપનાવવા માટે ભારે દબાણ આવેલ. પરંતુ શુદ્ધિવાળા ભાઈઓ અડગ રહ્યા. એટલે પછી સગાંસંબંધી, કુટુંબીઓ પણ સતપંથ વિરુદ્ધ મક્કમ પણ ધીમી ગતિએ પ્રવૃત્તિ કરવા લાગ્યા. સ્વધર્મવર્ધક અને જ્ઞાતિહિતચિંતક મંડળની સ્થાપના કરેલ. અનેક દિશાઓથી જોરદાર ચળવળ ચલાવી મુંબઈ તેમજ દેશાવરના પ્રદેશોમાં વસતા સર્વ જ્ઞાતિભાઈઓને જાગૃત કરવા માટે તેમજ જાહેર જનતાને પીરાણા સતપંથના પાપ અને જુલ્મથી જાણકરા કરવા માટે, જ્ઞાતિની દુઃખી સ્થિતિને તાદશ્ય બતાવનારા વિવિધ જાહેર લેખો મુંબઈના વર્તમાન પત્રોમાં છપાવીને એ વિષયોના છૂટક હેન્ડ બિલો વહેંચીને તથા એ સંબંધી અનેક નાનાં મોટાં મુદ્દાસર પુસ્તકો છપાવીને પ્રચાર કરવાનું ચાલુ કરી દેવામાં આવેલ. ધીમે ધીમે પ્રચાર વધવા લાગ્યો, ઘણી જગ્યાએ આ

પ્રવૃત્તિને અનુમોદન મળવા લાગ્યું. આ રીતે સતપંથ પીરાણા વિરુદ્ધમાં પ્રચાર ચાલુ થઈ ગયેલ. એ વખતે કચ્છમાં આશરે દોઢસો વર્ષ પહેલાં સતપંથમાંથી છૂટા થઈ સ્વામિનારાયણ સંપ્રદાયમાં ગયેલ અમુક ભાઈઓ જેઓના બસ્સો જેટલા કુટુંબો હતાં. લગ્ન પ્રસંગે દુવા પાડવાને બદલે ચોરીથી લગ્નો કરતા હતા અને મડદાંને દાટવાને બદલે અગ્નિસંસ્કાર કરતાં હતાં. પરંતુ ખાવાપીવાની તેમજ કન્યાની આપ-લે સતપંથના ભાઈઓ જોડે ચાલુ રાખી હતી.

પૂ. નારાયણજી બાપાની ઇચ્છા હતી કે તેઓ સતપંથ પીરાણાના ભાઈઓ જોડે સંબંધ બંધ કરીને દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવીને શુદ્ધિવાળા ભાઈઓ સાથે જોડાઈ જાય તો આ બાજુનું સંઘબળ વધી જાય. એ માટે પૂ. નારાયણજી બાપાએ પોતાના પિતાશ્રી તેમજ અન્ય આગળ પડતા હિમ્મતવાન સંબંધીઓને પત્ર લખી સ્વામિનારાયણ સંપ્રદાયના આપણી જ્ઞાતિના ભાઈઓનો સંપર્ક કરવા જણાવેલ. એ પ્રયત્નો મુજબ કચ્છના એ સંપ્રદાયના આગેવાન ભાઈઓ પટેલ જીવરાજ ખેતસિંહ, પટેલ નારાયણ ધરમશી કચ્છ ઘડાણીવાળા તથા રવાપર નેત્રાના અન્ય આગેવાન ભાઈઓ સાથે મળી એ રીતે નક્કી કર્યું કે એ લોકો (સ્વામિનારાયણ સંપ્રદાયના) દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવીને સતપંથના ભાઈઓ સાથેનો સંબંધ બિલકુલ છોડી દેવો. પરંતુ એ માટે તેમના ધર્મના આચાર્યશ્રી સમક્ષ અમદાવાદ રૂબરૂ મળીને આખરી નિર્ણય લેવો એ મુજબ નક્કી થયા પ્રમાણે પૂ. નારાયણજી બાપા અને અમુક ભાઈઓ મુંબઈથી અમદાવાદ આવેલ અને ઉપર જણાવેલ સ્વામિનારાયણના આગેવાન ભાઈઓ અમદાવાદમાં સ્વામિનારાયણ સંપ્રદાયના કેટલાક સંસ્કારી અને સાક્ષર સાધુઓ, બ્રહ્મચારીઓને રૂબરૂ મળ્યા ને દેહશુદ્ધિ પ્રાયશ્ચિત બાબતે ચર્ચા કરી સઘળા સાધુ સંતોએ આ બાબતમાં સંપૂર્ણ ટેકો આપી, સામેથી સહમતી દર્શાવી પોતાના સેવકોને પીરાણા સતપંથીઓથી હંમેશ માટે સઘળા સંબંધો તોડી નાખવાની સખત તાકીદ કરી. છેવટે થોડા સમય પછી સ્વામિનારાયણ સંપ્રદાયના આચાર્ય મહારાજ શ્રી અમદાવાદથી ખાસ ઉપરોક્ત કાર્ય માટે કચ્છમાં પધાર્યા તેમની સાથે એ સંપ્રદાયના કેટલાક સાધુ સંતો, બ્રહ્મચારીઓ, શાસ્ત્રીઓ, પંડિતો વગેરે વિદ્વાન મંડળ કચ્છમાં પધાર્યા.

વિક્રમ સંવત ૧૯૬૭ ફાગણ વદ પાંચમના શુભ દિવસે કચ્છ ઘડાણી મુકામે એક મોટો યજ્ઞ મહોત્સવ કરાવી, સ્વામિનારાયણ સંપ્રદાયવાળા સર્વે કચ્છી કડવા પાટીદાર ભાઈ-બહેનોએ દેહશુદ્ધિ કરાવી પીરાણા સતપંથ સાથે સંબંધ છોડી દીધો.

આ રીતે સંઘબળ વધતું જોઈ, પૂ. નારાયણજી બાપા તેમજ દેહશુદ્ધિ કરાવેલ ભાઈઓને લાગ્યું કે અમારૂં કામ સહેલું થશે અને જલ્દીથી કચ્છમાં અર્ધદગ્ધ ખીચડિયા

સતપંથને મારી હઠાવી શકીશું. પરંતુ પ્રપંચીઓ હાડોહાડ હઠીલા અને હરામી હતા. 'હું મરૂ પણ તને રાંડ કરૂં' એવા અવળચંદીલી ઊલટી મતિના એ આગેવાનો હવે જાહેરમાં જોર બતાવવાનું છોડી દઈને ઉંદરની પેઠે ઊંઘતાને કાતરી ખાવાના છાનામાના છળ-પ્રપંચો ખેલવા લાગ્યા. સુધારક ભાઈઓને તેમજ તેમનાં સગાં સંબંધીઓને જ્યાં લાગ આવે ત્યાં છેક પાયમાલ કરીને છંછેડાયેલા ઝેરી નાગની પેઠે પોતાના વેરનું ઝેર ઠાલવવા લાગ્યા છતાં પણ સુધારક ભાઈઓએ જરા પણ ડર્યા વગર પોતાનું જ્ઞાતિ સુધારણાનું કાર્ય ચાલુ રાખેલ. આ દરમ્યાન પૂ. નારાયણજી બાપાનો સંપર્ક થવાથી ગુજરાતના કડવા પાટીદાર જ્ઞાતિના કેટલાક સંસ્કારી સુધારક વિચારના આગળ પડતા પ્રતિષ્ઠિત ભાઈઓને પરિચય થયો. એમણે સતપંથ પીરાણા બાબતે માહિતગાર કરેલા અને એ લોકોએ જ્યારે જરૂરત પડી ત્યારે દરેક રીતે આપણને મદદ કરી. પોતાની કીમતી સલાહ અને સહાનિભૂતિ વડે તેમજ આર્થિક રીતે મદદરૂપ થવા લાગ્યા. જેથી સુધારક ભાઈઓનું કાર્ય વિશેષ સરલ અને અનુકૂળ થતું ચાલ્યું.

દેહશુદ્ધિ પ્રાયશ્ચિતકરાવેલ લોકો જ સ્વધર્મવર્ધક મંડળના સભ્યો બની શકતા. હજુ સુધી દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવેલ ભાઈઓ ઘણા ઓછા હતા. જે ભાઈઓને અમારા કાર્ય પ્રત્યે સહાનુભૂતિ હતી પરંતુ દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરવાનું સાહસ ખેડવા તૈયાર ન હતા. એ માટે તેમજ સમાજ સુધારણાનું કાર્ય થઈ શકે એ માટે યુવક મંડળની સ્થાપના કરવાની હિલચાલ શરૂ કરી. યુવક મંડળમાં કોઈ પણ કચ્છ કડવા પાટીદારની વ્યક્તિ સભ્ય બની શકે – પછી એ ગમે તે સંપ્રદાયમાં માનતો હોય, એ રીતની ગોઠવણી કરી, યુવક મંડળનો કાર્યભાર વીરાણીવાળા રતનશી ખેતશી ખેતાણીને સોંપવામાં આવ્યો. આ સમય દરમ્યાન કચ્છમાં ત્રણ-ત્રણ વર્ષથી દુષ્કાળ ચાલુ હતા. કચ્છના કણબી ભાઈઓ કરજમાં ડૂબી ગયેલ હતા. તેમને પોતાને પણ પેટ પૂરતનું અનાજ ભાગ્યે જ મળતું હતું. આવી ભયંકર પરિસ્થિતિમાં પણ પીરાણાથી તે વખતના લક્ષ્મણકાકાને બોલાવી જબરદસ્તીથી દશોંદ વિશોંદની ઉઘરાણી કરીને જે ન આપે તેમને નાત બહાર કરવાની ધમકીઓ આપી, લોકોને ઢોર, જમીન, માલ-મિલકત વેચી, કરજ કરીને, દર-દાગીના વેચીને શિરબંધી અને ભેટના નાણાં ભરવાની ફરજ પાડવામાં આવી. આ બાબતના મુંબઈમાં જોરદાર પડઘા પડ્યા, તાત્કાલિક યુવક મંડળની મીટીંગ બોલાવી, ૨૯ ભાઈઓને કચ્છના જુદા જુદા ભાગોમાં મોકલીને પીરાણાના કાકાનો જોરદાર વિરોધ કર્યો. લક્ષ્મણકાકાને અધવચ્ચેથી કચ્છ છોડી પાછા ફરવાની ફરજ પાડી. મુંબઈ યુવક મંડળની આ કાર્યવાહીના કચ્છમાં અને કરાંચી વગેરે જગ્યાએ જોરદાર પડઘા પડ્યા. ઠેર ઠેરે યુવક મંડળની સ્થાપના થવા લાગી. કરાંચીના ભાઈઓએ પૂજ્ય નારાયણજી બાપાને આગ્રહપૂર્વક કરાંચી આવવા માટે આમંત્રણ મોકલાવેલ. તેથી પૂ. નારાયણજીભાઈ અને

રતનશી ખીમજી કરાંચી જઈને કરાંચીના ભાઈઓને યોગ્ય માર્ગદર્શન આપેલ અને યુવક મંડળના નિયમો અને બંધારણ તૈયાર કરેલ એ વખતે પૂ. નારાયણજી બાપાએ પોતાનો નિખાલસ અભિપ્રાય આપ્યો કે, ''આવી છૂટીછવાઈ પ્રવૃત્તિઓથી આપણે સારૂં કામ કરી શકીશું. પરંતુ આપણી જિંદગીમાં જે મહત્વનો હેતુ છે તે આપણે સિદ્ધ કરી બતાવવાનો છે અને જ્ઞાતિનો ભાવિ માર્ગ ખાસ સ્વચ્છ અને પ્રકાશિત બનાવવાનો છે. તે તો સમગ્ર કચ્છી કડવા પાટીદાર ભાઈઓની 'મહા સભા' બોલાવીને બધા ભાઈઓની સાથે મળી જ્ઞાતિ હિતના અને સ્વધર્મના વિષયો ચર્ચીને સમસ્ત જ્ઞાતિની સંમતિરૂપે મજબૂત ઠરાવો પસાર કર્યા વગર કદી પણ પાર પડે તેમ નથી.'' આ બાબતે બધા ભાઈઓ એક મત થયા અને ચર્ચા વિચારણા બાદ પ્રથમ પરિષદ કરાંચીમાં ભરવાનું નક્કી કરેલ. બીજી ખાસ બાબત પરિષદના પ્રમુખ કોને બનાવવા એ હતી. એ માટે એ વખતે પૂજ્ય નારાયણજી બાપાએ સૂચવ્યું કે, ''કચ્છ માનકૂવાવાળા આપણા પ્રતિષ્ઠિત જ્ઞાતિબંધુ કોન્ટ્રાક્ટર રાજાભાઈ સામજીભાઈ ધોળુ આજની પરિસ્થિતિ જોતાં મહા સભાના પ્રમુખ સ્થાનને માટે ખરેખરા યોગ્ય પુરૂષ છે. તેઓ પૈસે ટકે સુખી છે. જ્ઞાતિ સેવામાં મોખરે આવવા ઉમંગી છે. તેમની પ્રમુખ તરીકેની સેવા મહા સભાના સત્કાર્યમાં આપણે બહુ જ ઉપયોગી થઈ પડશે એવી મારી માન્યતા છે.'' પૂ. નારાયણજી બાપાની સૂચનાને કરાંચીવાસી સર્વ ભાઈઓએ વધાવી લીધી. ઉપર જણાવેલ યોજના પ્રમાણે એક તરફથી દેશ-વિદેશમાં વસતા જ્ઞાતિભાઈઓને આમંત્રણો મોકલવામાં આવ્યાં. સભા સ્થાનની યોજનાઓ ઠાઠમાઠ સાથે ઊભી થઈ. નક્કી કરેલ પરિષદના પ્રમુખને તારથી આમંત્રણ કરી બોલાવી લેવામાં આવ્યા. 'સ્વધર્મવર્ધક અને જ્ઞાતિહિતચિંતક મંડળ' તેમજ દરેક 'યુવક મંડળ' ના સભ્યોને સહકુટુંબ એ મહા સભાના સત્કાર્યમાં ભાગ લેવાને બોલાવવામાં આવ્યા. ઈ.સ. ૧૯૨૦ ના ઓગષ્ટ તા. ૮ થી ૧૧ સુધી ચાર દિવસ સુધી પરિષદનું કાર્ય સંપૂર્ણ સલાહ, શાંતિ અને સદ્‌ભાવપૂર્વક ઠાઠમાઠથી ઊજવાયું.

આશરે બે હજાર ભાઈઓ તેમજ ચારસો જેટલી જ્ઞાતિની બહેનોએ ખાસ હાજરી આપેલી. અનેક છટાદાર વ્યાખ્યાનો થયાં અને જ્ઞાતિ હિતના ઘણા ઉપયોગી ઠરાવો તેમાં જાહેર કરવામાં આવ્યા. સ્વાગત મંડળના પ્રમુખ તેમજ પરિષદના પ્રમુખના સારગ્રાહી ભાષણોમાં પીરાણા સતપંથના પાપનો અને ગેઢેરાઓના જુલ્મનો ભાર દઈને ઉલ્લેખ કરવામાં આવ્યો અને જ્ઞાતિના ઉદયને અવરોધી રહેલી એ બે બાબતોને જડમૂળથી ઊખેડી નાખ્યા વિના જ્ઞાતિ કદી પણ આગળ વધી શકે નહીં એ બન્ને મુખ્ય મહત્વની એ બાબતનો મહા સભામાં ખાસ વિચાર કરવાની બન્ને પ્રમુખ મહાશયોએ જોર દઈને સૂચના તો કરી હતી, પરંતુ જ્ઞાતિના દુર્ભાગ્યે બેઠકને પહેલે દિવસે જ રાત્રે મળેલી વિષય નિર્ણાયક સભામાં દૂરના કચ્છ પ્રદેશમાં જામી રહેલો જુલ્મી આગેવાનોનો મહાન ભય ત્યાં

આડે આવ્યો અને હેતુની સિદ્ધિમાં વિઘ્નરૂપ થઈ પડ્યો. છેવટે બહુમતે એમ નિર્ણય થયો કે આ પરિષદની પહેલી જ બેઠક હોવાથી સલાહ-શાંતિથી તેને રંગેચંગે પાર ઉતારવા માટે એ બન્ને બાબતો સંબંધી ઠરાવોને હાલ તો રજૂ ન કરવાં. તેને બન્ને પ્રમુખોએ પણ મળતા થઈને આખરે બહાલી આપી. એથી લાચારીએ પરિષદ ઉપસ્થિત કરવાની એ બન્ને મહત્વની બાબતોને પડતી જ મૂકવી પડી. જ્ઞાતિ સુધારાના કેટલાક સર્વ સામાન્ય સાદા ઠરાવો માત્ર પસાર કરીને ખુશાલીની તાળીઓ વગાડી, ચાર દિવસ જ્ઞાતિ તેડાંનો આનંદ-ઓચ્છવ ઊજવી કચ્છી કણબી ભાઈઓ છેવટે છૂટા પડીને પોતપોતાના ઘરે ગયા. જાહેર વર્તમાન પત્રોએ તો એ પગલાંની સારી પ્રશંસા કરી અને આવેલ ભાઈઓ પણ મનમાં કંઈક સંતોષ પામ્યા. પરંતુ એ વખતે પૂ. નારાયણજી બાપાએ ઉદ્‌ગાર કાઢેલા કે, ''પાયા વગરની ઇમારત જેવી ઉપરના હાવભાવથી ભજવાયેલી પ્રથમ પરિષદ જગતને ગમે તેવી સુંદર જણાતી હોય છતાં ખરી રીતે મારી માન્યતા પ્રમાણે તો તે છેવટે તકલાદી જ નીવડી હતી. એ પ્રથમ પરિષદનું પરિણામ વિચારીએ અને તેને મારો નિષ્પક્ષપાત અભિપ્રાય આપું તો મારે ખુલ્લા હૃદયથી કબૂલ કરવું જોઈએ કે, આપણે હજી તો મહાન ડુંગર ખોદી ઉંદર મારવા જેટલું જ કામ કર્યું છે.'' દૂર બેઠેલા કચ્છના ગેઢેરા અને અમદાવાદ પાસેના પીરાણા સતપંથનો તે શું ઓછો પ્રભાવ છે? જેમના નામ માત્રથી કરાંચી જેવા દૂર દૂરના પ્રદેશોમાં પણ ગરીબ કણબીઓ ગેઢેરાના જુલ્મ સામે પોકાર ઉઠાવતાં પણ ધ્રૂજી ઊઠે અને સહન કરવા પડતા અસહ્ય જુલમોને માટે શબ્દોચ્ચાર સરખો પણ ન કરી શકે. એ ગેઢેરા અને સતપંથ પીરાણાની જાલીમ સત્તાનો ખ્યાલ આપે છે. પરિષદની ધમાલના સમાચાર કચ્છમાં ફરી વળતાં જ એ આગેવાનો અને ગેઢેરાઓ પહેલાં તો જરા ચમકી ગયા પણ છેવટ સુધી પરિષદ તેમનાથી ધ્રૂજતી જ રહી તેની તેમને જાણ થતાં થોડી જ વારમાં પાછા સાવધ થઈને તેઓ પોતાના શિકારી કિલ્લાનો નવેસરથી પાકો બંદોબસ્ત કરવા લાગ્યા. કરાંચીની મહા સભામાં ભાગ લેનારા એક એક ભાઈ કે બહેનને તેમણે નાત બહાર કર્યા. તેમનાં સગાં-કુટુંબીઓ સાથેનો દરેક પ્રકારનો વ્યવહાર તેમણે જુલ્મી સત્તાથી બંધ કરાવી દીધો. માત્ર એટલેથી ન અટકતાં જ્ઞાતિ સુધારાના કોઈ પણ કામમાં સંમતિ આપનારા કે ઉક્ત પરિષદની ચર્ચામાં ભાગ લેનારા દરેક જ્ઞાતિભાઈને માટે સુધારક વિચારોના હોવાનો જરા પણ તેમને શક ઉત્પન્ન થાય એવું કાંઈ કારણ મળ્યું કે તરત જ ફટ કરતો તેને જ્ઞાતિ બહાર મૂકી દેવામાં આવતો. એવા જે જે ભાઈઓ કચ્છ બહાર વસતા હોય તેમને પણ પોતાની વર્તુણકનો ખુલાસો કરવા માટે તરત કચ્છમાં ગેઢેરાઓને શરણે આવી, આઠ દિવસની અંદર પોતાના મહાન ગુનાઓનો ફેંસલો મેળવી જવાના ફરમાનો નીકળ્યા.

ગેઢેરાઓની આજ્ઞા મુજબ દંડ ભરી અમી અથવા નૂરની ગોળી પ્રાશનથી પ્રાયશ્ચિત

કરીને એ ગુનેગારોએ પોતાના જ્ઞાતિ સુધારાના મહાન ગુનાની માફી મેળવી જવી. આવી રીતે ગેઢેરાઓ હર કોઈ પ્રકારે પોતાના અજ્ઞાન પાટીદાર ભાઈઓને સામાજિક તેમજ ધાર્મિક ગુલામગીરીની બેડીઓમાં હંમેશ માટે જકડી રાખવા માગતા હતા. કેમ કે તેમને જ પ્રતાપે એ પાખંડી ગેઢેરાઓ પોષતા અને પૂજાતા હતા. પશુ પણ સહન ન કરી શકે એવો અસહ્ય ત્રાસ વેઠી વેઠીને અંતરથી ઊકળી રહેલી જ્ઞાતિના દુઃખનું ગૂમડું હવે તો પાકી આવ્યું હતું. એ ગૂમડા પર ઓપરેશન કરી અંદરનો બધો બગાડ થોડી જ મહેનતે નીકળી જશે એવી આશા પૂ. નારાયણ બાપા વગેરે ભાઈઓને હતી. જ્યાં દર્દ જોર પકડી રહ્યું હતું એવી કચ્છભૂમિમાં જ થવું જોઈએ. માટે હવે બીજી પરિષદ કચ્છમાં જ ભરવાની યુવક મંડળના સભ્યો સાથે મળીને યોજના કરવામાં આવી. વિક્રમ સંવત ૧૯૭૭ નું એ વર્ષ જ્ઞાતિમાં બાર વાર્ષિક મોટા લગ્નગાળાનું વર્ષ હતું. લગ્ન પ્રસંગે કચ્છ બહાર રહેતા ઘણા બધા ભાઈઓ આવવાના હતા. એ તકનો લાભ લઈને કચ્છમાં પરિષદ ભરવાનું નક્કી કરવામાં આવેલ તે માટે કરાંચી–સિંધ, હૈદરાબાદ, મુંબઈ, કોલકાતા વગેરે જગ્યાએ પત્રોથી જાણ કરવામાં આવી. દરેક જગ્યાએથી અનુમોદના અને ઉપયોગી મદદ આપવાની તત્પરતાના ઉત્સાહી જવાબો આવી મળ્યા. એટલે કચ્છમાં પરિષદ ભરવાના દિવસો નક્કી કરી મજબૂત પાયે તૈયારીઓ ચલાવી કચ્છ નરેશ મહારાવશ્રી ખેંગારજીને નિવેદન કરી રાજ્ય તેમજ અધિકારીઓની પણ સત્કાર્યમાં સહાનુભૂતિ માંગવામાં આવી. એ નમ્ર પ્રાર્થનાને મહારાવશ્રીએ આનંદ સાથે ઝીલી લીધી. બધી પાકે પાયે તૈયારીઓ કરવાને ઘાટકોપર, કરાંચી વગેરે સ્થળોના યુવક મંડળોએ પોતાના સુયોગ્ય પ્રતિનિધિઓને પરિષદના દિવસોથી ઘણા દિવસો અગાઉથી જ કચ્છમાં મોકલી આપ્યા. આટઅટલી અસાધારણ મહેનત કરવા છતાં રોપવા ધારેલો પરિષદનો મહાન વિજય સ્તંભ જ્ઞાતિના દુર્ભાગ્યે અણધાર્યા સંજોગો વચ્ચે પડતો મૂકવો પડ્યો. કરાચીના મુખ્ય કાર્યક્રતા ઘણા જરૂરી કામોના રોકાણ અને દબાણથી પરિષદના દિવસો નજીક આવી પહોંચ્યા ત્યાં સુધી કચ્છ આવી શક્યા નહીં. અને એ વખતે જ પૂજ્ય નારાયણજી બાપાની પરિષદનીચાલુ કાર્યવાહી દરમ્યાન જ તબિયતે બગડી અને એ જ ટાંકણે પથારી વશ થઈ જવાથી બીજા સહયોગીઓ હિંમત હારી ગયા. બીજી બાજુ ગેઢેરાઓએ સુધારક ભાઈઓના સંબંધો અને લગ્નોમાં પ્રપંચો રચી ખટપટો ઊભી કરી વિવાદો ઊભા કર્યા. પરિષદના મુખ્ય કાર્યકર્તા હતા તેઓ આ નવી દખલને નાબૂદ કરવામાં છેક જ ગૂંચવાઈ ગયા હતા. એવા સંજોગોમાં કચ્છની અંદર પરિષદ ભરવાનો વિચાર છેવટે માંડી વાળવો પડ્યો. પરિષદ માટેની કરેલી બધી તૈયારીઓ અને દોડધામ નિષ્ફળ ગઈ. કચ્છમાં પરિષદ ભરાઈ ન શકી પણ સુધારક ભાઈઓએ તે દરમ્યાનલગ્નો જે વૈદિક સંસ્કારોને બદલે ઉટપટાંગ અર્ધ ઇસ્લામી દુવાઓથી થતાં હતાં, એ બાબતે સુધારક ભાઈઓ કચ્છના ગામોમાં ફરીને સમસ્ત જ્ઞાતિને વૈદિક વિધિથી લગ્ન કરવા માટે

સચોટ સમજાવીને અમુક ગામોને તૈયાર કર્યા. ગમે તે ભોગે અને જોખમે ચાલુ દુષ્ટ રૂઢિનો ભંગ કરીને આગેવાનોની દુષ્ટ સત્તા સામે માથું ઊંચકી વૈદિક વિધિ, ચોરી અને હવન ક્રિયાઓ સહિત પીરાણા સતપંથના મુખીઓને બદલે વિદ્વાન બ્રાહ્મણો મારફતે વીરાણીમાં આશરે ૨૫૦, નખત્રાણામાં આશરે ૧૦૦, કોટડા (જડોદર) માં આશરે ૧૫૦, દેવીસર તેમજ બીજા છૂટાંછવાયાં ગામોમાં બધાં મળીને આશરે પચાસેક લગ્નો વૈદિક વિધિપૂર્વક સનાતન સંસ્કાર મુજબ કરવામાં આવ્યા.

આ લગ્નોમાં વિઘ્નો નાખવાને પાખંડી ગેઢેરાઓએ ખૂબ ધમપછાડા માર્યા પણ ફાવ્યા નહીં ને અંદરોઅંદર આથડી પડ્યા. આ રીતે પરિષદનું કાર્ય ન થઈ શક્યું પરંતુ સુધારાનું આ એક મોટું શુભ કાર્ય થયું. એક શરમ ભરેલી દુષ્ટ રૂઢિને તોડવાનું મહાન કાર્ય કરી સુધારક ભાઈઓ પાછા મુંબઈ, કરાંચી વગેરે પોતાના સ્થળે રવાના થઈ ગયા.

પ્રતિકૂળ સંજોગોમાં પણ થોડા સરખા આ સુધારક ભાઈઓ જે કાર્ય કરી શક્યા એ જાણીને કરાંચીવાસી ભાઈઓની આંખો ઊઘડી અને પહેલી પરિષદ વખતની પોતાની ભૂલ તેઓ હવે બરાબર સમજી શક્યા. તેમને પ્રત્યક્ષ ખાતરી થઈ કે ગેઢેરા અને પીરાણાનો પાખંડી દોર તોડ્યા સિવાય જ્ઞાતિનું ગાડું કદી પણ આગળ વધી શકશે નહીં. કરાંચી જેવા સ્વતંત્ર વાતાવરણમાં જ એ પાખંડીઓનો વિરોધ જો જોરશોરથી જાહેર કરીને સમસ્ત જ્ઞાતિ સમક્ષ એમનાં પાપ વિરૂદ્ધ પ્રબળ પોકાર ઉઠાવ્યો હોય તો જ્ઞાતિની પ્રગતિનો માર્ગ ખુલ્લો થઈ જાય તેમાં જરા પણ શક નહોતો. એ પહેલી પરિષદ વખતે ભયથી એવું સાહસ ન થઈ શક્યું તે મોટી ભૂલ જ હતી. એ ભૂલને સુધારવા માટે કરાંચીવાસી આગેવાનોએ બીજી પરિષદ પણ કરાંચીમાં ભરવાનું નક્કી થયું. કરાંચી, હૈદરાબાદ વગેરે સિંધ પ્રદેશમાં વસતા ઘણા જ્ઞાતિભાઈઓએ એકત્ર થઈને પરિષદની તૈયારી કરવા માંડી.

કચ્છ-મુંબઈ-ઘાટકોપરનાં યુવક મંડળોને આગ્રહ કર્યો, આમંત્રણ પાઠવ્યાં. આ વખતની પરિષદનું કામ બરાબર દીપી ઊઠે તેને માટે મુંબઈના મંડળની સલાહ-મદદ માંગી. સફળતાનો મુખ્ય આધાર પ્રમુખની યોગ્યતા અને ઓજસ્વિતા ઉપર જ રહે છે. યોગ્ય તેમજ પ્રભાવશાળી નીડર પ્રમુખની ખાસ જરૂર હતી. ઘણી ચર્ચા અને ઘણા નામોની સૂચનાઓ થયા પછી નખત્રાણાના વતની અને સિંધ હૈદરાબાદમાં લાંબા સમયથી મોટા પાયે કોન્ટ્રાક્ટરનું કામ કરીજ્ઞાતિમાં પોતાની પ્રતિષ્ઠા જમાવનારા જ્ઞાતિસેવાના ઉત્સાહી વીરબંધુ શ્રીયુત માવજીભાઈ પૂંજાભાઈ જબુવાણીને પસંદ કરવામાં આવ્યા.

તા. ૭ થી ૯ ઓક્ટોબર ૧૯૨૨ ના ત્રણ દિવસો પરિષદના બીજા અધિવેશનનું કાર્ય ઘણા જ ઉત્સાહ, પ્રેમ અને સદ્‌ભાવપૂર્વક ઊજવવામાં આવ્યું હતું. મહા સભામાં

કાર્યકુશળ પ્રમુખ અને સ્વાગત પ્રમુખે પોતાની સિંહગર્જનાથી સભા મંડપને ગજાવી મૂક્યો. પીરાણા સતપંથનું કલંક ધોઈ નાખવા અને ગેઢેરાઓની ગુલામીમાંથી મુક્ત થવા માટે ગગનભેદી ઘોષથી જ્ઞાતિભાઈઓને સખત શબ્દોમાં ભલામણો કરી આ બાબતના મજબૂત ઠરાવો આ મહા સભામાં મૂકવાની ખાસ ભાર દઈને અગત્યતા દર્શાવી. વીરતાભર્યા એ ભાષણો પરિપૂર્ણ થયા પછી તરત જ મળેલી સબ્જેક્ટ કમીટીએ ઘણા બધા ઉપયોગી વિષયોની સુયોગ્ય પસંદગી કરી અને તે તે વિષયના જાણકાર લાયક ભાઈઓને એ ઠરાવો મૂકવાની યોજના પણ યોજના ત્યાં જ કરવામાં આવી. આ ત્રણ દિવસોમાં ઉપરના બે મહત્વના ઠરાવો ઉપરાંત જ્ઞાતિ હિતના બીજા પણ ખાસ ઉપયોગી ઠરાવો મૂકવામાં આવ્યા હતા. તેમના ઉપર જોરદાર મુદ્દાસર ભાષણો થયાં હતાં ને એ ઠરાવોને માત્ર કાગળો ઉપર જ ન રહેવા દેતાં તેમને વ્યવહારુ સ્વરૂપ આપવા માટે સર્વ જ્ઞાતિભાઈઓને આગ્રહભરી સૂચનાઓ કરવામાં આવી હતી. કચ્છના ગેઢેરાઓએ દુષ્ટતાભરી દમન નિતિ ચાલુ રાખીને જે કાળા કર્મો, કાવત્રાં અને દાવપેચો ખેલવાની શરમ ભરેલી પદ્ધતિ ચાલુ રાખી હતી. તેમના બધાનાં નામ, સરનામા અને પ્રમાણો સાથે તીવ્ર વિરોધ કરનારાં ભાષણો આપી સભાજનોનાં હ્રદયને વક્તાઓએ પિગળાવી દીધાં હતાં. એ પ્રસંગે કેટલાક પાપી ગેઢેરાઓના અમાનુષી રાક્ષસી કૃત્યોનો કમકમાટી ઉપજાવે તેવો ઇતિહાસ મુંબઈ યુવક મંડળના તે વખતના મંત્રી શ્રી રતનશી ખીમજી ખેતાણીએ જે ધગશથી ત્યાં રજૂ કર્યો હતો. તે સાંભળીને સભાજનોનાં હ્રદય ખળભળી ઊઠ્યાં હતાં અને શરમ-શરમના પોકારોથી સભામંડપ ગાજી ઊઠ્યો હતો.

તદ્ઉપરાંત શિક્ષણ અને સંસ્કારનો અભાવ, બાળ લગ્ન, કારજ અને ન્યાતવરા જેવા જે જે દુષ્ટ રિવાજોથી જ્ઞાતિ અંધારાગારમાં ઘસડાઈ જતી હતી તેમાંથી જ્ઞાતિને તારવા માટે ધર્મ, વિદ્યા બાબતે વ્યવસ્થિત નિયમોનો સત્વરે પ્રચાર થાય એવા ઉપયોગી ઠરાવો પસાર કરીને કુળદેવી ઉમિયા માતાજીની જય બોલાવી આનંદના અવાજો વચ્ચે બીજી પરિષદનું કાર્ય પરિપૂર્ણ થયું હતું.

બીજી પરિષદ પૂરી થયા બાદ પૂજ્ય નારાયણજી બાપાએ પોતાના શબ્દોમાં સંતોષ વ્યક્ત કરેલ કે, ''પરિષદનું પવિત્ર નામ તથા કામને શોભે એવી વીરતાભરી વ્યવહારિક કાર્યવાહી અમલમાં મૂકી લાંબા વખતથી મારા હ્રદયમાં ઘૂઘવાતા લાગણીના પ્રજ્વલિત અગ્નીમાં શાંતિમય આહુતિ આપી, પરિષદદેવીએ એ દિવસે મારા હ્રદયને પહેલવહેલું ઠાર્યું, શાંત કર્યું.

બીજી પરિષદનું કાર્ય પતાવીને મુંબઈ આવ્યા બાદ પૂજ્ય નારાયણજી બાપાને થોડા દિવસો બાદ કચ્છ દયાપુરના બે જ્ઞાતિભાઈઓ મળેલ જેઓ અગાઉ ચુસ્ત પીરાણા સતપંથી હતા તે કરાંચીની બીજી પરિષદ ભરાઈ તે અગાઉ આશરે ચારેક મહિના પહેલાં

મળ્યા હતા. તે વખતે પૂજ્ય નારાયણજી બાપા સાથે ખાસ ધર્મચર્ચા અને શંકા સમાધાન કરેલ તેમાંના એક તો દયાપુરમાં મુખી તરીકે ઓળખાતા હતા અને કેટલીક વખત મુખીનું કાર્ય પણ કરતા હતા. આવા માણસ કેટલા બધા ચુસ્ત સતપંથના હિમાયતી હોય એ કલ્પી શકાય. એ બન્ને ભાઈઓને પૂ. નારાયણજી બાપાએ પીરાણા સતપંથની પોલ તેમજ ધર્મના સત્યો સમજાવી સતપંથ પ્રવર્તકોનાં હડહડતાં પ્રપંચો અને ઠગાઈની બાજી તેમના હૃદયમાં ઉતારી તેઓ ભોળી અંધશ્રદ્ધામાં કપટજાળમાં ફસાઈ ગયા હતા. તેનો પૂરેપૂરો ખ્યાલ આપી તેમની આંખો ઉઘાડી. એ બન્ને ભાઈઓમાં પૂ. નારાયણજીબાપાના શબ્દોની એટલી બધી ઊંડી અસર થઈ કે બીજી પરિષદમાં પોતે હાજર રહ્યા. સાથે સાથે દયાપરના બીજા ભાઈઓને પરિષદમાં લઈ આવ્યા હતા.

આવેલ બે ભાઈઓએ પૂજ્ય નારાયણજી બાપાને જણાવેલ કે અમોએ બીજા ચાર-પાંચ ભાઈઓને બોલાવેલા છે. દયાપરમાં સતપંથનો ત્યાગ કરાવી શુદ્ધ સનાતન ધર્મનો સ્વીકાર કરવાની તીવ્ર હિલચાલ શરૂ કરી દીધી છે. માટે તમો એ ભાઈઓ અત્રે આવે ત્યારે તેમના મનનું સમાધાન કરાવએલ. તેઓએ પૂ. નારાયણજી બાપાને જણાવેલું કે દયાપરના આશરે સાડા ત્રણસો માણસો અમારી સાથે છે અને બધા દેહશુદ્ધિ પ્રાયશ્ચિત લઈને તમારો પક્ષ સ્વીકારવાને તૈયાર છે. તો આ માટે આપ દયાપર આવો. તે બાદ તરત પૂ. નારાયણજી બાપા કચ્છ ગયા. તે વખતે પરિષદની કચ્છમાં કેવી અસર થઈ છે તે જાણવાનો પણ ખાસ રસ હતો. કચ્છમાં બધી જગ્યાએ એ વખતે બીજી પરિષદ બાબતેની જોરદાર ચર્ચાઓ થતી હતી.

દયાપરના ભાઈઓ સાથે નક્કી થયા મુજબ પૂ. નારાયણજી બાપા તેમજ યુવક મંડળના બીજા ભાઈઓ દયાપર ગયા. દયાપરના ભાઈઓએ તે સર્વનો ઘણા પ્રેમથી સત્કાર કર્યો. ત્યાં હાજર ભાઈઓને સતપંથ પીરાણાને લીધે આપણી કેટલી અધોગતિ થઈ છે તે બાબતે અને સાચા વૈદિક ધર્મ બાબતે વિસ્તારથી સમજાવેલ અને દેહશુદ્ધિ પ્રાયશ્ચિત બાબતે પણ જણાવેલ કે સગા કુટુંબીઓની સંબંધ તમારે છોડવો પડશે, અન્યાયી આગેવાનોનો જુલ્મ તમારે સહન કરવો પડશે. જ્ઞાતિ બહાર થવાથી વ્યવહારમાં પણ ડગલે-પગલે તમે અનેક આપત્તિઓથી ઘેરાઈ જશો. એ બધું શાંતિથી સહન કરવાનું જો તમારામાં ધૈર્ય અને બળ હોય તો જ આ સાહસ કરજો. મારી સલાહ માનો તો હજી પણ તમે થોડા વધારે દિવસ શાંતિથી પૂર્ણ વિચાર કરીને પછી આ પગલું ભરો તો સારૂં રહેશે. પરંતુ એ લોકો પૂજ્ય નારાયણજી બાપાની આવી ટાઢી-ટાઢી સલાહ સૂચનાથી સંતોષ ન પામતાં તેમણે સ્પષ્ટ જણાવેલું કે, ‘‘અમે એ બધો વિચાર ક્યારનોય કરીને બેઠા છીએ. તમે જે દુ:ખો ભોગવ્યાં છે અને હજી ભોગવો છે એ બધું અમે જાણીએ છીએ. સાચું સમજ્યા પછી હજી પણ એ પાપને વળગી રહેવા કરતાં દુ:ખો

સહી લેવામાં સારૂં છે. અમો તો આજથી ચાર દિવસ પછી, એટલે કે તમોએ જે દિવસે જેઠ સુદ પાંચમને દિવસે પ્રાયશ્ચિત કરાવી પાવન થયા હતા એ જ પવિત્ર દિવસે પ્રાયશ્ચિત કરાવવું છે એટલે ચાર દિવસ બાદ નક્કી કરેલ છે. નહીંતર તો એક ઘડી પણ હવે ઢીલ કરવાનું ગમતું નથી. અમો અમારા માવિત્રો, કુટુંબીઓ, સગાં સંબંધીઓ સહુને છેલ્લી વારના મળી ભેટી આવ્યા છીએ. આવી દઢતા જોઈને પૂજ્ય નારાયણજી બાપાનું હૃદય દ્રવી ઊઠ્યું.

વિક્રમ સંવત૧૯૭૯ ના જેઠ સુદ પાંચમના દિવસે અસાધારણ સમારોહ થયો. સ્વામિનારાયણ સંપ્રદાયવાળા ભાઈઓ પણ સાથે જોડાયા. વિદ્વાન પંડિતો, બ્રાહ્મણો શુદ્ધિના આ કાર્યમાં જોડાયા. લખપત બંદરથી વહીવટદાર સાહેબ, ફોજદાર વગેરે પોતાના સ્ટાફ સાથે સુલેહ શાંતિ જાળવવાના હેતુથી પધારેલા. માતાના મઢથી સનાતન ધર્મગ્રહી શશ. જટાશંકર કાલદાસભાઈ પોતાના સુપુત્ર સાથે પધારેલા. ગામના તેમજ અજુબાજુનાં ગામોમાંથી ઈતર હિન્દુ જાતિના કેટલાક ગૃહસ્થ પણ ખાસ આમંત્રણથી પધારેલ હોવાથી દેખાવ બહુ જ અલૌકિક બની રહ્યો હતો.

પીરાણા સતપંથના આગેવાનોને આ કાર્યમાં વિઘ્નો ઊભાં કરવા માટે તનતોડ પરાક્રમો કર્યાં હતાં. આસપાસ આઠ ગામોના જ્ઞાતિ ભાઈઓમાં અંદરો-અંદર ફૂટ પડાવીને બધાને નોતરીને હજારોને ખર્ચે મિષ્ઠાન્ન ભોજન આપી કાર્યક્રમમાં જબ્બર ઉશ્કેરણી કરવાની બહુ જ કોશિશ કરી પરંતુ ઉદાર અધિકારી વર્ગની વિશાળ હાજરી તેમજ મજબૂત દેખરેખ આગળ એમનું કશું ચાલ્યું નહીં. દયાપરનાં એકસો એકસઠ ભાઈ-બહેનોએ દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવીને સતપંથ પીરાણાને સદાને માટે છોડી સનાતન વૈદિક ધર્મનો અંગીકાર કર્યો અને સંપૂર્ણ કાર્યક્રમ અપૂર્વ આનંદપૂર્વક પૂર્ણ થયો. દયાપરમાં થયેલ દેહશુદ્ધિ પ્રાયશ્ચિતના પડઘા મુંબઈ, કરાંચી અને દેશાવરના પ્રદેશોમાં પડ્યા.

વિક્રમ સંવત ૧૯૭૯ ના અષાઢ સુદ ૧ ના દિવસે મુંબઈ યુવક મંડળની મીટીંગ મળેલ તેમાં દયાપરના શુદ્ધિ પ્રકરણની રસભરી ચર્ચા ચાલી. અજ્ઞાન અને પરતંત્ર દશા ભોગવતા કચ્છના ભાઈઓ શુભ સાહસમાં ઝંપલાવે ત્યારે સ્વતંત્ર વાતાવરણમાં રહેતા અને સુધારક વિચારના ભાઈઓ હજી વિચાર કરતા હતા એ એમને શરમ ભરેલું લાગ્યું. એ શુભ દિવસે અમદાવાદથી પધારેલા જ્ઞાતિ બંધુ ભાઈ મગનલાલ ગોવિંદલાલ એન્જિનીયર તથા લાગણીવાળા ભાઈઓના પ્રોત્સાહનથી પ્રેરાઈને દેહશુદ્ધિ સંસ્કારનો નિશ્ચય કર્યો. બીજે જ દિવસે મુંબઈ ઘાટકોપરના બસ્સો ભાઈઓના વિશાળ સમુદાયે દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવેલ.

આ બાજુ કચ્છમાં પણ દયાપરના દેહશુદ્ધિ કરાવેલ સુધારક ભાઈઓના પ્રયત્નોથી

આજુબાજુનાં ગામોમાં સારો પ્રચાર થયો તેના ભાગ રૂપે પાનેલી–રવાપરમાં દેહશુદ્ધિ કાર્યક્રમ થયા. પાનેલીના ભાઈઓએ દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરવાનું નક્કી કરેલ ત્યારે મુંબઈ, કરાંચીથી આવેલ સુધારક ભાઈઓ પાછા ચાલ્યા ગયા હતા. પ્રબળ પટેલો, જુલ્મી ગેઢેરાઓના જુલ્મ સામે તેમને એકલે હાથે જ ઝઝૂમવાનું હતું. હરેડ સતપંથીના જીવલેણ સપાટાઓ ઝીલવાના હતા. પાનેલીના સોળ કુટુંબોનાં એકસઠ ભાઈ–બહેનોએ પીરાણા સતપંથનો પરિત્યાગ કરી દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવેલ. પાનેલીના ખેતા મુખીના ખાનામાં જ આ બનાવથી મહાન જ્વાલામુખી ફાટી નીકળ્યો. પાનેલી ગામના એવા રામજી રાજાભાઈના લગ્ન ખેતા મુખીની દિકરી કંકુબેન જોડે થયેલા. રામજીભાઈ સાથે કંકુબહેને દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવેલ જેથી ખેતા મુખીને ગામ લોકોએ ચડાવેલ કે મુખીની જ છોકરી જો સુધારાવાળાઓ સાથે મળી જઈને વંઠી જાય એ કેમ ચાલી શકે? ખેતા મુખીને વધારે જુસ્સાદાર ધર્મઝનૂની નશો ચડી આવ્યો. તેણે અને તેના કુટુંબે એકત્ર થઈ કંકુબાઈને દરેક રીતે સતાવી ડરાવી ઘણો જ ત્રાસ આપ્યો. પરંતુ કંકુબાઈએ જરા પણ મચક ન આપી. પિયરિયાંના ટોળાંને દમ ભિડાવી છક કરી નાખ્યાં. પોતાનાં માત-પિતાને સ્પષ્ટ કહી દીધું કે મારા શરીરના કદાચ ટુકડે–ટુકડા કરી નાખશો તો પણ હું તમારા પંથની પાપી છાયામાં ઊભી રહેવાની નથી. મારા ઉપર વધારે જુલ્મ ગુજારશો તો નક્કી સમજી જજો કે તમો જેલમાં જશો. પિયરપક્ષે લાચાર બની નિરુપાયે કંકુબહેનને જતી કરી. અને છેવટે ખેતા મુખીએ પોતાની દિકરી–જમાઈને મરેલા જણાવી તેમના રૂબરૂમાં જ તેમના નામનું સ્નાન કરી નાંખ્યું. પોતાના તરફથી કંકુબહેનને આપેલ દાગીના ઉતરાવી લીધેલા. દરદાગીના તેમજ માવતરે આપેલ કપડાંલત્તાં જે પહેરેલ હતાં તે પણ ઉતારીને કંકુબાઈએ વહેતા આંસુ સાથે ફેંકી દીધાં. કણબી કન્યાની આ વીરતાની વાતો કચ્છ બહાર બધે પહોંચી વળ્યા ત્યારે જ્ઞાતિમાં અસાધારણ ઉત્સાહ ફેલાઈ રહ્યો. ઘાટકોપર તેમજ માટુંગા ખાતે ઘણા ભાઈઓએ આળસ અને પ્રમાદને તિલાંજલી આપી બનતી ઉતાવળે સારા વિદ્વાન પંડિતોને બોલાવી દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવી વૈદિક ધર્મનો સ્વીકાર કર્યો.

આ રીતે છૂટક છૂટક દેહશુદ્ધિના કાર્યક્રમો થતા રહ્યા. આ સુધારાના કાર્યને વધારે વેગ આપવા માટે ત્રીજી પરિષદ બોલાવવી જરૂરી હતું અને આ વખત મોટા પાયે અને વ્યવસ્થિત રીતે પરિષદનું કામ થવું જોઈએ એવું સર્વે મુંબઈના ભાઈઓને લાગ્યું ને આ માટે મુંબઈનું સ્થળ બધી રીતે યોગ્ય લાગવાથી અને આથી અગાઉની બન્ને પરિષદ કરાચી ખાતે બોલાવેલ હતી જ એટલે આ વખતની પરિષદની મહા સભા મુંબઈ ખાતે બોલાવવાનું નક્કી કરવામાં આવેલ અને પૂજ્ય નારાયણજી બાપાને થયું હતું કે અગાઉની પરિષદોમાં ભાષણો અને વાતો થઈ હતી, સુંદર વ્યાખ્યાનો તેમજ ઠરાવો ઘડ્યા હતા. પરંતુ આંખો અને હૃદયને ઠારે એવાં ખાસ કામ થયાં નથી. મંડળોના કાર્યકર્તા તેમજ

સભાસદોમાંના ઘણાખરા શુદ્ધિથી પાવન થયા નહોતા ત્યારે પરિષદમાં ભાગ લેનારાની વાત જ શું કરવી? પરંતુ હવે જો મુંબઈમાં પરિષદ ભરાય તો દેશના અજ્ઞાન ભાઈઓ જો શુદ્ધિ કરાવી જતા હોય ત્યારે મંડળના ભાઈઓ તેમજ પરિષદમાં મોટા ભાઈ બની ભાગ લેનારાઓને શરમના માર્યા પણ દેહશુદ્ધિ સંસ્કાર સ્વીકારી અમારા પક્ષમાં આવ્યા વગર છૂટકો નથી. હવે માત્ર વાતો, શબ્દો કે ઠરાવોના ઉપર જ મદાર નહીં બાંધતાં, પ્રત્યક્ષ કાર્યો બતાવવાની જરૂરત હતી. હેતુ પૂરેપૂરો સચવાય એવા નિયમો, ધારા ધોરણો અને પરિષદનું નિશ્ચિત બંધારણ નક્કી કર્યું. અને ખાસ એ બાબત ઉમેરી કે પરિષદમાં પ્રતિનિધિ તરીકે ભાગ લેવાનો કે ભરસભામાં પોતાના વિચારો દર્શાવવાનો હક્ક તો એવા સભાસદોને રહેશે કે જેઓએ પીરાણા સતપંથનો ત્યાગ કરનારા પ્રતિજ્ઞાપત્રક ઉપર સહી કરીને કબૂલાત આપી હોય. આ પ્રમાણેની પ્રગતિ અને સુધારાના મક્કમ પગલાં ભરવાના નિશ્ચય સહિત ત્રીજી પરિષદની ધામધૂમથી તૈયારીઓ કરવા માંડી, આમંત્રણ પત્રો નીકળ્યાં. પરિષદના ઉદ્દેશ્ય, નિયમો, બંધારણ તેમજ પ્રતિજ્ઞા પત્રકની નકલો સાથે કચ્છ, કરાચી, કાઠિયાવાડ, ગુજરાત વગેરે તમામ પ્રદેશોમાં વસતા જ્ઞાતિભાઈઓને મોકલવામાં આવ્યા. પરિષદનું કાર્ય પૂર્ણતાએ પહોંચાડવામાં હવે ખાસ તો પ્રમુખની પસંદગી કરવાની હતી. ઘણા પ્રયાસે ગુજરાતી કડવા ભાઈઓના સંબંધને અતિ નિકટનો અને ગાઢ બનાવવા માટે આ વખતે તો ખાસ કેળવાયેલ ગુજરાતી કડવા પાટીદારમાંથી સુયોગ્ય વ્યક્તિની પસંદગી કરવાની ખાસ અગત્યતા જણાઈ. બહુ મનોમંથન બાદ જ્ઞાતિ હિત ચિંતક એવા ભાઈશ્રી ચંદુલાલ મણિલાલ દેસાઈને પ્રમુખ નીમવા માટે નક્કી કર્યું. તેઓ ગુજરાતના કડવા પાટીદારોમાં આગેવાનીભર્યો ભાગ લેતા હતા અને કચ્છ કડવા પાટીદારોના સુધારાના કાર્યમાં અને સતપંથ પીરાણાથી કચ્છની કડવા પાટીદાર જ્ઞાતિ જલ્દીથી મુક્ત થાય એ માટે તન-મન-ધનથી ભરપૂર પ્રયત્નો કરતા હતા અને વધારામાં તેઓએ સાહિત્યના ઊંડા અભ્યાસી હતા.

ઘાટકોપર ખાતે શેઠ વેલજીભાઈ શીવજીભાઈની સુંદર વાડીની વિશાળ ખુલ્લી જગ્યામાં શુદ્ધ ખાદી અને સ્વદેશી કંતાનના ઊભા કરેલ ભવ્ય સભામંડપમાં તા. ૧૪-૪-૧૯૨૪ થી ચાર દિવસ સુધી ત્રીજી પરિષદ ભરાયેલ તેમાં ઈતર હિન્દુ જ્ઞાતિના પણ બ્રાહ્મણ, ભાટિયા, લોહાણા, વાણિયા, સુતાર, લુહાર વગેરે જ્ઞાતિના પ્રતિષ્ઠિત ગૃહસ્થો મુંબઈના પ્રખ્યાત વિદ્વાન પંડિતો, સાક્ષરો અને રિપોર્ટર્સની પણ મોટી સંખ્યા પરિષદનું કાર્ય જોવાને ઉત્સાહથી ત્યાં એકત્ર થયેલા હતા. પરિષદના બાબતે પૂ. નારાયણજી બાપાના શબ્દોમાં :

‘‘સ્વાગત મંડળના પ્રમુખશ્રી ભાઈશ્રી વિશ્રામભાઈ દેવજીભાઈ વીરાણીવાળાનું સારગર્ભિત વ્યાખ્યાન ચાલ્યું. એ ભાઈએ મારા હૃદયની ઉગ્ર ઇચ્છાઓને માન આપીને પોતાના વ્યાખ્યાનમાં પીરાણા સતપંથના પ્રબળ પાપી સંસર્ગનું કાળું કલંક ધોઈ

નાખવાનો અને અધર્મી આગેવાનોના અન્ય અંકુશની ધૂંસરીમાંથી સત્વરે છૂટા થવાનો ભાર મૂકીને આગ્રહ કર્યો હતો. એ સિવાય જ્ઞાતિમાં ચાલતી દુષ્ટ રૂઢિઓના જાલીમ દોરને નાબૂદ કરી પ્રગતિના પંથે જ્ઞાતિરથ આગળ વધે એવા સરલ અને વ્યવહારિક માર્ગો સમજાવ્યા. ત્યાર બાદ જ્ઞાતિપ્રેમી, સાહિત્યપ્રેમી પરિષદના પ્રમુખશ્રી શેઠ ચંદુલાલ મણિલાલ દેસાઈનું પ્રૌઢ વિચારો અને લાગણીના ઊછળતા પૂરથી ઊભરાતું મનનીય વ્યાખ્યાન ચાલ્યું. બન્ને પ્રમુખોના ભાષણો જ્ઞાતિજનોના અપૂર્વ આનંદ વચ્ચે પરિસમાપ્ત થયા પછી સબ્જેક્ટ કમીટી મળી. પરિષદના નિયમો, ઉદ્દેશો અને બંધારણ તથા ધારાધોરણો નક્કી થયા પછી આવશ્યક ઠરાવો ચર્ચાયા. મેં સૂચના કરી કે – આપણો પરિષદ બોલાવવાનો મૂળ હેતુ પીરાણા સતપંથનો નિષેધ અને આગેવાન ગઢેરાઓના અધર્મ તેમજ જુલ્મોનો તીવ્ર વિરોધ કરવાનો છે. એ મહાપાપો અને ત્રાસદાયક સ્વચ્છંદી સત્તાઓનો દોર આપણે જડમૂળથી નાબૂદ ન કરી શકીએ તો આ હજારો ભાઈઓનો પ્રયાસ તેમના અમૂલ્ય સમય, પૈસા અને બુદ્ધિનો આપણે અપવ્યય જ કર્યો કહેવાય, એ પાપો અને જુલ્મોથી આપણે ડરતા રહીએ ત્યાં સુધી જ્ઞાતિનું કંઈ પણ શાશ્વત કલ્યાણ આવી સેંકડો પરિષદો ભરવાથી થવાનું નથી. માટે સતપંથ અને આગેવાનોના અધર્મ, અન્યાય વિરૂદ્ધના ઠરાવો શરૂઆતમાં જ મૂકાવા જોઈએ. તેમજ પ્રતિજ્ઞા પત્રક પર સહી કરનારને આ પરિષદમાં બોલવાનો અધિકાર રહેવો જોઈએ. જેથી સમય ફોકટ ન જાય. આ પરિષદનો હેતુ સર્વથા સફળ થાય, એ વિચાર સર્વાનુમતે નિશ્ચિત થયો. ત્યાર પછી વિષયવાર ઠરાવોની યોજના કરી સબ્જેક્ટ કમીટી મોડી રાત્રે વિખેરાઈ. પાછળથી મારા જાણવામાં આવ્યું કે અમુક આગેવાન ભાઈઓએ એક બંગલામાં ભેગા થઈને એવું નક્કી કરેલ છે કે – ''એ બન્ને ઠરાવ સામે ગમે તેટલું જોર પકડે પણ આપણે દેહશુદ્ધિમાં જોડાવું નહીં'' એવું નક્કી કરેલ. છેલ્લા બે દિવસમાં રસાકસીનો ખરો પ્રસંગ આવી ચડ્યો. પ્રસિદ્ધ વક્તાઓની વીરહાક વાગતી રહી. આ વખતની બેઠકમાં માત્ર શબ્દો વડે નહીં પણ પ્રત્યક્ષ કાર્યો વડે જ જવાબ આપે એવી મારી ઊંડી અભિલાષા અને મનોરથ હતા. બીજા દિવસની બેઠકમાં કરેલી યોજના મુજબ સતપંથ પીરાણા નિષેધ વિષે ઠરાવ વિદ્વાન વક્તાએ પોતાની આગવી વાણીમાં રજુ કર્યો. બીજા વક્તાઓએ આ ઠરાવના અનુમોદનમાં અને યુક્તિ–પ્રયુક્તિથી જોરદાર ટેકો આપ્યો. આખો દિવસ એ જ વિષય ખૂબ ચર્ચાયો. છતાં પણ પરિણામ મારા ધાર્યા મુજબનું ન આવ્યું. જ્ઞાતિજનો ભાષણો રસથી સાંભળી રહ્યા હતાં પણ તેના કાર્યથી જવાબ આપવાને કોઈ તૈયાર ન હતો. હું હતાશ થયો. એક પણ પ્રતિજ્ઞા લેનાર વીરનરની વીરહાક ન સંભળાઈ. આ રીતે બીજો દિવસ તો ભાષણોમાં જ પસાર થયો. રાત્રે મારા અંગત મિત્રોએ પણ મને આશ્વાસન આપ્યું. હજુ ત્રીજો દિવસ બાકી છે. ત્યાં સુધી આશા રહેલી છે. મેં પણ પ્રભુની ઇચ્છાને માન આપીને મનને વાળ્યું. ત્રીજા દિવસે અન્યાયી આગેવાનોના જુલ્મનો વિરોધ

દર્શાવનારો ઠરાવ રજૂ થયો. તેના ઉપર જોરદાર વ્યાખ્યાનો થયાં. તે સર્વાનુમતે પસાર થયો. પરંતુ હજુ પણ પ્રતિજ્ઞા લેવા માટે કોઈ આગળ આવ્યું નહોતું. જ્યાં સુધી પ્રતિજ્ઞાઓ ન લેવાય ત્યાં સુધી આ પરિષદનો મારી દૃષ્ટિએ કોઈ મતલબ નહોતો. પીરાણા સતપંથના નિષેધના ઠરાવ અને આગેવાનોના જુલ્મ નિષેધના ઠરાવ બાદ મૃત્યુભોજન નિષેધ, સ્ત્રી કેળવણી, ત્યાર બાદ બાળ લગ્નના હાનિકારક રિવાજ ઉપરના ઠરાવો થયાં. તે બાબતનાં છટાદાર વ્યાખ્યાનો થયાં. બાળ લગ્નના હાનિકારક રિવાજ ઉપર ડૉ. ખેડકરના ગ્રેજ્યુએટ પત્ની ગંગાબહેન ખેડકર પોતાનું રસમય વિવેચન કરી રહ્યા બાદ મારા સ્નેહી મિત્ર લોહાણા ગૃહસ્થ ભાઈશ્રી વસંતે (વસનજી દયાળજી ગણાત્રા) પોતાના હૃદયવેધક માર્મિક વ્યાખ્યાનોમાં વૈદિક લગ્નનું બંધારણ, તેના પવિત્ર નિયમો સમજાવી, પીરાણા સતપંથમાં વટલેલા મુમનાની દશા ભોગવનારા ધર્મ કર્મથી ભ્રષ્ટ થયેલાં ભાઈઓ આગળ શુદ્ધ લગ્ન કે વિવાહ વિષે શું બોલવું? તેમણે એવી સુંદર રસિક અને જોરદાર ભાષામાં રજૂ કર્યો. લગ્નોની પવિત્રતા જાળવવા માટે પીરાણા સતપંથનો બન્ને લોક બગાડનારો પંથ દૂર કરવાની દાખલા – દલીલો – દૃષ્ટાંતો સહિત દલીલો રજૂ કરનારી, તેમની શબ્દો-શબ્દો હૃદયમાં જ્વાલા જગાડનારી વીરવાણી સભાજનોના ચેતનને એવા વિશુદ્ધ વાતાવરણમાં ખેંચી ગઈ કે જ્ઞાતિજનો ભાવભર્યાં હૃદય સાથે આખરે ઊથલી પડ્યાં. એ જ વખતે ચાલતા ભાષણની વચ્ચે ભાઈ વાલજી વસ્તા વિથોણવાળાએ આંસુભીની આંખે સભામંડપમાં તરત ઊભા થઈને પાઘડી ઉતારી પ્રતિજ્ઞા કરી કે ''દેહશુદ્ધિ પ્રાયશ્ચિત લઈ મારી જાતને પાવન કરી, વેદધર્મનો અંગીકાર કર્યા પછી જ હું મારે માથે આ પાઘડી પહેરીશ.'' એ શુદ્ધ હૃદયની મર્મભેદી પ્રતિજ્ઞાના સાદા પવિત્ર શબ્દોએ જ્ઞાતિભાઈઓમાં અનેરો ઉત્સાહ ઊભો કર્યો. પ્રિય ભાઈશ્રી વસંત અને પૂજ્ય પંડિત કર્તાતિકે એ જ વખતે પ્રતિજ્ઞા કરી જણાવ્યું કે, ''એ પાપી પંથ છોડતાં તમને જો મુશ્કેલીઓ નડશે અને અમારી સેવાની કંઈ તમને જરૂર જણાશે તો સ્વધર્મની રક્ષા માટે તમારી સેવામાં તન-મન-ધનથી અમે અમારી જાતને ખપાવી દેવાને સર્વદા તૈયાર રહેશું'' અને એમાં જ અમારા જીવનની અમે સફળતા સમજીએ છીએ. ખરા ક્ષત્રિય તો ધર્મના રક્ષણમાં પ્રાણના ભોગે પણ કદી ડગતા નથી કે પાછા હઠતા નથી. વહાલાઓ, તમે ક્ષત્રિયો પણ આ વખતે નિરતાથી પ્રતિજ્ઞાઓ સ્વીકારો ને તમારૂં પાણી રાખો. ભય, શંકા અને સંકોચ છોડી દો. સારાં અને મહાન કાર્યો આ જગતમાં દૃઢતા અને હિંમતથી જ થયાં છે. આટલા બધાઓના સંપ આગળ પેલા પોકળ પીરાણાની શી વિસાત છે? જાગો, ઊઠો અને તમારી ઉન્નતિની આડે કાળા દિવસોની પેઠે ઊભેલા એ પીરાણાના પાપને નાબૂદ કરો. પરમાત્મા તમારા પવિત્ર પક્ષમાં જ છે, જરૂર તમારો વિજય થશે. આગળથી ધારી રાખેલો સમય આવી પહોંચ્યો. લાંબા સમયની આશાઓ સફળ થવા લાગી. મારા વીર બંધુઓ રડતી આંખે એક પછી એક ઊભા થઈને પાવન

થવાની પ્રતિજ્ઞાઓ લેવા માંડ્યા, તેમનાં ભોળા હૃદયમાંથી જમાનો થયાં ગૂંથાઈ ગયેલી વિધર્મી પીરાણાની ગાંઠો તડોતડ તૂટી જવા લાગી. પૂર્વજોની પ્રતિજ્ઞાઓ એકાએક જાગી ઊઠી. પ્રતાપી રામચન્દ્રના પવિત્ર વંશજોએ વીરોનાં પરાક્રમોને યાદ કરીને ભય, સંકોચને વીરાથી તિલાંજલિ આપવા લાગ્યા અને પવિત્ર વિચારોના પ્રવાહમાં પીરાણાનું પાપ એ વખતે વિનાશની રેલમાં જ તણાઈ જવા લાગ્યું. રતનશી શિવજી નાકરાણી તે પાટીદાર ઉદયના વિદ્વાન તંત્રીએ પણ એ જ વખતે પોતાના નિખાલસ હૃદયનો એ સભામાં ઉત્તમ પરિચય આપ્યો. તેમણે તો સહકુટુંબ દેહશુદ્ધિ પ્રાયશ્ચિતની નીડરતાથી પ્રતિજ્ઞા સ્વીકારી લીધી અને શુદ્ધ અંતઃકરણથી એ જ વખતે જણાવેલ કે ''ઘણા ભાઈઓને હું આજ સુધી રોકી રહ્યો છું. તેઓ સર્વને હું આજે સપ્રેમ વિનંતી કરૂં છું કે તેમને પણ પ્રતિજ્ઞાઓ લઈને એ પાપી પંથનો આજથી સર્વદા ત્યાગ કરવો. તેમને રોકવાના પાપનો ભાર મારા પોતાને શિર છે. તેની ક્ષમા માગું છું.'' એમ જણાવી એમને ઉદાર દિલથી જાહેરમાં માફી માંગી. તે વખતે હાજર આગેવાન ભાઈઓ એક પછી એક પ્રતિજ્ઞા લેતા ગયા. પરિષદનું સંમેલન માત્ર પોકળ શબ્દો વડે નહીં પરંતુ પ્રત્યક્ષ દિવ્ય કાર્ય વડે ઊજવી બતાવ્યું. આવી રીતે પરિષદના પવિત્ર હેતુને સફળ કરી સાથે સાથે મારી જિંદગીની સ્નેહની સેવાને પણ સફળતાના માર્ગે આગળ વધારીને એ પવિત્ર હૃદયવા ભોળા પણ ભલા ભાઈઓએ મારા પર અનંત ઉપકારો કર્યા છે. જેનો બદલો મારા એ રંક જીવમાં વાળી શકીશ કે કેમ? તેની મને શંકા છે પણ પરમાત્મા જરૂર તેનો બદલો આપશે. બધા ભાઈઓનો ઉપકાર માની ત્રીજી પરિષદના પ્રેમમૂર્તિ પ્રમુખ ભાઈશ્રી ચંદુલાલ દેસાઈનો તેમજ ભાઈશ્રી મગનલાલનો ઉપકાર. એ બન્ને ભાઈઓએ અથાક પરિશ્રમ ખેડીને મોટા ભોગો આપીને મારા સેવાકાર્યને ઘણું સરળ કરી આપેલ. બીજા એવા લેઉવા પાટીદાર જ્ઞાતિના ધર્મવીર દાનેશ્વરી ભાઈશ્રી તુલસીદાસ વલ્લભદાસ ધર્મજવાળા એક તટસ્થ અને નિઃસ્પૃહી સંબંધી હોવા છતાં તેમણે બહુ જ મોટી આર્થિક મદદ કરી આપણાં સત્કાર્યને સફળ કરવામાં જે મૂંગી સહાય કરી એમનો હું જિંદગીભર રૂણી રહીશ. જાહેર વર્તમાનપત્રોએ આ કાર્યની મુક્ત કંઠે પ્રશંસા કરી. ત્રીજી પરિષદનું કાર્ય પૂર્ણ થયા પછી નિયમાનુસાર પ્રતિજ્ઞા કરનારા ભાઈઓએ દેહશુદ્ધિ પ્રાયશ્ચિતથી પાવન થઈ, પોતાના પવિત્ર વસનો સપ્રેમ વાળી વતાવ્યાં. એ ઉપરાંત દેશદેશાંતરમાં પરિષદના કાર્યક્રમની જેમ જેમ જાણ થતી ગઈ, તેમ તેમ કચ્છ-કરાંચી, સિંધ, મુંબઈ વગેરે ભિન્ન ભિન્ન પ્રદેશોમાં ધંધાર્થે વસતાં આપણાં જ્ઞાતિ ભાઈ-બહેનો પીરાણા સતપંથ છોડીને વેદધર્મના પતિત પાવન પંથે વળવા લાગ્યાં.

દરેક પરિષદોના સવિસ્તાર અહેવાલ, ઠરાવો, તેના ઉપર થયેલ મનનીય ભાષણો વગેરે અક્ષરે અક્ષર પ્રિંટિંગ પ્રેસમાં એ વખતના સુધારક ભાઈઓએ છપાવેલા. તે વખતે પ્રચાર માટે છપાવેલ જાહેર પત્રિકાઓની વિગતો પણ છપાયેલ છે. પૂ. નારાયણજી

બાપાના જ્ઞાતિ સુધારણા માટે કરેલા પત્ર વ્યવહારો, જેવાં કે એ વખતના લક્ષ્મણકાકા અને રામજીકાકા ઉપર થયેલ પત્ર વ્યવહાર ઘણી બધી વિગતો ''કર્તવ્યના પંથે'' પુસ્તકમાં છપાયેલ છે. તે વખતે જ્ઞાતિમાં થયેલ મોટી ઊથલપાથલમાં થયેલ કેસો – સમાધાનોની નોંધો પણ એ પુસ્તકમાં છે. તેમજ ઐતિહાસિક નોંધો વિષેની માહિતી પૂ. નારાયણ બાપાએ ''પ્રસ્તાવિક નિબંધ'' ના નામે છપાયેલ અત્યારે ઘણી સુવિધાઓ હોવા છતાં આટલી નોંધો આપણે સામાજીક કાર્યો કર્યા બાદ છપાવી શકતા નથી જે તે વખતે ટાંચાં સાધનો હોવા છતાં બધું છપાયેલ છે જે આ ઇતિહાસ બુકમાં અન્યત્ર છપાયેલ છે. પરંતુ તે લખાણ પણ ટૂંકમાં જ છે. જેમને ખાસ રસ હોય તેમને તો એ વખતના સાહિત્ય વાંચે તો જ પૂરેપૂરો ખ્યાલ આવી શકે કે પૂ. નારાયણ બાપાની ચળવળ વખતે તે વખતના સુધારક ભાઈઓએ કેટલું બધું વ્યવસ્થિત જ્ઞાતિ સુધારણા માટે કાર્ય કર્યું હતું.

પરિષદોના આયોજન કરવાની સાથે સાથે પૂ. નારાયણ બાપાને એવું ચોખ્ખું જણાયું કે સતપંથ પીરાણાને જડમૂળથી ઉખેડી નાખવા માટે ખાસ ઐતિહાસિક પ્રમાણોવાળા મહાન બ્રહ્માસ્ત્રની ખરેખર જરૂર છે તે વખતે એમના જ શબ્દોમાં 'જનતા એ પંથના છૂપા ભેદો અને પાપ પ્રપંચો જાણવાને આતુર બની રહી છે. સત્યના સૈનિકોને પોતાના ચળવળી રહેલા હાથમાં એવું તીવ્ર હથિયાર જોઈએ છીએ કે જેનો પીરાણાનો પૃષ્ઠ પોષકો કંઈ જવાબ જ ન આપી શકે તેમજ એ પંથની અંધશ્રદ્ધાને ઈતરડીની પેઠે ચોટી બેઠેલા ભોળા લોકોની આંખોમાં પણ સત્યનાં તેજ આંજવાની હવે જ્યારે ખાસ જરૂર છે ત્યારે એ બધા અર્થો એક સાથે સારે એવો ''પીરાણા પોકળ પ્રકાશ'' નો બ્રહ્માંડ ભેદી ગોળો તૈયાર કરવામાં મે મારૂં સઘળું બળ ખપાવી દીધું છે અને પૈસા, બુદ્ધિ, પરિશ્રમ, ખંત અને અડગ હિંમત જેટલું જે કંઈ થઈ શકે તેટલું બધું કરી સંગ્રહીને હજારો ગ્રંથોનું તત્ત્વ માત્ર એક જ ''પીરાણા સતપંથની પોલ'' નામના ગ્રંથ રૂપે સર્વ કોઈની સેવામાં સાદર હાજર કરી મારી પવિત્ર અડગ ફરજમાંથી મુક્ત થાઉં છું અને સૈકાઓથી ધૂળ માટી નીચે દટાયેલા પીરાણા સતપંથના પોપડા ઉખેડી, ચુસ્ત સતપંથીઓ, મુખીઓ કે તેમના ખાનાઓના અંધારા ખૂણામાં છુપાયેલા હજારો ગ્રંથોને ચૂંથી એ પંથના પ્રવર્તકો એ સત્ય ઇતિહાસ કે વૃત્તાન્તોને નામે ચીતરેલા હજારો કલ્પિત ચમત્કારો તેમજ પરચાવાળા પીરો અને સ્થાપકોના બનાવટી જીવન ચિત્રોમાંથી હંસની પેઠે સત્યને તારવી મુદ્દાસર સચોટ પ્રમાણોનાં સાચાં મોતીઓ શોધી એ ગુપ્ત વ્યાપી પીરાણા સતપંથનો ખરેખરો વૃત્તાન્ત ઇતિહાસ કે તેના પ્રપંચ અને છલનિતિઓનો પૂરેપૂરો પ્રકાશ આજ સુધી કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા તરફથી બહાર આવેલો નથી અને એ પૂર્ણ સ્વરૂપમાં બહાર લાવવાની જરૂરત હતી. મારી પાસે એ સત્યો જાણવાની અનેક દિશાઓથી વારંવાર માંગણીઓ થયા કરતી હતી એ માટે આ વિષયનું મારી

જાણપિછાણનું સઘળું સાહિત્ય નિખાલસ દિલથી જનતાના ચરણે હાજર કરવા માટે બીજા યોગ્ય ન્યાય આપનારા ઉત્સાહી સમર્થ સાથીઓના અભાવે આ કામ મારા નબળે-સબળે હાથે મેં જ માથે ઉઠાવવાની ધૃષ્ટતા કરી છે.

અત્રે સ્વામીજી તુલસીદાસજીનો મારે અહીં ખાસ આભાર માનવાનો છે કે તેમણે મને પ્રોત્સાહિત કરી આ વિપરીત દેશકાળમાં પણ નિઃસંકોચે ગ્રંથ પ્રકાશનનું (પીરાણા સતપંથની પોલ) સત્કાર્ય ઉતાવળથી કરી લેવાની પ્રેમાગ્રહ ભરેલી ભલામણ કરીને મારા પ્રયાસને વખાણી મારા મનને બળવાન બનાવી દેવાની કૃપા કરી છે. એ મહાત્માનું જો મને પ્રોત્સાહન ન મળ્યું હોત તો ''પીરાણા સતપંથની પોલ'' નામક ગ્રંથના પ્રકાશન કાર્યમાં હજી પણ વધારે વખત નીકળી જાત.''

''પીરાણા સતપંથની પોલ'', આ ગ્રંથ ૫૫૨ (પાંચસો બાવન) પેજનો છે. સતપંથ પીરાણાના સાહિત્યમાં કેટકેટલાં ગપ્પાં માર્યાં છે? કેટલા ચમત્કારો લખ્યાં છે? તે તો ગ્રંથ વાંચવાથી જ જાણી શકાય તેમ છે. આ બધું સાહિત્ય એકઠું કરવામાં અને ખુલ્લેઆમ તેની પોલ ખૂલવામાં પૂજ્ય નારાયણ બાપાએ કેટલી મહેનત, ખર્ચ અને જે એકલા હાથે કેટલી હિંમત કરી છે તેનો સાચો અહેસાસ તે પુસ્તક વાંચવા બાદ જ થઈ શકે તેમ છે.

આ પુસ્તકનું પ્રકાશન અટકાવવા માટે સતપંથ પીરાણાના સૈયદો, કાકાઓ અને આગેવાન ગેઢેરાઓએ ઘણા બધા ધમપછાડા સાથે પ્રયત્નો કર્યા. છેલ્લે અમદાવાદના કલેક્ટર સાહેબ પાસે રૂબરૂ જઈ દબાણપૂર્વકની રજૂઆત કરવા છતાં પણ એમને સફળતા ન મળવા બાદ જ ''પીરાણા સતપંથની પોલ'' નામનો ગ્રંથ પ્રકાશિત થઈ વિતરણમાં મૂકી શકાયો. આ ઐતિહાસિક ગ્રન્થ હિન્દુ ધર્મના અનુયાયી માટે ઘણા અગત્યના પુરાવા રૂપે છે. આપણી જ્ઞાતિના દરેક વ્યક્તિએ ખાસ વાંચી જવા જેવો છે. જેથી દરેકને ખ્યાલ આવે કે આપણી જ્ઞાતિ કેવા પંથમાં ફસાઈ ગયેલી હતી. અત્રે એનો આછો ખ્યાલ આપવા માટે બે પ્રસંગો જણાવવા જરૂરી હોવાથી લખેલ છે. એક સમયે પીરાણામાં કાકાઓ તથા સૈયદોની હક્ક સંબંધની તકરારે પણ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. તેનો કેસ કોર્ટમાં થયેલ હોઈ અને તેમાં સૈયદોના હક્ક સંબંધીમાં ઘણા જ અટપટા સવાલો ઊભા થયા હતા તેનો લવાદ મારફતે તપાસ માટે અમદાવાદા કોર્ટના કમિશ્નર કચ્છ નખત્રાણા કોર્ટમાં આવેલ એ સમયે પીરાણા સતપંથ ધર્મના સ્તંભરૂપ ખાનાના મુખીઓ અને આગેવાનોની સાક્ષીઓ લેવાઈ. તેમાં ઘણું જ જાણવાજોગ સાહિત્ય મળ્યું. તેના ઐતિહાસિક દાખલાઓ અને પુરાવાઓની ખાસ નોંધ કરવા યોગ્ય કેટલીક બીજી માહિતી એક ''પ્રસ્તાવિક નિબંધ'' નામની પુસ્તિકા રૂપે છપાઈને પૂજ્ય નારાયણજી રામજીના નામે પ્રસિદ્ધ થઈ છે તે જાણવા જેવી હકીકત પૂરી પાડે છે. તે સિવાય ખાસ

મહત્વની બાબત તો પીરાણા સતપંથ ધર્મ એ મુસલમાની ધર્મ છે; તેને જો હિન્દુ ધર્મ છે એમ તે વખતના મુજાવરકાકા લક્ષ્મણ કરમશી પુરવાર કરી આપે તો રૂ. ૧૦,૦૦૦/- અંકે રૂપિયા દસ હજાર રોકડા આપવાની નીચે પ્રમાણે ખુલ્લી ચેલેન્જ પૂ. નારાયણ રામજીએ કરેલી.

લક્ષ્મણકાકાને ચેલેન્જ –

૧. તમે જન્મ વખતે કદાચ કડવા પાટીદાર હશો પણ હવે કણબી કે પાટીદારની જ્ઞાતિમાંથી વટલીને ઊતરી ગયેલા છો. મુમના સિવાયના કચ્છ કે ગુજરાતના કણબીઓ તમને કોઈ દિવસ સાથે બેસાડી જમાડે જ નહીં. એટલે તમારા કહેવા પ્રમાણે તમે કડવા, લેવા કણબી હવે રહ્યા નથી.

૨. પીરાણા સતપંથ ધર્મ એ હિન્દુ ધર્મ નથી. હિન્દુ ધર્મની અનેક શાખાઓ છે તેના ધર્મ ગુરૂઓ પણ છે અને તે કોઈ ઇમામશાહે ચલાવેલા તમારા પંથને હિન્દુ ધર્મ તરીકે સ્વીકારતા નથી.

૩. જે કણબીઓને તમારા ઇમામી મિશનની પૂરેપૂરી માહિતી નથી તેમને તમે પીરાણા સતપંથ એ હિન્દુ ધર્મ છે. એમ ખોટી રીતે મનાવો છો અને કચ્છના અમારા જ્ઞાતિ ભાઈઓના પૈસાનો એ મુમના પંથમાં ઉપયોગ કરો છો તે ઘણી વખત તમારે કાકાપણું ટકાવી રાખવા અને કચ્છના કણબીઓને મુમના બનાવવા અને મુસલમાની રાહ ઉપર લઈ જવા અત્યાર સુધી વાપરતા આવ્યા છો.

૪. ઉપર જણાવેલ ત્રણે આક્ષેપો તદ્દન જૂઠા છે એવું તમો કોર્ટ મારફતે અથવા સનાતન હિન્દુના ધર્મના આચાર્યો મારફતે એટલે હિન્દુ ધર્મની શાસ્ત્રની રાહે સાબિત કરી આપો તો હું રૂ. ૧૦,૦૦૦/- (દશ હજાર) તમારે મને આપવા માટેની જવાબદારી માથે સ્વીકારવી જોઈએ. નહિ તો હવે પછી ઉપર જણાવેલા આક્ષેપો તમને કબૂલ છે એમ અમારા સુધારકો અને અમારૂં મંડળ માનતું આવ્યું છે, તે વાત તમને જાહેર રીતે માન્ય છે. એમ દરેક જણને માનવાનું ચોક્કસ થઈ જશે. આ ચેલેન્જનો જવાબ આ નિબંધ તમને પહોંચ્યા પછી એક મહિના સુધીમાં આપવાની તમને છૂટ છે.

છેવટ સુધી ચેલેન્જનો ખરાખોટાપણાનો કોઈ પણ જવાબ કાકાઓ અથવા પીરાણાના સ્થાનેથી હરિવંશના સૈયદો આપવાને બહાર પડ્યા નહોતા. સાચું હોય તો જવાબ આપવાની હિમ્મત કરે ને?

-: પ્રસંગ બીજો :-

એક વખત જાહેર પેપરોમાં સૈયદોએ જનતાને ખુલ્લી રીતે જણાવેલું કે, ''સદરહુ પીરાણા સતપંથ ખાસ દીને મહંમદી ધર્મ છે'' (ગુજરાતી પંચ પાનું ૨૪મું, તા. ૨૪-૬-૧૯૨૩) શ્રી પીરાણા સ્થાપક પીર ઈમામશા સુત નૂર અલી મહંમદશા કુફરેશીકનનો ધર્મ સતપંથ પાળનાર તમામને ચેતવણી.

''સદરહુ પીરાણાનો ઓળખાતો ધર્મ નામે સતપંથ ખાસ દીને મહંમદી (મુસલમાની) છે ને તે ધર્મ પાળનારો મુમનભાઈ કહેવાય છે. તેને જો કોઈ સદરહુ ધર્મ પાળનારામાંથી હિન્દુ ધર્મ છે તેમ સાબિત કરી આપશો તો અમો તે કહેશે તે ધર્મ કરવા ખુશી છીએ. માટે સદરહુ જગ્યાના મુજાવરકાકા તથા કોઈ પણ ધર્મી કહે તે વાત ગલત છે. એજ ૨૧-૬-૧૯૨૩.''

લી. સદરહુ પીરની ઓલાદના સાદાતોની પંચ પીરાણા.

દ. સૈયદ પૂંજામિયાં હુસેનમિયાં

આ તો પૂજ્ય નારાયણજી બાપાના અથાગ પ્રયત્નો અને પીરાણા સતપંથનો ચેલેન્જથી અડગ સામનો કર્યો એના હિસાબે આપણી જ્ઞાતિ સંપૂર્ણ મુસલમાન બનતાં બનતાં અટકી ગઈ તે કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. તે સિવાય પૂજ્ય નારાયણજી બાપાએ કૂર્મી ક્ષત્રિયનો ઇતિહાસ - ગુજરાતના પાટીદારોનો ઇતિહાસ અને ખાસ કરીને કચ્છ કડવા પાટીદારોના ઇતિહાસ માટે ઘણી બધી મહેનત કરીને પાણી ની જેમ પૈસા વેરીને મેળવેલ. સાથે સાથે ઘણી બધી રઝળપાટ કરી વહીવંચાને શોધીને તેમણે પણ પૈસાની લાલચ આપીને તેમની પાસેથી આપણો ઇતિહાસ ગોત્ર વગેરેની માહિતી મેળવેલી.

આ બધી માહિતીઓ મેળવેલ તે મુજબ આપણી જ્ઞાતિના વડીલોએ સંવત ૧૫૯૨ ના કારતક સુદ ૨ ને શુક્રવારના રોજ બાવા ઈમામશાહની રૂબરૂમાં સતપંથ ધર્મનો સ્વીકાર કરેલ એથી અગાઉ આપણી જ્ઞાતિ કૂર્મી ક્ષત્રિય હતી અને સંપૂર્ણ હિન્દુ ધર્મને માનનારી હતી. ઈમામશાહના અર્ધ મુસ્લિમ સતપંથનો સ્વીકાર કરવા છતાં આપણે અગ્નિ સંસ્કાર કરતા હતા. લગ્નો બ્રાહ્મણોથી યજ્ઞ-હવનથી ચોરીફેરા ફરીને કરાવતા હતા. બારોટ પાસે વહીવંચો લખાવતા હતા. મુસલમાન ગુરૂ કર્યા હોવા છતાં સઘળા પ્રકારની રીતભાત હિન્દુની જ હતી. તેઓ માત્ર વાર્ષિક ભેટ પીરાણે મોકલતા હતા. સિવાય મુસલમાનનું એક પણ વર્તન તેમાં ન હતું. આ પ્રમાણે લગભગ અઢીસો વર્ષ સુધી ચાલ્યું. પરંતુ વિ.સં. ૧૮૩૨ માં પીરાણાનો ધર્મ ગુરૂ પ્રાગજી કાકો સૈયદ વલીમિંયા સાથે કચ્છમાં આવ્યો જે મહાકાબેલ હતો. તેમને હિન્દુથી અળગા કરી શુદ્ધ

પીરના અનુયાયી બનાવવા ખટપટ કરી. વહીવંચા તથા ગોર સાથે તકરાર પડાવી તેનો મર્મ ન સમજતાં બિચારા ભોળા અંધશ્રદ્ધાળુ આપણા કણબીભાઈઓએ પ્રાગજી કાકાની સલાહ પ્રમાણે નખત્રાણા ગામે ખાનામાં મળી ગોર તથા વહીવંચાને સદાને માટે તજી દેવાનો ઠરાવ કર્યો જે નીચે મુજબ છે.

-: ઠરાવ :-

વિ.સં. ૧૮૩૨ ના પોષ વદ ૧૩ ને દિને ગામ નખત્રાણા મધ્યે જ્ઞાતિ પંથ ભેગા થઈ બારોટ ગૌરીશંકર શામદાસ તથા ગોર જાની દયાશંકર ભગવાનજીને રજા દીધી છે. આજ દિવસ પછીથી બારોટ પાસે વહીવંચો લખાવઓ નહીં તેમ બારોટને કાંઈ પણ આપવું નહીં. તેમજ ગોર દયાશંકર ભગવાનજીના વંશજ તેમજ કોઈ પણ બ્રાહ્મણ પાસે ચોરી-લગ્ન પ્રસંગે કાંઈ પણ કાર્ય કરાવવું નહીં. જે કોઈ ભાટ તથા બ્રાહ્મણને મળશે તે નાતનો ગુનેગાર છે. બાવા ઇમામશાહના ધર્મને માનનારા આપણા કણબી ભાઈઓ જેણે વિ.સં. ૧૫૯૨ ના કારતક સુદ ૨ ને શુક્રવારે બાવાનો ધર્મ અંગીકાર કરેલ છે. તે ભાઈઓએ આજ દિવસ સુધી વહીવંચો લખાવ્યો છે અને બ્રાહ્મણો પાસે સૂતક કર્મ, મરણ ક્રિયા તથા લગ્નની ક્રિયા કરાવી છે પણ હવેથી આપણા ગુરૂ ઈમામશાહના ધર્મનો ખરો રસ્તો બાવા ઈમામશાહના વંશના સહીદો તથા હાલે જે પીરાણાની ગાદી ઉપર ટિલાયત કાકા પ્રાગજીના હુકમથી અને ધર્મને સમજીને બ્રાહ્મણ તથા ભાટને નહીં માનવા નીચે મુજબના ગામના પટેલિયાઓના પંચ ભેગો થઈ ઠરાવ કર્યો છે, તે આપણી આખી નાતને કબૂલ મંજૂર છે. આ ઠરાવમાં પંદર ગામના એક એક, એ રીતે પંદર વડીલ પટેલોએ પંચ તરીકે સહીઓ કરેલ છે. જે સ્થળ સંકોચના કારણે અહીં લખેલ નથી. આ ઠરાવ વાંચી હાજર સર્વે જ્ઞાતિજનો પાસે કાકા પ્રાગજી તથા બાવા ઈમામશાહના વંશજના સૈયદ વલીમિંયાની રૂબરૂ પ્રતિજ્ઞા લેવડાવી કે આ ઠરાવ આખી નાતને વંશ-પરંપરા કબૂલ મંજૂર છે. આજ દિવસ પછી ગોર તથા ભાટને માનશે તો નાતનો ગુનેગાર ઠરશે, બાવા ઈમામશાહના ધર્મથી નાત બહાર ઠરશે અને નાત બહાર રહેવું પડશે, તે ગામથી નખત્રાણાના ખાનામાં બાવાના પાટ આગળ ધૂપ કરીને આખી નાત મળીને લખત કીધું છે. આ પ્રમાણે ઠરાવ કરી, પ્રતિજ્ઞાઓ લેવડાવી આપણી જ્ઞાતિને વ્યવસ્થિત રીતે ધીરે ધીરે મુસલમાન બનાવવાની આ એક ચાલ હતી તે આપણા ભોળા અજ્ઞાન જ્ઞાતિ ભાઈઓ સમજી ન શક્યા.

વિ.સં. ૧૮૩૨ ના ઉપરોક્ત ઠરાવ થયો તે વખતે નેત્રાના કેશરા મુખી તેમના સોબતી અમુક જણાને આ વાતનું કંઈક ભાન થયું. પ્રાગજીકાકાએ ઠરાવેલા ઠરાવ પ્રમાણે વર્તવાથી ભવિષ્યમાંજ્ઞાતિની ગંભીરે સ્થિતિ ઊભી થશે, ચોરી અને ચેહ જેવા હિન્દુપણાના મુખ્ય સંસ્કારો બંધ થાય. બ્રાહ્મણોનું ગોરપણું જાય અને તેના બદલામાં

સૈયદોને ગુરૂ કરાય તો જ્ઞાતિને ભવિષ્યમાં મુસલમાન જ થવું પડે. એ વિચારોથી એમણે ઉપરોક્ત ઠરાવનો વિરોધ કરી તે વખતેથી પીરાણા સતપંથ ધર્મનો ત્યાગ કરી સ્વામીનારાયણ સંપ્રદાયના અનુયાયી બન્યા. જેથી સતપંથના સૈયદો અને ગઢેરાઓની આ ભાઈઓ ઉપર ઘણા અત્યાચાર અને ત્રાસો આપવામાં કાંઈ પણ બાકી રાખ્યું નહીં. એ ભાઈઓએ અત્યાચારો અને ત્રાસો શાંતિથી સહન કર્યા. પોતાના ધ્યેયને વળગી રહ્યા. ધીરે ધીરે એમનાં થોડાં સગાંસંબંધીઓ પણ સાથે જોડાયા. પરંતુ આખી જ્ઞાતિને સતપંથથી છોડાવવા માટે સતપંથના સૈયદો અને ગેઢેરા સામે પડકારરૂપ કાર્ય ન કરી શક્યા. આ બનાવ પછી સૈયદો અને ગેઢેરાઓએ પાકો બંદોબસ્ત કર્યો કે હવે બીજા ભાઈઓ પોતાનાથી છટકી ન શકે અને સખ્ર પ્રતિબંધોનું એ પરિણામ આવ્યું કે ગુજરાતથી આવેલ આપણા જ્ઞાતિજનો કડવા પાટીદાર નામને બદલે મુમના પટેલ તરીકે ઓળખાવવા લાગ્યા. પછી તો જ્ઞાતિમાં પટેલભાઈ કે ગેઢેરાપણું કરનારાઓનો શબ્દ, એ જ કાયદો, તેમનો હુકમ એ જ ન્યાય. એમના સામે કોઈ જરા સરખી દલીલ કરે એ ગુનેગારને સજા કરવાની સાથે તેમના આખા કુટુંબ તેમજ સગાંસંબંધીને પણ સાથે સજા થાય. એવી રીતે પીરાણા સતપંથ ધર્મને ટકાવી રાખવા અજ્ઞાન અંધશ્રદ્ધાળુ ભાઈઓને ધર્મના નામે ધૂતી ખાવા ખાનાના મુખી અને સ્વાર્થી ગેઢેરાઓએ કોઈ કસર છોડી ન હતી. કચ્છ બહાર વસતા જ્ઞાતિભાઈ જ્યારે કચ્છમાં પોતાના ગામે આવે ત્યારે સતપંથના ખાનામાં જઈ મુખી પાસે દુવા પડે છાંટ નખાવવા જવું પડે જે દુવાના શબ્દો આ મુજબ છે, ''ફરમાનજી બિસ્સમિલ્લાહ હર રહેમાન નર રહિમ સતગોર પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામશાહ આદ વિશ્વ નિરંજન નર અલી મહમદશા નબીનૂર તમારી દુવા''. આ પ્રમાણે દોવા પડી પરદેશથી આવેલ ભાઈને છાંટ નાખી નૂરની અથવા અમીની ગોળીને ખાનામાં મુખી એક વાટકીમાં પાણી નાખી પોતાની પાસે પલાળી રાખેલ હોય. મુખી કહે, ''હે જંદા'' અને જવાબમાં છાંટ નખાવવા આવેલ ભાઈ કહે, ''પીરશાહ''. એટલું કહી પલાળેલી ગોળી પી જવાની એટલે છાંટ નંખાઈ ગઈ. આ રીતે છાંટ નખાઈ ગયા બાદ જ એ ભાઈને પોતાની સ્ત્રીને કુટુંબ પરિવાર આ દિને મળવાની છૂટ મળતી. આવું આવું તો ઘણું બધું કરવું પડતું એની બધી માહિતી ''પીરાણા સતપંથની પોલ'' અને ''કર્તવપંથે'' વાંચી જવાથી મળી શકશે.

આવી એ વખતની કપરી પરિસ્થિતીમાં અને આખી જ્ઞાતિ ઉપર લોખંડી પકડ જમાવનાર સામે પીરાણાના સૈયદો અને સ્વાર્થી ગેઢેરાની ચુંગલમાંથી આખી જ્ઞાતિને છોડાવવા માટે પૂ. નારાયણજી બાપાએ એમની સામે ખુલ્લો પડકાર કરી જે જ્ઞાતિ સુધારાની શરૂઆત એકલાએ કરી એ તે પરિસ્થિતીની આપણે કલ્પના પણ કરી શકીએ તેમ નથી. જે વખતે કેટલાં કષ્ટો સહન કર્યાં હશે? પોતાની સંપૂર્ણ જિંદગી જ્ઞાતિ હિતમાં

ખર્ચી નાંખી. આપણી જ્ઞાતિની સુધારણાનું કાર્ય કરવાની સાથે સાથે ગુજરાતના કડવા પાટીદારોની પરિષદોની દરેક બેઠકમાં હાજરી આપી આગેવાની ભર્યો ભાગ લીધેલ. કાઠિયાવાડ-ગુજરાતની સમગ્ર જ્ઞાતિને પોતાની શક્તિ અને જ્ઞાતિપ્રેમનો પરિચય કરાવ્યો. ગુજરાતની પરિષદોની સાથે સાથે નિમાળ માળવામાં ખૂબ જ પ્રસિદ્ધ થયા અને કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં ગુજરાત વગેરેના કડવા પાટીદાર આગેવાનોને રસ લેતા કર્યા અને એમનો જ્ઞાતિ સુધારણાના કાર્યમાં ઘણો બધો સહયોગ પ્રાપ્ત કર્યો.

આપણી જ્ઞાતિ સુધારણા માટે આટઆટલી જહેમત ઉઠાવી જે કાર્ય પૂ. નારાયણજી બાપાએ કરેલું પરંતુ પોતાની જિંદગીના પાછલા દિવસોમાં પોતાના જ એક સમયના સાથીદારો દેહશુદ્ધિ પ્રાયશ્ચિતના નક્કી કરેલ નિયમો બાબતે બાંધછોડ કરી જ્ઞાતિ સુધારણાનું કાર્ય કરવા માંગતા હતાં. જ્યારે પૂ. નારાયણજી બાપા અને તેના સહયોગી ભાઈઓ નક્કી કરેલા નિયમોમાં બાંધછોડ કરવા માંગતા ન હતા. જેથી શુદ્ધિવાળા ભાઈઓ અને મંદિરવાળા ભાઈઓ, આ રીતે સુધારક ભાઈઓ બે ભાગમાં વહેંચાઈ ગયા. મંદિરવાળા ભાઈઓની આગેવાનીમાં પ્રથમ પરિષદ (કરાંચી-૧૯૨૦) ના પ્રમુખ હતા તે ભીરુ હૃદયના ભાઈશ્રી રાજારામ શામજી ધોળુ અને રતનશી ખીમજી ખેતાણી, વીરાણીવાળા કે જેઓએ એક સમય પૂ. નારાયણજી રામજીના જમણા હાથ સમાન ગણાતા હતા. પૂજ્ય નારાયણજી બાપા દેહશુદ્ધિ પ્રાયશ્ચિત કરાવીને સતપંથ પીરાણા સાથે બધા સંબંધો કાપી નાખી સંપૂર્ણ સનાતન વૈદિક ધર્મનો અંગીકાર કરવાના પક્ષમાં હતા અને એ મુજબ દેહશુદ્ધિ પ્રાયશ્ચિતનું કાર્ય જોશથી થઈ રહ્યું હતું. જોકે એથી જ્ઞાતિમાં બહુ જ મોટી ઊથલપાથલ થઈ રહી હતી. પરંતુ પૂ. નારાયણજી બાપાનું માનવું હતું કે આ રીતે સતપંથ પીરાણામાંથી આપણી આખી જ્ઞાતિ ધીરે ધીરે સતપંથ પીરાણાને છોડી એક સમયે સંપૂર્ણપણે સતપંથ પીરાણાથી મુક્ત થઈ જશે. આ સિવાય બીજો કોઈ ઉપાય નથી.

જ્યારે પૂ. નારાયણજી બાપાના વિચારોથી અલગ પડીને ઉપર લખેલ બે વડીલો અને એમના સહયોગીઓએ વિચારેલ કે અત્યારે મહાત્મા ગાંધી જેવા પણ હરિજન ભાઈઓ સહિત બધાને સાથે લઈને કાર્ય કરવાનું કહી રહ્યા છે ત્યારે આપણે આપણા જ ભાઈઓ સાથે ખાવાપીવા જેવા સંબંધો કેમ બંધ કરી શકાય? એટલે એમણે પૂ. ઓધવરામ મહારાજ તેમજ બીજા હિન્દુ સંપ્રદાયવાળાને સાથે લઈને લક્ષ્મીનારાયણના મંદિરો ઊભાં કરીને જ્ઞાતિ સુધારવાનું કાર્યપૂ. નારાયણજી બાપાથી અલગ રહીને કરવા લાગ્યા અને સુધારાનું કાર્ય એ રીતે કરવા લાગ્યા કે, જે ભાઈઓને સતપંથના ખાનામાં જવું હોય તો ભલે જાય અને જેમને મંદિરમાં જવું હોય તે મંદિરમાં જાય અને સતપંથના ભાઈઓ સાથે રોટી-બેટી તેમજ સામાજીક બધો વ્યવહાર ચાલુ રખાવ્યો. મંદિરવાળા

ભાઈઓને એવી આશા હતી કે જ્ઞાતિના ભાઈઓ ધીરે ધીરે સમજીને જરૂરથી સતપંથ પીરાણાને છોડી દેશે. આ રીતે સુધારક ભાઈઓમાં બહુ મોટી તિરાડ પડી. જેથી પૂ. નારાયણજી રામજીએ આરંભેલ સુધારાના કાર્યમાં બહુ મોટી અડચણો ઊભી થઈ. દેહશુદ્ધિ પ્રાયશ્ચિતના વિરોધી સુધારક ભાઈઓ જેઓ એક સમયે દેહશુદ્ધિ પ્રાયશ્ચિતનું કાર્ય સાથે કરતા હતા. પાછળથી એમના વિરોધી થઈ જવાની દેહશુદ્ધિ પ્રાયશ્ચિતવાળા ભાઈઓને મંદિરની પ્રતિષ્ઠામાં સામાન્ય આમંત્રણ પણ આપતા ન હતા અને મંદિરની પ્રતિષ્ઠામાં શુદ્ધિવાળા ભાઈઓ આવે નહીં એવી પરિસ્થિતી ઊભી કરતા હતા. આવી પરિસ્થિતીને લઈને પૂ. નારાયણજી બાપાનો જે હેતુ અને ઉદ્દેશ મુજબ પોતાની જ્ઞાતિને સતપંથ પીરાણાથી સંપૂર્ણપણે છોડાવવાની જે લાંબી ગણતરી હતી તે આપણી જ્ઞાતિના કમભાગ્યે પૂરી ન થઈ શકી. બન્ને સુધારક પક્ષોના ભાઈઓની જ્ઞાતિ પ્રત્યે ભાવના શુદ્ધ હતી. વિચારોમાં મોટી તિરાડ પડવાથી અંતે જ્ઞાતિને જ નુકસાન થાય તે સ્વાભાવિક હતું.

છેલ્લા ત્રણેક વર્ષ પૂ. નારાયણજી બાપા લકવાગ્રસ્ત હતા. છેલ્લે છેલ્લે જ્યારે બહુ જ તબિયત બગડી ત્યારે પૂ. નારાયણજી બાપાએ માનકૂવાથી શ્રી વાલજી જીવરાજ લીંબાણી (કર્તવ્ય પંથે ના સંપાદક) ને વીરાણી બોલાવ્યા. ચિંતાજનક પરિસ્થિતી જોઈ તરત જ વાલજીભાઈએ ખેપિયાને ઉગેડી મોકલીને ડૉ. ગંગદાસભાઈને બોલાવ્યા. પૂ. નારાયણજી બાપાના જીવનનું મહત્વ ડૉ. ગંગદાસભાઈ સારી રીતે અમજતા હતા. તેઓ તે જ વખતે જરૂરી સાધનો સાથે વીરાણી પહોંચી આવ્યા. પૂ. નારાયણજી બાપાને તપાસ્યા અને કહ્યું કે, ''પૂ. નારાયણજીભાઈ જેવા ધર્મવીરના જીવનની કિંમત હું સારી રીતે જાણું છું. આ રોગ માટે છેલ્લામાં છેલ્લા તમામ ડૉક્ટરી ઉપાયો હું અજમાવી ચૂક્યો છું. હવે મોટા ડૉક્ટરને બોલાવવાની મને જરૂર જણાતી નથી. હવે જે ચાલુ ઉપચારો છે તે ચાલુ રાખો, બને તે ચાકરી કરો.'' જ્યારે તેમને જીવનદીપક બુઝાવાની અણી ઉપર દેખાયો ત્યારે ત્યાં હાજર શ્રી વાલજી જીવરાજ, લધાભાઈ વિશ્રામ અને જીવરાજ વાલજી વગેરે વડીલોને લાગ્યું કે હવે તો માત્ર આપણે તેમની પાસેથી આદેશ અને આશીર્વાદ લેવાના બાકી રહ્યા છે. હાજર ભાઈઓના હૃદય ભરાઈ આવ્યાં. જે જોઈ પૂ. નારાયણજી બાપાએ વડીલ શ્રી વાલજી જીવરાજને પાસે બોલાવીને કહ્યું, ''હું જોઉં છું કે તમે ખરી વાત જાણી ગયા છો. દુઃખી થયે અને હિમ્મત હાર્યે કંઈ વળશે નહીં. જે થવાનું છે તે થઈને રહેશે.'' એમની વાત સાંભળી વડીલશ્રી વાલજી જીવરાજને ઘણું જ દુઃખ થયું પણ ધીરજ ધારણ કરી પૂછ્યું, ''કાકા, તમારે કંઈ કહેવું છે ?'' તેના જવાબમાં પૂજ્ય નારાયણજી બાપાએ કહેલ કે , ''હા મારે કહેવું છે. મારા જ્ઞાતિબંધુઓ પ્રત્યે કહેવું છે અને તે તારી મારફતે જ કહેવું છે.''

પૂજ્ય નારાયણજી બાપાએ વડીલ શ્રી વાલજી જીવરાજ લીંબાણી વગેરે વડીલોની હાજરીમાં કહેલ છેલ્લા શબ્દો અને એમની અંતિમ ઇચ્છા.


''જગતની જંજાળોમાં કઈ વાતની ભાવના રહી નથી? ઘણું જોયું, સાંભળ્યું, અનુભવ્યું, અમલમાં મૂક્યું, અનેક સંકટો સહ્યાં, મોજ કરી, ઘણી નામના મેળવી. કોઈ ઇચ્છા બાકી રહી નથી. માત્ર અધૂરું રહ્યું છે મારા જીવનમાં આદરેલાં જ્ઞાતિ સુધારાનું મહાન કાર્ય. અનેક જાતની યાતનાઓ અનુભવી રહ્યો છું. વિચારો પરાકાષ્ઠા દષ્ટિમર્યાદાની બહાર જઈ રહી છે. પણ કોઈ ચોક્કસ પરિણામ મને દેખાતું નથી. જ્ઞાતિ સુધારકોના અંદરો અંદરના કુસંપ અને કલેશોએ અનેક વિટંબણાઓ ઊભી કરી સુધારાના કાર્યને ખોરંભે પાડ્યું છે. છતાં ઉદ્દેશ સાચો છે. માટે તેનો આખરી વિજય છે. નાસીપાસ ન થતાં તન, મન, ધનથી મંડ્યા રહેશો તો અંતિમ વિજય આપણો જ છે. મારા આ નાશવંત શરીરનો કઈ ઘડીએ નાશ થશે તે કંઈ કહી શકાતું નથી. અનેક પ્રકારની સંસારની ઉપાધિઓમાં જ આપણે રચ્યાપચ્યા રહીએ છીએ છતાં એ બધાનો ત્યાગ કરી આ શરીરને એક દિવસ જવાનું છે. સાથે કંઈ પણ આવવાનું નથી. માત્ર આપણા હાથે કરેલાં સારા કામો, ધારણ કરેલો ધર્મ, પ્રાપ્ત કરેલું પુણ્ય જ સાથે જાય છે. બાકી આ નાશવંત સંસારમાં પરમ કલ્યાણકારી ધર્મ અને યશને સિદ્ધ કરનારી જ્ઞાતિ સેવાને તમે બંધુઓ ભૂલ્યા નથી. તેમ ભવિષ્યમાં કદી ભૂલશો નહીં. ધારણ કરેલી પ્રતિજ્ઞા (ટેક) ને પ્રાણાન્તે પણ તજશો નહીં. તો ભારે યશ ખાટી જવાના છો. જેણે આ દુનિયામાં જન્મીને પોતાના કુટુંબ કે જ્ઞાતિનું ભલું નથી કર્યું તેની જિંદગીમાં અને પશુઓની જિંદગીમાં કંઈ ફેર નથી. હું વધારે કહીશ નહી. મને શ્રદ્ધા છે કે મારો સંદેશો તું (વાલજી જીવરાજ) બધાંને પહોંચાડીશ. મારા આદરેલા ધર્મકાર્યને તમો અખંડ રાખશો અને મારા આશીર્વાદ છે કે એક દિવસ તમે વિજય પ્રાપ્ત કરશો. પરમાત્મા તમને યશ અને શક્તિ કરે એવી મારી અંતકાળની પ્રભુ પાસે પ્રાર્થના છે.

આખરે આસો વદ ૧૪ ને સોમવારે (વિ.સં. ૧૯૯૭) રાત્રે ૧૦:૦૦ વાગ્યે આપણી જ્ઞાતિના આદ્ય સુધારક શ્રી નારાયણજી રામજી લીંબાણીના આત્માએ સ્થૂળ દેહનો ત્યાગ કર્યો.

સંદર્ભ ગ્રંથ : (૧) યુવા મંડળો અને જ્ઞાતિ પંચોનો કડવા પાટીદાર પરિષદોમાં સુધારાવાદી અભિગમ (ઇ.સ. ૧૯૧૮ થી ૧૯૬૦) – ડૉ. મંગુભાઈ પટેલ (૨) કર્તવ્યના પંથે.

કોઈ પણ દેશ કેટલો સારો છે તે સૌથી પહેલાં એ જ આધારે કહેવાય છે કે દેશમાં મહિલાઓ કેટલી સુરક્ષિત છે

ધર્મજાગૃતિના જ્યોતિર્ધર - શ્રી રતનશી ખીમજી ખેતાણી



કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં ધાર્મિક ક્ષેત્રે જાગૃતિમાં બહુમૂલ્ય યોગદાન આપનાર બે સપૂતો વીરાણી મોટીએ સમાજને આપ્યા છે. એક તો જ્ઞાતિના આદ્ય સુધારક પૂ. શ્રી નારાયણજી રામજી લીંબાણી અને બીજા ધર્મજાગૃતિના જ્યોતિર્ધર શ્રી રતનશી ખીમજી ખેતાણી (દિવાણી) હતા.

જ્ઞાતિજનોને પીરાણા પંથ છોડીને સનાતન ધર્મ તરફ વાળવા નરવીર શ્રી નારાયણજી બાપાએ ધર્મજાગૃતિની જબરદસ્ત જેહાદ જગાવી. કરાંચી અને મુંબઈમાં પરિષદો ભરી પીરાણાની પોલને ખુલ્લી કરી અને જ્ઞાતિજનોને સાચો ધર્મ સમજાવવા પ્રચંડ પુરૂષાર્થ કર્યો. તેમની આ ધર્મજાગૃતિની મશાલને પ્રજ્વલિત રાખનાર જે હિંમતવાન સાથીદારો હતા તેમાં વીરાણી મોટીના પનોતા પુત્ર રતનશી ખીમજી ખેતાણી મુખ્ય હતાં.

રતનશીભાઈનો જન્મ નખત્રાણા તાલુકાના વીરાણી મોટી ગામે ખીમજીભાઈ લખમશી ખેતાણીને ઘેર વિ.સં. ૧૯૪૪ માં થયો હતો. તેમણે પિતાની છત્રછાયા નાનપણથી ગુમાવી હતી. કુટુંબની આર્થિક સ્થિતી નબળી હોવાને કારણે ગુજરાતી ત્રણનો અભ્યાસ પૂરો કરી, રતનશીભાઈને નાની ઉંમરે જ કામે લાગી જવું પડ્યું હતું. તેમણે શરૂઆતમાં વીરાણીમાં અને ત્યાર બાદ મુંબઈમાં નજીવા પગારથી દુકાનમાં નોકરી પણ કરવી પડી હતી.

આગળ જતાં રતનશીભાઈએ સ્વબળે કોલસાનો વેપાર, બાંધકામનો વ્યવસાય શરૂ કર્યો અને ત્યાર પછી બિલ્ડિંગ મટીરિયલ્સના વેપારમાં અને સૉ મિલ-લાકડાના વેપારમાં ઝંપલાવ્યું અને પ્રબળ પુરૂષાર્થને જોરે વ્યવસાયમાં સારૂં એવું ગજું કાઢ્યું. તેમના દિલમાં પ્રથમથી જ એવી તમન્ના હતી કે મારે મારા સમાજ માટે કંઈક કરી છૂટવું છે.

એ અરસામાં તેમના જ ગામના કર્મપુરૂષ નારાયણજી રામજી લીંબાણી ધર્મ જાગૃતિની જ્યોતને જલતી કરી હતી. રતનશીભાઈ પૂ. નારાયણજી બાપાના સક્રિય સહયોગી તરીકે જોડાઈ ગયા. પોતાનો મુંબઈમાં ધીકતો ધંધો તેમના વિશ્વાસપાત્ર સંબંધીઓને સોંપી, તેમણે જાતે સમાજસેવાનો ભેખ જ લઈ લીધો અને નારાયણજી બાપાના ધર્મ જાગૃતિ કાર્યમાં સહભાગી બન્યા. ધર્મ જાગૃતિ માટે જ્ઞાતિ સુધારક મંડળની સ્થાપના કરવામાં આવી. તેના મંત્રી પદે શ્રી રતનશી બાપાએ સક્રિય ભૂમિકા ભજવી. કરાંચી-મુંબઈ પરિષદો યોજવામાં પણ તેમનું અમૂલ્ય યોગદાન હતું.

પૂ. નારાયણજી બાપા અંત સમયે લકવાગ્રસ્ત થઈ ગયા હતા, પરંતુ તેમના નિકટના સાથીદાર શ્રી રતનશીભાઈ અને તેમની સાથે નખત્રાણાના શ્રી નથુભાઈ નાનજીએ કચ્છ કડવા પાટીદારોમાં ધર્મ જાગૃતિ આણવા કમર કસી. તેમને એ વખતે સંતશ્રી ઓધવરામજી મહારાજની પ્રેરણા અને માર્ગદર્શન સાંપડ્યા. કારણ કે પ.પૂ. સંત શ્રી લાલરામજી કે જેઓનું શરીર પાટીદારનું હતું, તેમને છેલ્લી ઇચ્છા પાટીદારોને ધર્મનો સાચો રાહ બતાવવાની હતી. તે પરિપૂર્ણ કરવાનો સંતશ્રી ઓધવરામજીએ સંકલ્પ કર્યો હતો એટલે તેઓ પણ ધર્મ જાગૃતિ કાર્યમાં લાગી ગયાં.

પૂ. નારાયણજી બાપા સ્પષ્ટપણે માનતા હતા કે પીરાણા પંથમાં માનતા કોઈ પણ વ્યક્તિ દેહશુદ્ધિ કરાવી પજ્ઞોપવીત ધારણ ન કરે ત્યાં સુધી તેમના ઘરનું પાણી પણ પીવાય નહીં. રતનશીભાઈ અને તેમના સાથીઓ પણ પ્રારંભમાં તો પૂ. નારાયણજી બાપાને પગલે પગલે ચાલીને એવું જ કડક વલણ લીધેલું, પરંતુ પછીથી તેઓ સંત શ્રી ઓધવરામજી મહારાજનાઆ સંસર્ગમાં આવ્યા. તેઓશ્રી પણ એ વાત સાથે સહમત હતા કે પાટીદાર જ્ઞાતિજનોને સાચે રાહે લાવવા માટે પ્રયત્નો કરવા જ જોઈએ, પણ જ્ઞાતિ બાંધવોને દૂર રાખીને પરિવર્તન લાવવામાં વેગ નહીં આવે. રતનશીભાઈને સંતની આ વાત ગળે ઊતરીગઈ અને તેમણે પોતાના વલણમાં ફેરફાર કર્યો. તેઓશ્રીને નખત્રાણાના આવા જ એક યુવાન કે જેમના હૃદયમાં પણ પોતાની જ્ઞાતિ માટે કંઈક કરી

છૂટવાની ભાવના ઊભરાતી હતી એવા શ્રી નથુભાઈ નાનજી કેશરાણી (છાભૈયા) નો સંપૂર્ણ સહયોગ સાંપડ્યો અને આ બન્ને નિષ્ઠાવાન મહાનુભાવોના નેતૃત્વ હેઠળ એ સમયે ધર્મજાગૃતિની જેહાદને બળવત્તર બનાવવામાં આવી. ધીરે ધીરે તેમને સમાન વિચારના સાથીઓનો સહકાર મળતો ગયો.

આ જાગૃતિ અભિયાન છેડનારાઓની સામે એ પ્રશ્ન હતો કે સતપંથ છોડ્યા પછી તેનો વિકલ્પ શું? કયા દેવના મંદિરો બનાવવાં જોઈએ? એ માટે પણ તે સમયના આગેવાનો ઘણી બધી જગ્યાએ ફર્યા અને વિદ્વાનો તેમ જ સંત-મહંતોના મત લીધા બાદ તેમને સૌને લાગ્યું અને સંતશ્રી ઓધવરામજી મહારાજે પણ એ જ માર્ગદર્શન આપ્યું કે હવે આપણે મૂળને જ પકડવું જોઈએ અને ભગવાન શ્રી લક્ષ્મીનારાયણને જ ઈષ્ટદેવ ગણી મંદિરો સ્થાપવા જોઈએ.

પ.પૂ. ઓધવરામજી મહારાજની પ્રેરણાથી શ્રી લક્ષ્મીનારાયણ સંપ્રદાયની આપણી જ્ઞાતિમાં શરૂઆત કરનાર શૂરવીર, નરવીર અને ધાર્મિક પરિવર્તનના ક્રાંતિવીર રતનશી ખીમજી ખેતાણી (દિવાણી) એ પૂ. નારાયણજી બાપા દ્વારા અધૂરા રહેલા ધાર્મિક સુધારાના પ્રયાસને સફળ બનાવવા માટે બીડું ઝડપ્યું અને તેઓએ શ્રી લક્ષ્મીનારાયણ સંપ્રદાય સનાતન ધર્મને ગામોગામ પોતાના સાથીદારોને સાથે રાખી ઓધવરામજી મહારાજની નિશ્રામાં સનાતન ધર્મનો ફેલાવો કરી અને ધર્મનો સાચો ધર્મ સમજાવી ગામેગામ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરોની સ્થાપના કરવા તન-મન-ધનથી પ્રયત્નો કર્યા અને સફળ રહ્યા.

સૌ પ્રથમ મોટી વીરાણી ગામમાં શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિર માટે પાનમૂર્તિ મુંબઈ મધ્યે શ્રી રતનશી ખીમજી ખેતાણી, નારાયણ શિવજી નાકરાણી (વીરાણી મોટી) એ બનાવડાવી તૈયાર રાખી હતી. પણ સંજોગોવશાત વીરાણી મંદિર નિર્માણનું કાર્ય ખોરંભે પડ્યું.

પરમ પૂજ્ય સંતશ્રી ઓધવરામજી મહારાજના આશીર્વાદથી મુંબઈ સ્થિત રતનશી ખીમજી ખેતાણી, નારાયણ શિવજી નાકરાણી, શિવદાસ કાનજી નાકરાણી (વીરાણી મોટી) અને રાજાભાઈ શામજી ધોળુ (માનકૂવા) ના પ્રયત્નોથી બોરડીટીંબા કંપામાં સમાજના પ્રથમ શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનના મંદિરમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા સંવત ૧૯૮૪ ના બીજા શ્રાવણ સુદ ૧૧ ને શનિવાર તા. ૨૬-૮-૧૯૨૮ ના શુભ દિવસે થઈ. આ મંદિર માટે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનની પાનમૂર્તિ જે વીરાણી ગામ માટે

તૈયાર કરાવવામાં આવેલી તે મુંબઈથી રતનશી ખીમજી ખેતાણી અને રાજા શામજી ધોળુ લઈને બોરડીટીંબા કંપા આવ્યા હતા.

સુવ્યવસ્થિત રીતે ધર્મજાગૃતિનું કાર્ય ચલાવવું હોય તો સંગઠનની જરૂર પડે. શ્રી રતનશીભાઈ ખીમજી અને નથુભાઈ નાનજીના નેતૃત્વ હેઠળ સૌ ભાઈઓ સંગઠિત થયા અને કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ નામની કેન્દ્રીય સંસ્થાની સ્થાપના પણ કરી. આ સંગઠનના પ્રયાસથી કચ્છનાં ગામોમાં જાગૃતિનું કાર્ય વેગવંતુ બન્યું.

કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજના ઉદાર અને સમજાવટભર્યા પ્રયાસોથી વિ.સં. ૨૦૦૦ સુધીમાં કચ્છના ૬૦ માંથી ૨૬ ગામોમાં શ્રી લક્ષ્મીનારાયણ મંદિરોની સ્થાપના થઈ શકી હતી. જો કે આ આગેવાનોને આ કાર્યમાં સમાજના રૂઢિચુસ્ત આગેવાનોનો પ્રચંડ વિરોધ ખમવો પડ્યો હતો. તેમ છતાં તેમની કાર્યનિષ્ઠા અડગ રહી હતી.

વિ.સં. ૨૦૦૧ ના આસો વદ ૧૪ ના રોજ વાંઢાય મુકામે મળેલી કચ્છના તમામ ગામોના સનાતની ભાઈઓની સામાન્ય સભામાં જે ઠરાવો પસાર કરવામાં આવ્યા, તેમાં પીરાણા પંથ દ્વારા ચાલતી લગ્ન પ્રથાને તિલાંજલી આપીને હિન્દુ શાસ્ત્ર વિધી મુજબ બ્રાહ્મણો દ્વારા અગ્નિની સાક્ષીએ લગ્ન વિધી કરાવવી અને મરણ બાદ અગ્નિ સંસ્કાર કરી અંત્યેષ્ટિ કરવી એ મુખ્ય હતા.

એ સમયે જે કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજ અસ્તિત્વમાં આવ્યો હતો તેના પ્રમુખ શ્રી રતનશી ખીમજી ખેતાણી હતા.

એ વખતે વાહનવ્યવહારનાં ટાંચાં સાધનો હોવા છતાં લખપતથી માંડીને કંઠી પટનાં ગામડાંનો પ્રવાસ ખેડી, ઠેર ઠેર સભાઓ ભરી જબરજસ્ત ધર્મભાવનાનો જુવાળ ઊભો કર્યો હતો. તેમની સાથે ઘણાં ગામોમાં પ.પૂ. સંતશ્રી ઓધવરામજી મહારાજ અને દયાળદાસજી મહારાજ પણ આ ધર્મ જાગૃતિના કાર્ય માટે જતા હતા. શ્રી રતનશી બાપા જે ગામોમાં શ્રી લક્ષ્મીનારાયણના મંદિરો સ્થપાયાં નહોતાં ત્યાં તે ગામના ભાઈઓને સમજાવીને સંકલ્પ કરાવતા અને પ્રતિષ્ઠા મહોત્સવમાં પણ અચૂક હાજરી આપતા.

જે જ્ઞાતિબંધુઓ હજુ જૂના ધર્મને વળગી રહ્યા હતા તેમની સાથે કોઈ દ્વેષભાવ કે દૂરી ન રાખવી અને જ્ઞાતિની એકતા ન તૂટે એ રીતે સનાતન ધર્મ તરફ વાળવા સમજાવવા એવો સનાતની સમાજના એ સમયના આગેવાનો તેમજ સંત શ્રી ઓધવરામજીનો સ્પષ્ટ અભિગમ હતો. એટલે જ તો સમસ્ત કડવા પાટીદાર જ્ઞાતિને

એક નેજા હેઠળ લાવવાના ઉદ્દેશથી વિ.સં. ૨૦૦૦ માં ઉમિયા માતાજી મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું. વાંઢાય ઉમિયા માતાજી મંદિરમાં માતાજીની મૂર્તિ પ્રતિષ્ઠિત કરવાની પાવન ક્રિયા રતનશી ખીમજી ખેતાણી અને તેમનાં ધર્મ પત્ની મેઘબાઈના વરદ હસ્તે કરવામાં આવી હતી. તેમજ મંદિર ધ્વજા આરોહણની માંગલિક ક્રિયા પણ તેમના જ વરદ્ હસ્તે કરાઈ હતી. તેઓએ તન-મન-ધનથી શ્રી ઉમિયા માતાજી મંદિર, વાંઢાયના નિર્માણમાં સક્રિય ભાગ ભજવ્યો હતો.

શ્રી ઉમિયા માતાજી મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ચોથી જનરલ સભાના પ્રમુખ સ્થાનેથી શ્રી રતનશી બાપાએ પોતાના લાગણીભર્યા પ્રવચનમાં જણાવેલું કે, ''આપણી જ્ઞાતિમાં સનાતન પ્રકાશ વડે પાખંડી પંથોનો અંધકાર વધારે ટકી શકે તેમ નથી. માટે બંધુઓ આપણી જ્ઞાતિની ઉન્નતિ ચાહતા હો તો સુધારાની પવિત્ર વેદીમાં ઝંપલાવો અને વૈદિક સનાતન ધર્મનો પ્રચાર તન-મન-ધનથી કરવાને કટિબદ્ધ થાઓ. આપણી સનાતન સંસ્કૃતિને પવિત્ર રાખવા અસંખ્ય વીરોએ બલિદાનો આપેલાં છે. વીર ક્ષત્રાણીઓએ જૌહર કર્યા છે. ગુરૂ ગોવિંદસિંહના કુમળા બાળકો સદેહે દીવાલમાં ચણાયાં છે, પણ સ્વધર્મને છોડ્યો નથીએ. માટે બંધુઓ, આપણે પણ હવે કેસરિયા કરી આસુરી અંધકારનો નાશ કરવો જરૂરી છે. એવી મારી જ્ઞાતિના નવયુવકોને હાકલ છે.''

શ્રી રતનશી બાપાના નેતૃત્વ હેઠળ આપણા સમાજે ગામે ગામે લક્ષ્મીનારાયણ ભગવાનનાં મંદિરો સ્થાપવાનું જે અભિયાન ચલાવ્યું તેના ફળ સ્વરૂપે લોકોમાં જાગૃતિ આવી અને આજે મોટા ભાગના ગામોમાં લક્ષ્મીનારાયણના મંદિરોની પ્રતિષ્ઠા થઈ શકી છે.

રતનશીભાઈના શરીરે સાથ આપ્યો ત્યાં સુધી તેઓ રાત દિવસ જોયા વગર આ કાર્યમાં લાગી રહ્યા હતા. એ માટે તેમને સારો એવો આર્થિક ભોગ પણ આપવો પડ્યો હતો. તેમને મુંબઈની કેટલીક મિલકતો પણ વેચવી પડેલી. તેની તેમને ચિંતા નહોતી. તેઓ તો ઇચ્છતા હતા કે જ્ઞાતિજનો જાગૃત થાય અને ધર્મનો સાચો રાહ સમજે.

સમય જતાં તેમને સંધિવાની જોરદાર અસર થઈ ગઈ અને તેઓ હરી ફરી શકે તેવી સ્થિતિમાં ન રહ્યાં. એટલે તેમણે આ કાર્યને છોડી જીવનનાં છેલ્લાં ૧૫ વર્ષ મુંબઈ રહેવા જવાની ફરજ પડી. જીવનના અંતકાળ સુધી મુંબઈ જ રહ્યા. તા. ૨૮-૯-૧૯૭૦ ના રતનશી બાપાનો દેહ વિલય મુંબઈમાં જ થયો.

નથુભાઈ નાનજી કેસરાણી



કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં સનાતન ધર્મનો પ્રચાર-પ્રસાર કરનાર અને જ્ઞાતિના આદ્ય સુધારક શ્રી નારાયણજી બાપાના ધર્મજાગૃતિના કાર્યને આગળ ધપાવનાર શ્રી નથુભાઈ નાનજી કેસરાણી નખત્રાણાના નાનજીભાઈ ભીમજી કેસરાણીના સુપુત્ર હતા. નથુભાઈને નાની ઉંમરે જ તેમના પિતાશ્રી લાકડાં વહેરણના કામ કાટે બંગાળમાં લઈ ગયા પણ એક તમાકુના વેપારી તેની બુદ્ધિ પ્રતિભાને પારખી, નથુભાઈને પોતાની સાથે ઓરિસા લઈ ગયા અને પોતાના ઘરે રાખ્યા.

એ વખતના વેપારીએ મોટો ભોજન સમારંભ રાખ્યો, જેમાં ઓરિસામાં આવેલા બલાંગિર રાજ્યના દીવાન સહિત પ્રતિષ્ઠિત મહાનુભાવોને આમંત્ર્યા. તેમાં એક દીવાન કચ્છના કેરાના કેસરા ખોજા પણ હતા. જ્યારે બધાની પરિચય વિધી થઈ ત્યારે નથુભાઈએ પણ પોતે કચ્છના કડવા પાટીદાર હોવાનો પરિચય આપ્યો. ત્યારે સૌની વચ્ચે પેલા ખોજા સદ્ગૃહસ્થે કહ્યું કે કચ્છમાં કડવા પાટીદારો ઈમામશાહે સ્થાપેલો પીરાણા પંથમાં છે એ મુસ્લિમ ધર્મનો જ ભાગ છે. વેપારીને થયું કે હું આટલા વર્ષથી હિન્દુ સમજીને ઘરમાં રાખતો હતો તે આવો નીકળ્યો. જો કે નથુભાઈ તેમને એ વાત સમજાવવામાં સફળ રહ્યા કે આ વાઅ સર્વથા સાચી નથી. પણ એમના જીવનમાં એક ડંખ રહી ગયો કે મારી જ્ઞાતિ સનાતન ધર્મનો રાહ ચૂકી ગઈ, તેથી જ મારે આ બધું સાંભળવું પડે છે.

નથુભાઈ સારાપદની નોકરી છોડી કચ્છમાં આવી ગયા અને મથલના પરબતભાઈ લખુ પોકારને મળી પોતાની અંતર વ્યથા કહી. ત્યાર પછી તેઓ રતનશીભાઈ ખીમજી ખેતાણીને મળ્યા અને તેમની સાથે સનાતન ધર્મ જાગૃતિના કાર્યમાં લાગી ગયા. નથુભાઈ પ્રખર વક્તા હતા. તેઓ તેમની વાક્ચાતુર્યથી અને દાખલા દલીલોથી જનસમુદાયને સારી પેઠે સમજાવી શકતા. તેમણે રતનશીભાઈ ખેતાણી, પરબતભાઈ લખુ પોકાર,

ભીમજીભાઈ કેસરા લીંબાણી, ખીમજીભાઈ નાગજી લીંબાણી વગેરે આગેવાનોની સાથે કચ્છમાં ગામેગામ પ્રવાસ કરી પાટીદારોને જૂનો સતપંથ સંપ્રદાય છોડી સનાતન ધર્મમાં આવવા સમજાવતા અને ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરો બાંધવા પણ સમજાવતા.

આ કાર્યમાં નથુભાઈને જૂના સતપંથ સંપ્રદાયના અનુયાયીઓનો જબરજસ્ત વિરોધનો સામનો કરવો પડ્યો હતો. તેમના સામે કચ્છના મહારાવ શ્રી ખેંગારજી સમક્ષ સતપંથના આગેવાનોએ ખોટી રજૂઆત કરતાં મહારાવશ્રીએ નથુભાઈને કચ્છમાંથી તડીપાર કરવાનો હુકમ આપ્યો હતો, પણ નથુભાઈ નીડર હતા. તેઓ નખત્રાણાના નારણજી વકીલને લઈને કચ્છના મહારાવ સમક્ષ ભુજ દરબારમાં હાજર થયા અને મહારાવશ્રીને સમજાવ્યું કે મારી જ્ઞાતિને સનાતનને માર્ગે વાળવા અને હિન્દુ ધર્મમાં પાછી લાવવા પ્રયાસ કરૂં છું એમાં કોઈ ગુનો કરતો નથી. મહારાવશ્રીને પણ નથુભાઈની આ વાત ગળે ઊતરી ગઈ અને તેમણે નથુભાઈને હદપાર કરવાનો હુકમ રદ કર્યો. એટલું જ નહીં પણ તેમને આ કાર્યમાં સહયોગ આપવાની ખાતરી પણ આપી.

ઈ.સ. ૧૯૪૪ માં કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજની સ્થાપના કરવામાં આવી તેના મહામંત્રી પદે શ્રી નથુભાઈ નાનજી વરાયા હતા અને સનાતન ધર્મની આ કેન્દ્રીય સંસ્થાનું કાર્યાલય પણ નખત્રાણા નથુભાઈને ઘેર જ રાખવામાં આવ્યું હતું.

કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજે વિ.સં. ૨૦૦૨ માં શ્રી ઉમિયા માતાજી મંદિર, વાંઢાય ખાતે ઐતિહાસિક ઠરાવ કરી સતપંથના મુખી દ્વારા થતાં લગ્નો બંધ કરાવી હિન્દુ સંસ્કાર મુજબ બ્રાહ્મણો દ્વારા લગ્નો કરાવવાં અને દફન વિધીને બદલે મરણ પછી અગ્નિ સંસ્કાર કરવાનો પણ ઠરાવ કર્યો. તેમાંનો પ્રથમ ઠરાવ તમામ જ્ઞાતિજનોએ અમલ કર્યો પણ બીજા ઠરાવનું મોટા ભાગના સતપંથીઓએ પાલન કર્યું નહીં.

જ્ઞાતિમાં શિક્ષણને ઉત્તેજન મળે એ વાતમાં નથુભાઈ સંમત હતા. એટલું જ નહીં પણ સંતશ્રી ઓધવરામજી મહારાજ સાથે પ્રયાસ કરીને લોકોને કેળવણીનું મહત્વ પણ સમજાવતા. પરંતુ ઈ.સ. ૧૯૬૦ માં કચ્છ કડવા પાટીદાર સમાજની રચના થઈ તે વેળાએ એ સમયના આગેવાનોએ સતપંથીઓ માટે જે કૂણું વલણ અપનાવ્યું એ સામે તેમને વાંધો હતો અને આગેવાનોનું આ અસ્પષ્ટ વલણ ભવિષ્યમાં નડતરરૂપ થશે એવું તેઓ માનતા અને તેનો વિરોધ કરવા તેમણે આગેવાનો સાથે મળીને સભાઓ પણ યોજી હતી. પણ તેમની વાત તે સમયે કાને ધરવામાં આવી નહોતી. સનાતન ધર્મની જાગૃતિ માટે તેમણે આપેલા પ્રદાનની નોંધ લેવી જ રહી.

સમાજના ઘડવૈયાઓ

ભીમજીભાઈ કેશરા લીંબાણી



શ્રી ભીમજી કેશરા લીંબાણીનો જન્મ કોટડા ખાતે સંવત ૧૯૫૦ માં અષાઢ સુદ ૧૫ ના રોજ થયો હતો.

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં સામાજિક, ધાર્મિક અને શૈક્ષણિક ક્ષેત્રે વિશેષ પ્રદાન કરનાર કોટડા જડોદરના શ્રી કેશરાભાઈ હંસરાજ લીંબાણીના સપૂત શ્રી ભીમજીભાઈની કોલકાતામાં પ્રેમજી એન્ડ ભીમજી નામે મોટી પેઢી હતી અને ધીકતો ધંધો હતો. પરંતુ પોતાના જ્ઞાતિ બાંધવો માટે કંઈક કરી છૂટવાની શુભ ભાવના લઈને કચ્છમાં આવ્યા અને માદરે વતનને તેમની કર્મભૂમિ બનાવી અઢી દાયકા જેટલા લાંબા સમય સુધી તેમણે ધાર્મિક અને સામાજિક સંસ્થાઓમાં રહીને નિરપેક્ષાભાવે તેમની સેવાઓ આપી.

ઈ.સ. ૧૯૪૪ માં સનાતન ધર્મ જાગૃતિ માટે સ્થપાયેલા કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજના ભીમજીભાઈ સ્થાપક આગેવાનોમાં એક હતાં અને આ સંસ્થાના પ્રમુખ શ્રી રતનશીભાઈ ખીમજી ખેતાણી અને નથુભાઈ નાનજી કેસરાણી તેમજ અન્ય આગેવાનો સાથે રહીને કચ્છના ગામેગામ સનાતન ધર્મના પ્રચાર માટે પ્રવાસો કર્યા હતા અને આગેવાનોના પુરૂષાર્થના પરિણામરૂપે કચ્છના ઘણાં ગામોમાં જ્ઞાતિનાં કુટુંબો સતપંથ છોડી સનાતન ધર્મ તરફ વળ્યા અને ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરો બંધાયા. આ આગેવાનો મંદિરોની પ્રાણ પ્રતિષ્ઠામાં પણ હાજરી આપતા.

પાટીદારો આઝાદી પછી ખેતી છોડી વ્યવસાયાર્થે કચ્છ બહાર જવા લાગ્યા એટલે

તેમને શિક્ષણનું મહત્વ સમજાયું અને તેમના સંતાનો શિક્ષણથી વંચિત ન રહે એ દિશામાં તેઓ સક્રિયપણે વિચારતા થયા. તા. ૨૨-૫-૧૯૫૭ ના કોટડા ખાતે ભીમજીભાઈના નિવાસ સ્થાને જ જ્ઞાતિના એ સમયના ટોચના આગેવાનોની એક મીટીંગ યોજાઈ જેમાં નખત્રાણા ખાતે જ્ઞાતિનું છાત્રાલય બાંધવાનો નિર્ણય કરવામાં આવ્યો અને વિધિસર સમાજ રચના કરવાના બીજ પણ આ જ મીટીંગમાં રોપાયાં. આ માટેની કાર્યવાહી કરવા એ મીટીંગમાં એડહોક કમીટીની રચના કરવામાં આવી, જેના ખજાનચી પદે ભીમજીભાઈની વરણી કરાઈ.

પ્રમુખ શ્રી પરબતભાઈ લખુભાઈ પોકાર અને અન્ય આગેવાનોની સાથે ભીમજીભાઈએ પણ ભારતનો પ્રવાસ ખેડ્યો અને નખત્રાણામાં આકાર લેનાર વિદ્યાર્થી ભવન માટે ફંડ એકત્ર કર્યું. ભીમજીભાઈના પ્રભાવને લઈને એ સમયે બંગાળમાંથી જ રૂ. ૧,૬૪,૦૦૦/- જેટલી માતબર રકમનું દાન નોંધાયું હતું.

તા. ૧૧-૫-૧૯૬૦ ના રોજ નખત્રાણામાં જ્ઞાતિજનોની વિશાળ ઉપસ્થિતિમાં શ્રી ભીમજીભાઈ કેશરા લીંબાણીના વરદ્ હસ્તે પાટીદાર વિદ્યાર્થી ભવનનું તાળું ખોલીને વિધિવત્ ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. વિદ્યાર્થી બોર્ડિંગના દ્વાર ખૂલવાની સાથે સાથે જ્ઞાતિના માધ્યમિક શિક્ષણ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે પ્રગતિના દ્વાર પણ ખૂલી ગયાં.

ભીમજીભાઈએ જે ચાંદીનું તાળું ખોલ્યું તેની ઉછામણી કરવામાં આવી. તેમાંથી એ સમયે રૂ. ૪૦,૦૦૦/- જેટલી માતબર રકમ મળી જે સમાજના વિકાસ માટે અર્પણ કરવામાં આવી. આ ચાંદીના તાળાને કચ્છ મ્યુઝિયમમાં મૂકવામાં આવ્યું છે.

નવી રચાયેલી કચ્છ કડવા પાટીદાર સમાજમાં શ્રી ભીમજીભાઈની ટ્રસ્ટીપદે વરણી કરાઈ અને એ રીતે જીવનપર્યંત સમાજને પોતાની સેવાઓ આપતા રહ્યા હતા. તા. ૬-૧-૧૯૭૭ ના તેમનું નિધન થયું.

તેમના જીવનકાળમાં તેમણે પોતાના ગામ કોટડા જડોદરમાં તેમના પિતાશ્રીની સ્મૃતિમાં શ્રી કેશરા હંસરાજ લીંબાણી પ્રા. શાળા બંધાવી ગામને અર્પણ કરી હતી. તેમના નિધન બાદ તેમની સ્મૃતિને કાયમ રાખવા કોટડા કેળવણી મંડળે ઊભા કરેલા વિદ્યાલયને ''શ્રી ભીમજી કેશરા વિદ્યાલય'' એવું નામકરણ કરવામાં આવ્યું છે.

પરબતભાઈ લખુ પોકાર



મથલ ગામના અગ્રણી શ્રી પરબતભાઈ લખુભાઈ પોકારનું ધાર્મિક, સામાજિકા અને રાજકીય, એમ ત્રણે ક્ષેત્રમાં ઉલ્લેખનીય પ્રદાન રહ્યું છે.

આદ્ય સુધારક શ્રી નારાયણજી બાપાએ પ્રગટાવેલી ધર્મ જાગૃતિની મશાલને પ્રજ્જવલિત રાખવાનું તેમના સાથીદારો શ્રી રતનશી ખીમજી ખેતાણી અને શ્રી નથુભાઈ નાનજી કેશરાણીએ ઉપાડી લીધું. તેમાં શ્રી પરબતભાઈ લખુભાઈ પોકાર પણ જોડાયેલા હતા. અને ગામેગામ જઈને સભાઓ યોજી સનાતન ધર્મના પ્રચાર પ્રસારનું જે કાર્ય થયું તેમાં તેમનું મહત્વપૂર્ણ યોગદાન હતું.

ઈ.સ. ૨૦૦૧ અને ૨૦૦૨ માં વાંઢાય ખાતે યોજાયેલી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજની નિર્ણાયક મીટીંગોમાં પણ તેમની અગ્રણી ભૂમિકા હતી. વિ.સં. ૨૦૦૦ માં યોજાયેલ ઉમિયા માતાજીના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન આયોજીત એક સભાનું પ્રમુખસ્થાન પણ શ્રી પરબતભાઈએ સંભાળ્યું હતું.

જ્ઞાતિમાં શિક્ષણને ઉત્તેજન મળે એ માટે નખત્રાણામાં છાત્રાલય બાંધવાની ચર્ચા કરવા કોટડા ખાતે મળેલી આગેવાનોની મીટીંગનું પ્રમુખસ્થાન પણ તેમણે સંભાળ્યું હતું. અને ૧૯૫૭ માં રચાયેલી સમાજની રચના પહેલાની એડહોક સમિતિના પ્રમુખ પણ તેઓ જ હતા. તેમના પ્રમુખપદ હેઠળ જ ભારતભરમાં ફરીને આગેવાનોએ વિદ્યાર્થી છાત્રાલય માટે ફંડ એકત્ર કર્યું. જ્ઞાતિનું પ્રથમ છાત્રાલય બેનમૂન બને એ માટે તેમણે સૌરાષ્ટ્રમાં ફરીને છાત્રાલયોમાં જાત નિરિક્ષણ કરી માહિતી મેળવી હતી. સમાજની વિધિસર રચના પછી પણ તેમણે ટ્રસ્ટી પદે રહીને દીર્ઘ સેવાઓ આપી હતી.

રાજકીય ક્ષેત્રની વાત કરીએ તો પરબતભાઈ પોકાર કચ્છ જિલ્લાના લોકલ બોર્ડના સભ્ય હતા. નખત્રાણા તાલુકાના સામાન્ય જનનું અને ખેડુતોનું પ્રતિનિધિત્વ કરતા હતા અને તેમના પ્રશ્નોની રજૂઆત પણ કરતા. આ ઉપરાંત તેઓ અન્ય ઘણી સરકારી અને સહકારી ક્ષેત્રોની સમિતિઓમાં પણ સક્રિય સભ્ય હતા.

નારણભાઈ શિવજી નાકરાણી



વીરાણી મોટીના શ્રી નારણ શિવજી માનાણી પણ એક નિષ્ઠાવાન સામાજિક કાર્યકર હતા. પ્રથમથી જ તેમનો અભિગમ સુધારાવાદી રહ્યો હતો. એટલે જ તો તેઓ જ્ઞાતિના આદ્ય સુધારક શ્રી નારાયણજી બાપાની ધર્મ જાગૃતિની પ્રવૃત્તિમાં સક્રિય રહ્યા હતા. તેઓએ મુંબઈ ખાતે ધર્મ સુધારણાની પરિષદો યોજવામાં શ્રી નારાયણજી બાપાને ખૂબ જ સારો સહકાર આપ્યો હતો. તેઓ શ્રી નારાયણજી બાપાના મુખ્ય સાથીદારોમાંના એક હતા.

નખત્રાણા ખાતેના પાટીદાર વિદ્યાર્થી ભવનની જમીન મેળવી આપવામાં પણ તેમનું વિશેષ યોગદાન રહ્યું હતું. એટલું જ નહીં, પણ વિદ્યાર્થી ભવનના બાંધકામમાં પણ ઊંડો રસ લઈને તેમણે બહુમૂલ્ય સેવા આપી હતી. કેન્દ્રીય સમાજની પ્રથમ પરિષદમાં અને ત્યાર પછી પણ તે સામાજિક કાર્યમાં સક્રિય રહ્યા હતા.

ઘાટકોપરમાં પાટીદાર સમાજવાડી ભવન ઊભું કરવામાં પણ તેમનો સિંહફાળો હતો. મુંબઈમાં પ્રથમ સમાજવાડી નિર્માણમાં તેમણે માતબર દાન તો આપ્યું હતું પણ બીજી સેવાઓ પણ આપી હતી.

નારણભાઈએ મુંબઈમાં નારણનગર બાંધ્યું. જ્ઞાતિના સામાન્ય સ્થિતિના કુટુંબોને સસ્તા દરે મુંબઈ જેવા મહાનગરમાં ઓટલો મળી રહે એવી તેમની ભાવના હતી. તેમ શિક્ષણમાં કંઈ કરવું જોઈએ એવી મહેચ્છા હતી. તેમ વીરાણીમાં પોતાના મકાનમાં શાળા શરૂ કરાવી હતી. એ સિવાય વીરાણી સમાજવાડી, રોડ, રસ્તા જેવાં વિકાસના કામો પણ કરાવ્યાં હતાં.

અરજણભાઈ રામજી ભગત



કચ્છના હૃદય સમા ભુજમાં ૭ માળનું ૧૨૦ જેટલા રૂમો ધરાવતું કચ્છ કડવા પાટીદારનું કન્યા છાત્રાલય અને કન્યા વિદ્યાલય ભવન ઊભું છે. એ પરિસરમાં જ્ઞાતિજનોને ઉતરવા માટેની સમાજવાડી આવેલી છે. ભુજ નગરની મધ્યમાં આટલી વિશાળ જમીન ખરીદીને સમાજને સુપ્રત કરનાર દૂરંદેશી આગેવાન હતા શ્રી અરજણભાઈ રામજી ભગત.

મૂળે વડવા ગામના પણ આઝાદી પહેલાં વ્યવસાયાર્થે કરાચી રહેતા. શ્રી અરજણભાઈ દેશના ભાગલા બાદ કચ્છમાં આવ્યા અને ભુજને પોતાનું કાર્યક્ષેત્ર બનાવ્યું. સને ૧૯૫૧ માં ભુજમાં સ્થાયી થયા અને બાંધકામ ક્ષેત્રે ઝંપલાવ્યું.


એ સમય એવો હતો કે કચ્છમાંથી પાટીદારો વ્યવસાયાર્થે કચ્છ બહાર જવાનું થતું. ટ્રેનમાં બેસવા ભુજમાં રોકાવું પડતું. પણ ભુજમાં જ્ઞાતિની એવી કોઈ વ્યવસ્થા નહોતી. વળી હોસ્પીટલો પણ ભુજ સિવાય ભાગ્યે જ હતી. એટલે તબીબી સારવાર માટે આવનાર દર્દીઓને પણ ભુજમાં રોકાવાનું થાય તેમાં ઘણી હાલાકી ભોગવવી પડતી.

અરજણભાઈ આ બધું જોતા તેમને બહુ દુઃખ થતું. તેમને થતું કે ભુજમાં જ્ઞાતિની સમાજવાડી હોય તો આ બધી સમસ્યાનું નિરાકરણ થઈ શકે. અરજણભાઈ "AA" ક્લાસના બિલ્ડીંગ કોન્ટ્રેક્ટર હતા એટલે એ સમયના રાજકીય આગેવાનો ને સરકારી અધિકારીઓ સાથે સારા સંબંધો હતા. તેમણે તે સમયનાં કચ્છના કલેક્ટર શ્રી તુલસીદાસ શેઠને આ બાબતે વાત કરી. ટી.એમ. શેઠે વિશાળ જમીન સાથેનો બંગલો આપવાની દરખાસ્ત મૂકી અને અરજણભાઈએ તરત જ રૂ. ૬,૦૦૦/- આપીને તે જમીન ખરીદી લીધી અને પછી સમાજના આગેવાનોને આ વાત કરી. સૌએ આ વાતને વધાવી લીધી. ૧૯૫૭ માં આ રીતે અરજણભાઈના સંનિષ્ઠ પ્રયાસોથી ભુજમાં સમાજવાડીનો પાયો નંખાયો.

શરૂઆતમાં સમાજવાડીમાં પૂર્વ અને પશ્ચિમ તરફ ભોજનાલયના દસ દસ રૂમો બાંધવામાં આવ્યા. આ બાંધકામમાં પણ તેમણે નિરપેક્ષ ભાવે સેવા આપી.

પથદર્શક સંતો

સંતશ્રી લાલરામજી મહારાજ



દેશલપર ગુંતલીના ગોપાળ પટેલના પત્ની માનબાઈની કૂખે સં. ૧૯૧૩ ના વૈશાખ સુદ ૨ ના પુત્ર જન્મ થયેલ. જેનું નામ લાલજી રાખવામાં આવ્યું હતું. મહારાજ શ્રી ઈશ્વર રામજી દેશલપર પધાર્યા હતા, ત્યારે લાલજી ઉંમરલાયક ખરા અને સાધુ સેવામાં ભાગ પણ લેતાં. મહારાજશ્રીએ એના ચહેરા સામે જોઈને વિધિ લેખ વાંચી જોયો અને પૂછ્યું, ''નારાયણ, તમારું નામ શું?'' છોકરાએ જવાબ આપ્યો, ''મારું નામ લાલજી''. ''નામ તો બહુ સારું છે બાપલા, સાયલામાં લાલજી નામે મરજીવો ભગત પાકી ગયો, તમારામાં પણ એ નામ સાર્થક કરવાની શક્તિ અમોને જોવામાં આવે છે. કરશોને?'' જવાબ મળ્યો, ''આપના આશીર્વાદ હશે તો થઈ શકશે.''

''બહુ સારૂં'' ''જુઓ લાલજી, આજે રાત્રે તમારે કથા વાંચવી. અમે બધા સાંભળશું.'' ''આપ આજ્ઞા કરશો તો એ પણ વાંચીશ''. પછી તો દરરોજ લાલજી કથા વાંચે અને મહારાજશ્રી સર્વ કોઈને સમજાવે. એની વાંચવાની, બોલવાની છટાથી મહારાજશ્રી બહુ જ ખુશ થતા. એમને એવી રીતે લાંબા સમય સુધી મહારાજશ્રીનો સત્સંગ મળ્યો તેમ શાસ્ત્ર પાઠનનો લાભ પણ મળી ગયો. મહારાજશ્રી દેશલપર રોકાઈ ફરી પાછા વાંઢાય પધાર્યા. લાલજી ભગતના સંસ્કારો સંત સમાગમથી ખીલી નીકળ્યા. એટલે કુટુંબીઓની સહમતી મેળવી વાંઢાય આવ્યા. પોતાના વિચારો ગુરુદેવ આગળ જાહેર કર્યા. શ્રી ઈશ્વરરામજીએ એનું ભવિષ્ય જાણેલું જ હતું એટલે દીક્ષા આપી શિષ્ય બનાવી લાલરામ નામાભિધાન કરાવ્યું.

શ્રી લાલરામજી ધારણ શક્તિ, વેદાન્તનું જ્ઞાન, વહેવાર કુશળતા, ગંભીરતા અને શાંતિ જેવા ઘણા ગુણોની મૂર્તિ સમાન હતા. કહેવાય છે કે સ્વભાવના તેઓ શ્રી એટલા શાંત હતાં કે ન પૂછો વાત ! શ્રી ઈશ્વરરામજી મહારાજનું શરીર નિવૃત્તિ પામ્યા બાદ ગુરુભાઈઓએ મળી ઉત્સવ કર્યો. ગુણની પૂજા સર્વ કોઈ કરે છે. એમાં ઉંમર અથવા શરીર જોવામાં આવતું નથી. એ પ્રમાણે લાલરામજી ગાદી માટે એ વખતે યોગ્ય હતા. પરંતુ મહારાજશ્રીનો શિષ્ય સમુદાય બહોળો હોવાના કારણે મતમતાંતરો થાય એમાં નવાઈ પામવા જેવું નથી. શ્રી ક્ષેમદાસજી અને ઈશ્વરરામજીના વખતમાં પણ એવું જ હતું. પરંતુ અપેક્ષા રહિત સંત હોવાના કારણે અને પોતાનું કશું બગાડ્યા સિવાય સેવાભાવના બતાવીને અલિપ્ત ભાવે રહીને સમૂહથી દૂર રહીને જીવન પસાર કરી ગયા. આશ્રમ જીવન પણ વહેવાર દશામાં જ ગણાય. મહાપુરૂષોના વાક્યો સત્ય જ હોય છે. અહીં મતમતાંતરે ઉગ્ર રૂપ લીધું. નિવેડો કે નિર્ણય થઈ શક્યો નહીં એટલે મહારાજશ્રીની છબીને જ પછેડી ઓઢાડવામાં આવી.

ત્યાર બાદ પ્રિયદાસજીની અને મૂળદાસજીની ઇચ્છા થતાં ગામનો આશ્રમ, જે જૂના દ્વારા નામે ઓળખાતો, તે એમને સોંપવામાં આવ્યો અને નવા આશ્રમમાં લીલારામજી, બાપુરામજી, દયારામજી, રામદાસજી, નારાયણદાસજી, પ્રેમદાસજી, પુરણદાસજી વગેરે ગુરૂભાઈઓ શ્રી લાલરામજી સાથે રહ્યાં. સંવત ૧૯૭૧ માં સાધુ લીલારામ અને બાપુરામનું શરીર શાંત થતાં શ્રી લાલરામજીએ એમની પાછળ ઉત્સવ કર્યો જેમાં હમલાપુરીના મહંત બાવા શ્રી પૂર્ણરામજી મહારાજે સંતો સેવકોની સહમતી મેળવી શ્રી લાલરામજીને ચદરવિધિ કરીને ગાદીએ બેસાડ્યા.

મહારાજશ્રી ઈશ્વરામજીના વચનો હતાં કે તમે સ્વપ્નામાં રહીને ભજન કરશો તો રિદ્ધિ-સિદ્ધિ ઘર બેઠાં આવીને તમારા આંગણામાં ઊભી રહેવાની જ છે. એ પ્રમાણે ખરેખર અહીં લાલરામજીને આશ્રમનો વહેવાર ચલાવવા માટે કશી-કોઈ જાતની તકલીફ પડી જ ન હતી. મંડળીથી ફરવાનું તો પૂજ્ય મહારાજશ્રીએ પોતાની હયાતીમાં જ બંધ કરાવેલું હતું અને કહેવાય છે કે પાછળથી શ્રી લાલરામજીને કોઈ દરદના કારણે પગ કપાવવો પડ્યો હતો એટલે અપંગ દશાના કારણે ક્યાંય આવવું જવું પણ થતું નહીં. છતાં ગુરૂકૃપાથી કેવલમ આશ્રમ રુડી રીતે ચાલતો હતો. છતાં તેઓશ્રીના અંતરાત્મામાં એક મહાવ્યથા ચાલ્યા કરતી તે એ જ કે, જે જ્ઞાતિ કુળમાં મારો જન્મ થયો એ જ કડવા પાટીદાર સમાજ આજે ધર્મના નામે ભોળપણથી અથવા તો સરળતાથી છેતરાઈને અન્યાશ્રમ સ્વીકાર્યો છે એ એમાંથી કેમ મુક્ત થાય? એ બધા મારા ભગવાન છે. મારે

એમને પાટલે બેસાડીને પૂજવા છે. પરંતુ આજે એ બધા ભગવાનોએ પોતાનો પાટ અલગ માંડ્યો છે.

જ્ઞાતિ જનકો પૂજ લે જિનસે તેરા કામ

જિતના જ્ઞાતિજન મિલે ઈતના શાલીગ્રામ।।

જેના હૃદયમાં સ્વજ્ઞાતિ બાંધવો પ્રત્યે આવી ઉત્તમ પ્રકારની સબળ ભાવના રહ્યા જ કરતી. પરંતુ હવે મનનું કહ્યું શરીર કરે એવી સ્થિતિ રહી ન હતી. એના માટે એક જ ઉપાય હતો કે પાછળની પરંપરાના સંતોને આ કામ સોંપાય. એમનો દઢ સંકલ્પ અને એમની શરીરસેવાના બળે આ કાર્ય શ્રી સદ્‌ગુરુ મહારાજને કરવું પડશે અથવા તો પોતાને ફરી આવવું પડશે? અને મને વિશ્વાસ છે કે એક દિવસ મારૂં આ સ્વપ્નું સાકાર સ્વરૂપ ધારણ કરીને દિશા ભૂલેલા મારા જ્ઞાતિ બાંધવોને ફરી પોતાના અસલ ઘરમાં લાવીને છોડશે. પૂજ્ય શ્રી લાલરામજી મહારાજને ૧૯૭૧ ની સાલમાં ગાદી સોંપાઈ અને એ જ વર્ષમાં એક ઊંડી શુભેચ્છા પોતાના જ્ઞાતિભાઈઓ માટેની લઈ શ્રી લાલરામજી મહારાજ ચિરઃકાળ માટે પોઢી ગયા એટલે કે તેમનું શરીર શાંત થયું.


સંત શ્રી લાલરામજીનો જન્મ જે જ્ઞાતિમાં થયો હતો એ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ હિન્દુ સનાતની ધર્મની રાહેથી ભટકી ગઈ હતી એનું સંત શ્રી ને પારાવાર દુઃખ હતું. એમણે જીવન પર્યંત પોતાની જ્ઞાતિને ધર્મના સાચા રાહે આણવાની ઇચ્છા સેવી હતી અને તેમનાથી બની શક્યું તે બધું જ કર્યું હતું. પરંતુ આ કાર્ય પરિપૂર્ણ થાય તે પહેલાં જ તેમને આ ફાની દુનિયા છોડવાનો સમય આવી જતા તેમનું મન વ્યગ્ર થઈ ગયુ હતું.

ગુરૂજીની મનોવ્યથાને સમજી જનાર તેમના પટ્ટ શિષ્ય સંત શ્રી ઓધવરામજી મહારાજે ગુરૂજીને પૂછ્યું હતું કે, ''તમારા મનમાં એવી કોઈ વેદના રહી ગઈ છે કે જેમને કારણે તમે વ્યથિત છે. તમારી જે કાંઈ ઇચ્છા બાકી હશે તે હું જરૂરથી પૂરી કરીશ. તમે મને આદેશ આપો.''

જીવનની અંતિમ ઘડીએ સંત શ્રી લાલરામજીએ કહેલું કે ''મારી જ્ઞાતિ સનાતન ધર્મનો પંથ ભૂલી ગઈ છે. તેને સનાતન ધર્મના રાહ પર લાવવાની મારી ઇચ્છા પૂર્ણ થઈ શકી નથી. મારૂં આ અધુરૂં કાર્ય તમે જરૂરથી પૂરૂં કરજો.''

સંતશ્રી ઓધવરામજી મહારાજે ગુરૂજીને તેમનું અધુરૂં રહેલું કાર્ય પૂર્ણ કરવાનું વચન આપ્યું અને સંત શ્રી લાલરામજીનું ખિન્ન થઈ ગયેલું મન શાંત થયું અને તેમની જીવન જ્યોત પરબ્રહ્મમાં વિલિન થઈ ગઈ.

પ્રેરણામૂર્તિ ઓધવરામજીનું જીવન દર્શન



વાંઢાયની ભૂમિને તપોભૂમિ અને તીર્થભૂમિ બનાવનાર હરિહર સંપ્રદાયની સંતપરંપરાના મહાન તપસ્વી બ્રહ્મવેત્તા ''બહુજન હિતાય'' જેમણે પોતાનું જીવન ઘસી નાખ્યું એવા મહાન સંતશ્રી ઓધવરામજી મહારાજનો જન્મ વિક્રમ સંવત ૧૯૪૫ ના ચૈત્ર સુદ ૯, રામનવમીના પાવન દિને ભાનુશાલી કુટુંબમાં થયો હતો. તેમના પિતાનું નામ હેમરાજ ભક્ત અને માતાનું નામ ચાગબાઈ હતું. તેઓ તે સમયે અબડાસા તાલુકાના જખી બંદરે નિવાસ કરતા હતા. હેમરાજ ભક્તને મળેલા એક બ્રહ્મવેત્તા મહાત્માએ તેની સંતસેવા અને પ્રભુભક્તિથી પ્રસન્ન થઈ તેમને ત્યાં એક મહાત્મા પુત્રરૂપ અવતરશે એવા આશીર્વાદ આપેલા.

પૂજ્ય મહારાજશ્રી સમજણા થયા ત્યારથી જ એમની રીતભાત, રમત પણ જુદા પ્રકારની હતી. મંદિરોમાં દેવ દર્શને જવું, કથાવાર્તા થતી હોય તો શાંત ચિત્તે શ્રવણ કરવું અને તેમાંથી યાદ રહ્યું હોય તો તેને પુનરાવર્તિત કરી, ફરી ફરી બોલ્યા કરવું, અન્યને સંભળાવવું, બાળકો એકત્ર કરી પોતે કથાકાર બને અને અન્યને શ્રોતા બનાવી ઉપદેશો આપવારૂપી બાળચેષ્ટા કરતા.

ખીરસરાના સંતશ્રી શંકરાનંદે બાળક ઓધવરામમાં ભવિષ્યના મહાન સંતના દર્શન કર્યા અને તેને પોતાની સાથે લઈ જઈ આશ્રમમાં રાખ્યા. જ્યાં તેઓ સંત સમાગમનો લાભ લેતા અને સંતસેવા પણ કરતા. આશ્રમમાં અગ્નિથી દાઝી જવાના અને

કૂવામાં પડી જવાના બે જીવલેણ પ્રસંગોમાંથી સંતશ્રી શંકરાનંદના તપોબળને કારણે અને ઈશ્વરે તેમના હાથે ઘણા શુભ ધર્મકાર્યો કરાવવાના હોવાથી ચમત્કારિક રીતે બચી જવા પામ્યા અને તેઓ આશ્રમમાંથી ઘેર પાછા ફર્યા.

હેમરાજ ભગતે જીવનનાં અંત સમયમાં પોતાની પત્ની ચાગબાઈને બોલાવીને ભલામણ કરતાં કહ્યું હતું કે યોગીરાજના વચન અનુસાર આ બાળકને સંત થવા દેજો પરંતુ પુત્રભાવ રાખી એને પરણાવશો નહીં. એમ કહી ભક્ત હેમરાજે પોતાના પ્રાણ છોડ્યા. સંવત ૧૯૫૯ માં મહારાજશ્રી ઓધવરામજી વ્યવસાયાર્થે મુંબઈ ગયા. ત્યાં તેમણે બારદાનનો, મુકાદમનો એમ જુદા જુદા વ્યવસાયો પણ કર્યા. મોહમયી મુંબઈ નગરીની મોહિની લાગતાં એક સમયે તેમણે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશવાનું પણ વિચાર્યું. પરંતુ એક વખત મિત્રો સાથે ફરતાં ફરતાં સત્યવાદી રાજા હરિશ્ચંદ્રનું આખ્યાન સાંભળવાનું થયું અને તેમના પૂર્વના સંસ્કારો જાગી ઊઠ્યા. વિષય વાસનાને વશ થઈને ઈન્દ્રિય સુખ માટે તેમને બંધનમાં બંધાઈને ઉત્તમ મનુષ્ય અવતાર વેડફી નાખવાનું યોગ્ય ન લાગ્યું. તેમની માતાની પણ મનોમન એ જ ઇચ્છા અને એ જ પ્રાર્થના હતી કે પોતાનો પુત્ર સંસારમાં બંધાઈ ન રહેતાં સંસારીઓને બંધનમાંથી મુક્ત કરનાર સંત બને. યુવાન ઓધવરામજી મુંબઈ નગરીની મોહમાયા છોડી કચ્છ આવ્યા. સંવત ૧૯૬૭ ના શ્રાવણ માસમાં દેવધામ હમલાપુરી બાવાશ્રી દેવાસાહેબની ગાદી ઉપર વેદવેદાંત પારંગત પૂર્ણ પ્રતાપી મહંત બાવાશ્રી પૂરણદાસજી બિરાજતા હતા. તેમના ચરણમાં મસ્તક નમાવી કંઠી બંધાવી અને આશ્રમમાં રહી સંતસેવા અને બાવા જે બતાવે તે કામ કરતા. બાવાજીનું પાંડિત્ય એટલું અગાધ હતું કે તેઓશ્રીએ મહારાજશ્રીને શબ્દ રૂપાવલી, ધાતુ રૂપાવલી, સમાસ ચક્ર અને પંચસંધિ સુધીનો અભ્યાસ કરાવ્યો.

બાવા સાહેબ જ્યાં જતા ત્યાં તેઓ ઉદ્ધવદાસને સાથે લઈ જતાં. પરંતુ ઉદ્ધવદાસની વૈરાગ્યવૃત્તિને કારણે મુંબઈમાં બાવા સાહેબના નિવાસ દરમ્યાન આ ભીડવાળું ધમાલિયું જીવન તેમને અનુકૂળ ન આવતાં તેઓશ્રી વિક્રમ સંવત ૧૯૭૦ માં ઈશ્વર આશ્રમ વાંઢાય પધાર્યા. જ્યાં તેમણે ગુરૂશ્રી લાલરામજી પાસેથી સાધુપદ અને શિષ્યપદની દીક્ષા લઈ ''ઓધવરામજી'' એવું નામ ધારણ કર્યું. ગુરૂ લાલરામજી પાસેથી તેમના વૈરાગ્ય શતકનું જ્ઞાન તો મળ્યું પણ તેમની પાસેથી તેમની સાચા શિષ્ય તરીકેની પાત્રતા જોઈને ગુરૂશ્રી લાલરામજીએ અંત સમયે તેમના ગુરૂ સંતશ્રી ઈશ્વરામજી મહારાજ દ્વારા મળેલું આત્માસાક્ષાત્કારનું ગૂઢ જ્ઞાન આપ્યું. વિક્રમ સંવત ૧૯૭૧ માં ગુરૂશ્રી

લાલરામજીનું શરીર શાંત થયા બાદ હમલા દ્વારાના ગાદીપતિ સંતશ્રી બાવા પૂરણદાસજીએ ઓધવરામજીને ગાદી માટે યોગ્ય ગણીને પસંદ કર્યા અને વિક્રમ સંવત ૧૯૭૬ માં તેઓશ્રીએ તેમના ગુરૂમહારાજશ્રી લાલરામજી પાછળ ભંડારો કર્યો અને તે સમયે ''ચદર વિધી'' થી વાંઢાયની ગાદી સોંપવામાં આવી. પરંતુ મહારાજશ્રીને આશ્રમની જવાબદારીમાં બંધાઈ રહેવા કરતાં ભ્રમણ કરીને લોકોને જ્ઞાનલાભ કરાવવામાં વધુ રુચિ હતી. તેઓ તેમની સાથે બે સંતો વિઠ્ઠલદાસજી અને રામદાસજીને લઈને કચ્છના ગામડાઓમાં લોકસંગ્રહ અર્થે નીકળી પડ્યા. પરંતુ પાછળથી વાંઢાયના દ્વારાની સ્થિતિ અંગે મંજલવાસી સાધ્વી મૈયા તેમજ દ્વારાના સંતોનો સંદેશો આવતાં વાંઢાય પાછા ફર્યા અને આશ્રમની જવાબદારી સંપૂર્ણપણે ઉઠાવી લીધી.

સંતશ્રી ઓધવરામજી સાચા અર્થમાં એક નિઃસ્પૃહી સંત હતા. તેમને ધનનો લગીરે મોહ નહોતો. સેવકો તરફથી મળતું દાન પણ તેઓ સાધુઓની પંગત કરાવવામાં, તેમને દાનદક્ષિણામાં કે પછી ગરીબોને ગુપ્ત રીતે મદદ કરવા જેવા સત્કાર્યોમાં ખર્ચી નાખતાં અને તેમ છતાં ધન બચે તો યજ્ઞ કરાવતા. આવો એક મોટો યજ્ઞ તેઓશ્રીએ સં. ૧૯૯૦ માં તે સમયે ૯૦ હજાર કોરીને ખર્ચે કરાવેલો જેમાં દેશ-પરદેશથી આવેલા સાધુ સંતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

મહારાજશ્રીને ધર્મકાર્ય ઉપરાંત સમાજ સેવા અને શિક્ષણમાં પણ ઊંડો રસ હતો. તેમણે અગાઉ ''સૂર્યા'' ગુરુકુળ નિહાળ્યા બાદ એવું જ ગુરુકુળ કચ્છમાં સ્થાપવાની ઇચ્છા તેમના મનમાં ઘોળાયા કરતી હતી. જેમાં કચ્છના વિદ્યાર્થીઓને વૈદિક જ્ઞાનની સાથે સાથે વ્યવહારિક જ્ઞાન પણ ભણાવવામાં આવે. સં. ૧૯૯૨ ના અક્ષય તૃતીયાના શુભ દિને ગુરુકુળના ખાત મુહુર્તની સાથે મહારાજશ્રીનું આ સ્વપ્ન સાકાર થયું. તેઓશ્રીએ આ ગુરુકુળનું નામાભિધાન તેમના દાદાગુરૂ ઈશ્વરામજીના નામ પરથી ''શ્રી ઈશ્વરરામજી ગુરુકુળ'' કર્યું અને એક વર્ષના ટૂંકા ગાળામાં જ એ ગુરુકુળના મકાનનું બાંધકામ પૂર્ણ થતાં સંવત ૧૯૯૩ ની મહા મહિનાની વસંત પંચમીના શુભ દિને તે સમયના કચ્છના નાયબ દીવાન રા. રા. યદુરામ પુરૂષોત્તમ ભટ્ટના હાથે ઉદ્‌ઘાટન થયું અને ગુરુકુળમાં શરૂ કરવામાં આવેલી અંધશાળાનું ઉદ્‌ઘાટન પણ તે જ સમયે કચ્છના આરોગ્ય અધિકારી ડૉ. જાદવજી હંસરાજ ના હસ્તે કરવામાં આવ્યું જે સમયમાં કચ્છમાં અંધત્વનું પ્રમાણ સવિશેષ હતું. પણ અંધજનો શિક્ષણ મેળવીને પગભર બની શકે એ કલ્પના પણ લોકો માટે દુષ્કર હતી. તે સમયમાં આ કરુણામૂર્તિ આવા લોકોના

અંધકારભર્યા જીવનને પ્રકાશ પાથરવાનું જે બીડું ઝડપ્યું તે ખરેખર ક્રાંતિકારી વિચાર જ ગણી શકાય.

કુદરતના ખેલ તો જુઓ. મહારાજશ્રીના વ્યસની શિષ્ય વ્યસની જાનકીદાસના બહેકાવામાં આવીને હજુર ફરમાનથી આ સંસ્થાના મકાનોને સીલ કરવા જેઓ આવવાના હતા તેઓ જ (રાજ્યના અમલદારો) વાજતે ગાજતે આ મકાનોનું ઉદ્‌ઘાટન કરવા આવ્યા. જાણે આશ્રમને ''સીલ'' કરવાનો હુકમ આપી કરેલા અપરાધની મૂક ક્ષમાયાચના હતી. ગુરુકુળના મકાનોનું કામ પૂરૂં થતાં મહારાજશ્રીના મુંબઈના સેવકો વરસી પડ્યા. એમણે ગુરુકુળમાં સેવકો માટે નિવાસ ગૃહ, પરિવાર ગૃહ, ભોજનશાળા, દવાખાનું, અતિથિ ગૃહ, વ્યાયમશાળા ઇત્યાદિ મકાનો તૈયાર કરાવ્યા.

મહારાજશ્રીની કસોટી થવાની જાણે બાકી હોય તેમ સંવત ૧૯૯૬ માં કચ્છમાં કારમો દુષ્કાળ પડ્યો. મહારાજશ્રી મૂંગા પશુઓ અને ગાયોની વહારે ધાયા. તેમને આ કપરા કાળમાંથી ઉગારી લેવા પશુઓ માટેની ઘાસચારાની વ્યવસ્થા અને ગરીબો માટે અનાજની વ્યવસ્થા માટે તેમણે દાનમાં મળેલું લગભગ બધું જ ધન લૂંટાવી દીધું. ગજા બહારનો ખર્ચ કરીને પણ તેમણે જરૂરિયામંદોને મદદ કરી. સં. ૧૯૯૭ માં તેઓશ્રી મંજલ આશ્રમમાં બે વર્ષ માટે પ્રભુ ભજન કરવા એકાંતવાસમાં ચાલ્યા ગયા. સંવત ૧૯૯૯ ના માગશર માસની સુદ ૪ (તા. ૧૧-૧૨-૪૨) ના રોજ પોતાના એક ગુરૂબંધ સાધુ કેશવદાસને આશ્રમનો વહીવટ સોંપી દીધો. પણ ફાંટાબાજ કુદરત એમને ક્યાં છોડે તેમ હતી? સાચા સાધુનું કર્તવ્ય નિભાવવાનું બાકી હોય તેમ સંવત ૨૦૦૨ માં સાધુ કેશવદાસ નિર્વાણ પામ્યા એટલે ગુરુકુળ આશ્રમનો સઘળો વહીવટ મહારાજશ્રીની કાંધ ઉપર આવી ગયો.

મહારાજશ્રી ઓધવરામજી કોઈ સામાન્ય નહોતા. તેઓ એક ક્રાંરિકારી સંત હતા. પ્રવાહ પતિત થાય એમાંના તેઓ નહોતા. તેઓ તો સામા પ્રવાહે તરનારા મહાપુરૂષ હતા. તેમણે તે સમયની હરિજનોની સ્થિતિ જોઈ અને તેમનું હૃદય દ્રવિ ઊઠ્યું. તેઓશ્રી અસ્પૃશ્યતાને હિંદુ સનાતન ધર્મનું કલંક માનતા હતા. અને તે દૂર કરવા તેમણે કમર કસી. સેવકોના વિરોધ વચ્ચે પણ તેમણે ગુરુકુળમાં જ હરિજન છાત્રાલય શરૂ કરવાનો નિર્ધાર કર્યો અને ધીરે ધીરે સેવકોએ પણ તેમના આ માનવતાવાદી વિચારને સ્વીકાર્યો અને સંવત ૨૦૦૨ માં વાંઢાય ગુરુકુળમાં હરિજન છાત્રાલયની સ્થાપના થઈ. એ જ વર્ષે ચૈત્ર સુદ ૯ ના શુભ દિને મંજલ (યક્ષ) મુકામે એક વિશાળ વણકર-હરિજન સંમેલન યોજાયું.

જેમાં ઘણા આગેવાનો અને નેતાઓ હાજર રહ્યા હતા. આ સંમેલનમાં ખાસ ઉપસ્થિત રહેલા પૂ. રવિશંકર મહારાજે તેમના સાચા સતપણાના ભારોભાર વખાણ કરી તેમને વંદન કર્યા. આ સંમેલનમાં તેમણે હરિજન કુટુંબો સાથે જ સમૂહ ભોજન લઈ માત્ર વચનથી નહીં પણ વર્તનથી પણ દાખલો બેસાડ્યો.

ગુજરાતમાંથી પીરાણા પંથ સ્વીકારીને કચ્છમાં નખત્રાણા, માંડવી અને ભુજ પંથકમાં વસેલા કડવા પાટીદારોને શુદ્ધ સનાતન ધર્મ તરફ વાળવા મહારાજશ્રી લાલરામજીએ જેહાદ જગાવી હતી. પોતાનું શરીર જે જ્ઞાતિનું હતું તે જ્ઞાતિ સાચા રાહ પર આવે એવી તેમની અંતરની ઇચ્છા હતી અને અંત સમયે તેમણે તેમના પ્રિય શિષ્ય મહારાજશ્રી ઓધવરામજીને આદેશ પણ કર્યો હતો. ગુરૂ મહારાજનું અધૂરું રહેલું કામ પરિપૂર્ણ કરવા તેઓ પાટીદારોના ગામડે ગામડે ફરીને સાચો સનાતન ધર્મ શું છે તે ખૂબ જ સરળ છતાં હૃદય સોંસરવી ઉતરી જાય તેવી સચોટ વાણીમાં સમજાવતા અને તેનું ધીરે ધીરે પરિણામ આવવા લાગ્યું. સૌ પાટીદારો એક જ કુળદેવીની છત્રછાયા નીચે સંગઠિત થઈ શકે એ હેતુથી તેઓશ્રીએ સંવત ૨૦૦૦ માં વાંઢાયમાં ઉમિયા માતાજીના મંદિરની સ્થાપના કરી અને સંવત ૨૦૦૩ માં તે જ સ્થળે મા ઉમિયાની પાકી મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરાવડાવી. તેમણે પીરાણા પંથ છોડીને સનાતન ધર્મ તરફ વળવા લાગતા પાટીદારોને પોતાના ગામમાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરો બાંધવાની પ્રેરણા આપી અને જ્યાં જ્યાં શ્રી લક્ષ્મીનારાયણના મંદિરો બંધાતાં અને તેની પ્રાણ પ્રતિષ્ઠા થતી, ત્યાં મહારાજશ્રી અચૂક પધરામણી કરતા. તેમણે પાટીદારોમાં કેળવણીનો વ્યાપ વધારવા સાબરકાંઠામાં વિદ્યાર્થી બોર્ડિંગ શરૂ કરવા મદદ કરેલી હતી.

મહારાજશ્રી જેટલા ધર્મપ્રેમી હતા તેટલા જ બલ્કે તેથી વધુ રાષ્ટ્રપેમી પણ હતા. તેમના રોમેરોમમાં રાષ્ટ્રપ્રેમ છલકતો હતો તેના દર્શન મુંદરા ખાતે યોજાયેલી આઝાદીની ચળવળના ભાગરૂપે જવાબદાર રાજ્યની માંગણી સાથેના અધિવેશનમાં થયાં. જ્યાં તેમણે આ લડતમાં પોતાનું તેમજ પોતાના ગુરુકુળનું નામ નોંધાવ્યું હતું. તેમણે પોતાના આશ્રમમાં અસ્પૃશ્યતા નિવારણની પ્રવૃત્તિને તો વેગ આપ્યો જ હતો પણ સાથે સાથે ખાદી ગ્રામોદ્યોગ, વર્ધા યોજનાની પ્રવૃત્તિઓ વગેરેને પણ સ્થાન આપ્યું હતું. તેઓશ્રી આધુનિક પદ્ધતિએ ખેતી કરવાના પણ હિમાયતી હતા. એ માટે તેમણે વાંઢાયમાં ઈશ્વરવાડી શરૂ કરી આધુનિક ખેતીના પ્રત્યક્ષ પ્રયોગો બતાવી આસપાસના ખેડૂતોને પ્રેરણા પૂરી પાડી હતી.

મહારાજશ્રી સં. ૨૦૦૫ માં મનની શાંતિ માટે પ્રભુ ભજન માટે હરિદ્વાર પધાર્યા અને ત્યાંથી તેમણે ઉત્તર ભારતના તીર્થોનું તીર્થાટન કરી વાંઢાય પધાર્યા ત્યારે વયોવૃદ્ધ ગુરુબંધુ શ્રી રામદાસજીનો અંત સમય નજીક જોતાં તેઓ તેમની સેવામાં લાગી ગયા અને તેમનો દેહવિલય થતાં ભંડારો કર્યો. એ જ રીતે મંજલમાં મૈયાજીની પણ અંત સમયે સેવા શુશ્રુષા કરવાનો તેમને લાભ મળ્યો અને તેમણે મૈયાજીને પણ પરધામ વળાવ્યા બાદ તેમનો પણ ભંડારો કરી શાંતિથી હરિદ્વાર પધાર્યા. જ્યાં તેમણે સપ્તસરોવરને કાંઠે રમણીય સ્થળ પસંદ કરી એક આશ્રમની સ્થાપના કરી. જેનું નામ પોતાના ગુરૂના નામ પર ''કચ્છી લાલરામેશ્વર આશ્રમ'' રાખ્યું. આ આશ્રમની સ્થાપના પાછળનો તેમનો ઉદ્દેશ સાધુ-સંતો તેમજ ખાસ કરીને તીર્થાટને નીકળેલા માદરે વતન કચ્છના લોકોને હરિદ્વારમાં રહેવા ઉતરવાની સગવડ મળી રહે તે હતો. આમ દૂર રહે પણ તેમના હૈયામાં કચ્છ અને કચ્છીઓનું હિત વસેલું જોઈ શકાય છે.

મહારાજશ્રીએ જ્યાં પાટીદાર, મિસ્ત્રી, આહીર, હરિજન વગેરે જ્ઞાતિઓના કલ્યાણ માટે આંતરડુ બાળીને કાર્ય કર્યું તેમ જે જ્ઞાતિના પિંડથી તેમનું શરીર બંધાયું હતું તે ભાનુશાળી જ્ઞાતિ માટે પણ તેમની છેલ્લી અવસ્થામાં ઘણું ઘણું કર્યું. મુંબઈમાં ઘાટકોપર ખાતે તેમણે ભાનુશાળી જ્ઞાતિની વાડી બાંધવાની પ્રેરણા આપી. એ જ રીતે સં. ૧૯૯૧ માં માંડવીમાં જ્ઞાતિના વિદ્યાર્થીઓ માટે બોર્ડિંગ પણ શરૂ કરાવી. ત્યાર પછી તેને પગલે પગલે નલિયા, ભુજ અને જામનગરમાં પણ જ્ઞાતિની બોર્ડિંગો શરૂ થઈ. ભાનુશાલી જ્ઞાતિને એક જ ધર્મછત્ર નીચે લાવી સંગઠિત રાખવાના ઉદ્દેશ્યથી કુળદેવી હિંગલાજ માતાના મંદિરો બાંધવાની પણ તેઓશ્રીએ પ્રેરણા આપી.

જીવનના અંતિમ દિવસોમાં મહારાજશ્રીની તબિયત ઘણી નાદુરસ્ત રહી. પોતાનો અંત સમય કળી જનાર પુરૂષે કચ્છના તમામ સાધુ-સંતોના દર્શન કરવાન શુભ આશયથી એક ઉત્સવ કર્યો. જેમાં પધારેલા સૌ સાધુ-સંતોના ચરણ સ્પર્શ કર્યા. તેમના અંત સમયે કચ્છના જુદા જુદા ગામોમાંથી મહારાજશ્રીના દર્શને આવેલા તેના સેવકો અને ભક્તો ઉપસ્થિત હતા. સંવત ૨૦૧૩ ના પોષ સુદ ૧૨ (તા. ૧૩-૧-૫૭) રવિવાર ને મકર સંક્રાંતિના દિવસે રાત્રે ૮:૧૫ કલાકે મહારાજશ્રી ઓધવરામજીએ છેલ્લા શ્વાસ લઈ મોક્ષ પ્રાપ્તિ કરી.

મહારાજશ્રીને અંતિમ ઇચ્છા અનુસાર મહારાજશ્રી ઈશ્વરરામજીની સમાધિ નજીક ઈશ્વરેશ્વર મહાદેવના મંદિરની ઉત્તર બાજુ બપોરના બાર વાગ્યે મહારાજશ્રીના સ્થૂળ

દેહને હજારો અનુયાયીઓની હાજરીમાં સમાધિ આપવામાં આવી. અને તેમના એક પટ્ટ શિષ્ય સંતશ્રી દયાલદાસજી મહારાજે મહારાજશ્રીનો ભદ્રા ઉત્સવ કર્યો. જેમાં જુદી જુદી જ્ઞાતિના પચાસેક હજાર લોકોએ ભાગ લીધો હતો. તા. ૭-૪-૨૯૫૭ ના રોજ મહારાજશ્રીની સમાધિ પર પાનમૂર્તિ તથા ચરણપાદુકા પધરાવવામાં આવી.

કચ્છના આ મહાન સંતનુ જીવન અને કાર્ય આજે પણ અન્ય સાધુ-સંતો તેમજ સમાજ સેવકો માટે દીવાદાંડીરૂપ બની રહ્યું છે.

સંતશ્રી ઓધવરામજી મહારાજે તેમના ગુરૂ લાલરામજીને આપેલા વચન મુજબ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિને સનાતન ધર્મના માર્ગ પર લાવવા જીવન પર્યંત અથાગ પુરૂષાર્થ કર્યો.

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના આદ્યસુધારક શ્રી નારાયણજી રામજી લીંબાણીએ ધર્મ જાગૃતિનો શંખ ફૂંકીને સૌને જાગૃત કર્યા અને જ્ઞાતિમાં ધાર્મિક ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન આવ્યું. જે જ્ઞાતિજનો સમજ્યા તે જૂનો પિરાણા સતપંથ સંપ્રદાય છોડવા લાગ્યા અને સનાતન ધર્મમાં જોડાવા લાગ્યા. પરંતુ તેમને પૂજન અર્ચન માટે ઈષ્ટદેવની જરૂરિયાત જણાઈ. સંતશ્રી ઓધવરામજી મહારાજ લોકોની લાગણી અને માંગણી સમજી ગયા અને તેમણે વિદ્વાનો અને સંતો સાથે પરામર્શ કરી ઈષ્ટદેવ તરીકે સનાતન ધર્મના મૂળ સમા નારાયણ (લક્ષ્મીજી) સાથે સ્વીકારવાનો નિર્ધાર કર્યો અને જેને સૌ જ્ઞાતિજનોએ સહર્ષ વધાવી લીધો અને ગામેગામ સતપંથ છોડીને સનાતનમાં આવેલા જ્ઞાતિજનોએ ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરો બાંધવાના શરૂ કર્યા.

કચ્છ કડવા પાટીદાર સનાતની સમાજના પ્રમુખશ્રી રતનશીભાઈ ખીમજી ખેતાણી અને મંત્રીશ્રી નથુભાઈ નાનજી કેસરાણી અને અન્ય આગેવાનો સાથે સંતશ્રી ઓધવરામજી મહારાજ સનાતન ધર્મ જાગૃતિ માટે ગામેગામ જતાં અને સભાઓને સંબોધતા આશ્રમની વ્યવસ્થાને કારણે તેમને વાંઢાય રોકાવાનું થતું ત્યારે તેમના પટ્ટ શિષ્ય દયાલદાસજી મહારાજ સનાતન ધર્મના પ્રચાર-પ્રસાર માટે કચ્છ અને સાબરકાંઠાના ગામોમાં આગેવાનો સાથે ભ્રમણ કરતા.

ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરોની પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે આ બન્ને સંતોની ઉપસ્થિતિ અને જ્ઞાન પૂર્ણ પ્રવચનો જ્ઞાતિજનોને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરા પાડતા. સંતશ્રી ઓધવરામજી મહારાજ એવું માનતા કે જેઓ હજુ સનાતન ધર્મમાં નથી આવ્યા તેમને તરછોડવાને બદલે પ્રેમથી સમજાવવા જોઈએ, તો ધીરે ધીરે બધા જ સનાતન ધર્મ તરફ વળશે.

સાબરકાંઠાના ભાઈઓના વિચારોને મૂર્ત સ્વરૂપ આપવા અને જ્ઞાતિને એક નેજા હેઠળ સંગઠિત રાખવા સંતશ્રી ઓધવરામજી મહારાજે ઉધ્ધવ આશ્રમ વાંઢાયમાં કુળદેવી શ્રી ઉમિયા માતાજીનું મંદિર નિર્માણ કરાવ્યું, જે સનાતન ધર્મ જાગૃતિનું કેન્દ્ર સ્થાન બની ગયું.

સંતશ્રી ઓધવરામજી મહારાજ સ્પષ્ટપણે માનતા કે ધર્મ જાગૃતિ માટે શિક્ષણ પણ અનિવાર્ય છે. એટલે તેમણે વાંઢાયમાં ગુરુકુળ શરૂ કરેલું. તેમની પ્રેરણાથી જ સાબરકાંઠામાં ધનસુરા ખાતે સનાતની સમાજે વિદ્યાર્થી છાત્રાલય ઈ.સ. ૧૯૫૩ માં બાંધ્યું અને ત્યાર પછી વિદ્યાલય પણ બાધ્યું અને તેમના નામ સાથે જ આ વિદ્યાલયને જોડ્યું. તેમને એવી પણ આંતરિક ઇચ્છા હતી કે કચ્છમાં પણ વિદ્યાર્થી છાત્રાલયો બંધાય અને કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિમાં શિક્ષણનો વ્યાપ વધે. તેમનું આ સ્વપ્નું ઈ.સ. ૧૯૬૦ માં સાકાર થયું. જ્ઞાતિએ નખત્રાણામાં વિશાળ વિદ્યાર્થી ભવનનું નિર્માણ કર્યું. પરંતુ તે જોવા તેઓ હયાત નહોતા. પરંતુ તેમની પ્રેરણા તેમના પટ્ટ શિષ્ય સંતશ્રી વાલરામજી મહારાજના રૂપમાં જ્ઞાતિજનોને મળતી રહી. સંતશ્રી વાલરામજી મહારાજે પણ તેમના ગુરૂ પૂ. ઓધવરામજી મહારાજનું સનાતન ધર્મ જાગૃતિનું કાર્ય આગળ ધપાવ્યું.

તમે આવો ને સન્માન પળે એના કરતા
તમે જાઓ ને તમારી ખોટ વર્તાય એવું કામ કરજો

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ

૫૦ વર્ષની ગૌરવગાથા

પાટીદાર.....કડવા પાટીદાર.....કચ્છ કડવા પાટીદાર ઈ.સ. ૨૦૦ થી ઈ.સ. ૧૫૦૦ સુધીમાં પાટીદારોનો ઈતિહાસ કડવા પાટીદાર સુધી પ્રચલિત બન્યો હતો. ઊંઝા, નડિયાદ, ખેડા વિસ્તાર પાટીદારોનો ગઢ ગણાતો. મા ઉમિયાના સંતાનો એકંદરે શાંતિથીજીવી રહ્યાં હતાં. ઈ.સ. ૧૫૨૪ માં યમન દેશથી ધર્મ પ્રચારાર્થે આવેલ ઈમામશા બાવાના સંપર્કમાં આવવાથી જ્ઞાતિજનો એમના વિચારો તરફ આકર્શાયા અને આગળ જતાં આદેશ મળતાં મહંમદ બેગડાના રાજ્ય શાસન હેઠળ આપણા પૂર્વજોને કચ્છમાં સ્થાયી થવા મોકલ્યા ત્યારથી આપણે પાટીદાર.....કડવા પાટીદાર.....કચ્છ કડવા પાટીદાર કહેવાયા.

કચ્છમાં આવેલ કડવા પાટીદારોમાં અલ્પ શિક્ષણના કારણે અનેક રૂઢિઓએ પ્રવેશ કર્યો. સામાજિક અને ધાર્મિક અંધકારભર્યા વાતાવરણમાં સુધારાવાદી પ્રયત્નો છેલ્લાં ૨૦૦ વર્ષથી સતત થતા જ રહ્યા. પ.પૂ. કેશરા પરમેશ્વરાએ સુધારાવાદી કાર્યનો ૨૦૦ વર્ષ પહેલાં પ્રારંભ કરાવ્યો. જે સમયાંતરે સતત ચાલતો જ રહ્યો.

કચ્છ કડવા પાટીદાર સમાજની વિધિસર સ્થાપના થઈ તે પહેલાંના પચાસ વર્ષનો ગાળો કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ માટે સંક્રાંતિનો સમય હતો તેમ કહીએ તો ખોટું નહીં ગણાય. કારણ કે એ સમયે જુનવાણી ધાર્મિક ખ્યાલો અને સામાજીક રિવાજો છોડી નવી સુધારાવાદી કેડી પર પ્રસ્થાન કરવાનો જ્ઞાતિ દ્વારા પ્રારંભ થઈ ચૂક્યો હતો. પ.પૂ. નારાયણજી રામજી લીંબાણીએ શરૂ કરેલા ધાર્મિક પરિવર્તન તરફ આગળ વધવાનો દોર રહ્યો હતો એ જ રીતે વ્યવસાય અર્થે કચ્છ બહાર જતાં અન્ય જ્ઞાતિઓના સંપર્કમાં આવતા નવા સામાજિક ખ્યાલોનો ધીરે ધીરે આવિર્ભાવ થવા લાગ્યો હતો. આગળ જતાં સો મિલો ને બિલ્ડિંગ કોન્ટ્રાક્ટરો જેવા વ્યવસાયોમાં સારો એવો વિકાસ સાધ્યો.

વિવિધ શહેરોમાં પહોંચેલ જ્ઞાતિજનોને શિક્ષણનું મહત્વ સમજાવવા લાગ્યું. શિક્ષણના અભાવે પડતી મુશ્કેલીઓનો અહેસાસ થવા લાગ્યો. પ.પૂ. શ્રી ઓધવરામજી મહારાજની પ્રેરણાથી સમાજમાં શિક્ષણ જાગૃતિ લાવવા અને ધાર્મિક અંધકાર દૂર કરવાના પ્રયત્નોએ વેગ પકડ્યો. ઈ.સ. ૧૯૪૪ ના અરસામાં શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજની વિધિવત્ સ્થાપના કરવામાં આવી અને તેના સતત પ્રયત્નોથી

વાંઢાય અને ધનસુરા ખાતે છાત્રાલયો બાંધવામાં આવ્યાં. એ જ રીતે કચ્છમાં નખત્રાણા તાલુકામાં કચ્છ કડવા પાટીદારોની વિશાળ વસ્તીને જોતાં નખત્રાણા ખાતે બોર્ડિંગ બનાવવામાં આવે તો સમગ્ર વિસ્તારમાં બાળકો શિક્ષણનો લાભ મેળવી શકે. સનાતન સમાજના તે સમયના આગેવાનોના વિચારોને અમલમાં મૂકવા માટે તા. ૨૨-૫-૧૯૫૭ ના કોટડા (જ) ગામે ભીમજી કેશરા લીંબાણી (સલાટ) ના નિવાસ સ્થાને કચ્છના ગામે ગામના જાગ્રત આગેવાનોની સભા મળી. સભામાં પ.પૂ. શ્રી ઓધવરામજી મહારાજના નખત્રાણા ખાતે બોર્ડિંગ બનાવવા માટેના પ્રયત્નો અને જાગ્રત આગેવાનો દ્વારા થયેલ પ્રયાસોની માહિતી આપવામાં આવી.

પ.પૂ. મહારાજના સ્વર્ગવાસ બાદ વાંઢાયમાં થયેલ ચર્ચાથી દરેકને માહિતગાર કરેલ. આ સભામાં પ.પૂ. ઓધવરામજી મહારાજે સમાજ માટે સેવેલી આકાંક્ષાઓને મૂર્ત સ્વરૂપ આપવા નખત્રાણા ખાતે પાટીદાર વિદ્યાર્થી ભવન બનાવવાનો સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો. સાથે સાથે કચ્છ કડવા પાટીદાર સમાજ જેવી વિશાળ સંસ્થાની ભૂમિકા તૈયાર કરવામાં આવી. આ જ સભામાં સામાજિક પ્રવૃત્તિને પણ નજર સમક્ષ રાખીને ભુજ અને માંડવી ખાતે સમાજ વાડીઓ બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો.

હાથમાં લીધેલ ભગીરથ કાર્યને સાકાર સ્વરૂપ આપવા એડહોક કમીટીની નિમણુક કરવામાં આવી.

પ્રમુખ : શ્રી પરબતભાઈ લખુભાઈ પોકાર (મથલ)

ઉપ પ્રમુખ : શ્રી શિવદાસભાઈ કાનજી નાકરાણી (વિરાણી મોટી)

મંત્રી : શ્રી કરશનભાઈ શિવદાસ દિવાણી (વિરાણી મોટી)

સહ મંત્રી : શ્રી વિશ્રામ કાનજી (દેશલપુર) (ગુ.)

ખજાનચી : શ્રી ભીમજીભાઈ કેશરા લીંબાણી (કોટડા) (જ.)

કોટડા (જ) ખાતેની મીટીંગમાં લેવાયેલ નિર્ણય અનુસાર નખત્રાણાની શેઠ કે.વી. હાઈસ્કૂલની બાજુમાં ૧૫૬૦૯ ચોરસ વારનો વિશાળ પ્લોટ ખરીદવામાં આવ્યો અને તેના પર દૂરંદેશી વડીલોએ ભવિષ્યને નજર સમક્ષ રાખીને વિદ્યાર્થી ભવનની વિશાળ ઇમારતનું બાંધકામ તા. ૧૫-૧-૧૯૫૮ ના રોજ ખાત મુહુર્ત કરી શરૂ કરાવ્યું. ખર્ચને પહોંચી વળવા સમાજના આગેવાનોએ ભારતભરમાં ફરીને ફંડ એકત્ર કર્યું. નખત્રાણામાં બાંધકામ ચાલી રહ્યું હતું તે દરમ્યાન થોડા વિદ્યાર્થીઓને નખત્રાણાના જૂના લક્ષ્મીનારાયણ મંદિરના મેડા પર રહેવાની કામચલાઉ સુવિધા ઊભી કરવામાં આવી હતી.

ગુજરાતમાં એ સમયે આટલું વિશાળ ધરાવતું વિદ્યાર્થી ભવન ભાગ્યે જ હશે. આવા ભવ્ય ભવનનો ઉદ્‌ઘાટન સમારંભ પણ ભવ્ય જ હોવો જોઈએ એવી સૌની ઇચ્છા હતી. સાથે સાથે સમાજને બંધરાણીય દરજ્જો આપવા જ્ઞાતિની પરિષદ બોલાવવાનું આયોજન ગોઠવાયું. જે મુજબ તા. ૧૦-૫-૧૯૬૦ ના રોજ પાટીદાર વિદ્યાર્થી ભવનના ગ્રાઉન્ડમાં જ જ્ઞાતિની પરિષદ ભરવામાં આવી. જ્ઞાતિના અગાઉના નામમાં થોડા ફેરફારો સાથે શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજના નામ હેઠળ નવા બંધારણને બહાલી આપવામાં આવી. એ જ પરિષદમાં શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના સમયેથી ચાલ્યા આવતા જ્ઞાતિના ધારાધોરણમાં પણ સમયાનુસાર સુધારા-વધારા સાથે શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજના ધારાધોરણના નામે સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

તા. ૧૧-૫-૧૯૬૦ ના શુભ દિને પાટીદાર જ્ઞાતિજનોની વિશાળ હાજરીમાં ખૂબ જ ઉત્સાહ અને ઉમંગના વાતાવરણમાં વિદ્યાર્થી ભવનને ખુલ્લું મૂકવામાં આવ્યું.

નવા બંધારણ મુજબ ટ્રસ્ટી મંડળ, હોદ્દેદારો અને કારોબારીની રચના કરવામાં આવી.

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ - નખત્રાણા

ટ્રસ્ટી મંડળ

૧. શ્રી પરબત લખુભાઈ (મથલ)
૨. શ્રી અરજણ રામજી (ભુજ)
૩. શ્રી ભીમજી કેશરા (કોટડા)
૪. શ્રી નારાયણ શિવજી (વીરાણી)
૫. શ્રી શિવજી જેઠાભાઈ (કોટડા)

કાર્યવાહક સમિતિ

૧. શ્રી શિવદાસભાઈ કાનજી (મુંબઈ) વીરાણીવાળા	પ્રમુખ
૨. શ્રી પરબત લખુભાઈ (મથલ)	ઉપ પ્રમુખ
૩. શ્રી અરજણ રામજી (ભુજ)	ઉપ પ્રમુખ
૪. શ્રી ભીમજી કેશરા (કોટડા)	ખજાનચી
૫. શ્રી ખીમજી નાગજી (મથલ)	મંત્રી
૬. શ્રી પ્રેમજી પુંજાભાઈ (વિથોણ)	સહ મંત્રી
૭. શ્રી લધાભાઈ હરજી (વીગોડી)	સહ મંત્રી

૮. શ્રી નારાયણ શિવજી (વીરાણી)	સભ્ય
૯. શ્રી શિવજી જેઠાભાઈ (કોટડા)	સભ્ય
૧૦. શ્રી વિશ્રામ કાનજી (દેશલપુર (ગું))	સભ્ય
૧૧. શ્રી ખીમજી કચરાભાઈ (રવાપર)	સભ્ય
૧૨. શ્રી રામજી નારણ (નાગપુર) નખત્રાણાવાળા	સભ્ય
૧૩. શ્રી નારણ કાનજી (અંગીઆ)	સભ્ય
૧૪. શ્રી શિવદાસ કચરાભાઈ (નેત્રા)	સભ્ય
૧૫. શ્રી હીરાલાલ ગોપાલ (રસલીયા)	સભ્ય
૧૬. શ્રી હંસરાજ દાનાભાઈ (કલકત્તા) નખત્રાણાવાળા	સભ્ય
૧૭. શ્રી ધનજી હરજી (ભડલી)	સભ્ય
૧૮. શ્રી કરશન ધનજી (લક્ષ્મીપર)	સભ્ય
૧૯. શ્રી ડાહ્યાભાઈ તેજાભાઈ (ટોડીયા)	સભ્ય
૨૦. શ્રી લાલજી કરશન (દુર્ગાપુર)	સભ્ય
૨૧. શ્રી માવજી ધનજી (મુંબઈ) નખત્રાણાવાળા	સભ્ય
૨૨. શ્રી કરશન લાલજી (દયાપર)	સભ્ય
૨૩. શ્રી વેલજી કાનજી (ટોડીયા)	સભ્ય
૨૪. શ્રી કાનજી ભીમજી (મદ્રાસ) ખોંભડીવાળા	સભ્ય
૨૫. શ્રી હીરજી કેશરા (કોટડા)	સભ્ય
૨૬. શ્રી કરશન ભીમજી (કોટડા)	સભ્ય
૨૭. શ્રી કરશન શિવદાસ (વીરાણી)	સભ્ય
૨૮. શ્રી નથુભાઈ નાનજી (નખત્રાણા)	સભ્ય
૨૯. શ્રી પ્રેમજી કરમશી (કૂરબોઈ)	સભ્ય
૩૦. શ્રી પચાણ શિવજી (નાગપુર) વીરાણીવાળા	સભ્ય
૩૧. શ્રી ભાણજી પચાણ (નખત્રાણા)	સભ્ય
૩૨. શ્રી માવજી હીરજી (જબલપુર)	સભ્ય
૩૩. શ્રી કરશન ખીમજી (અમદાવાદ) અંગીયાવાળા	સભ્ય
૩૪. શ્રી અરજણભાઈ કાનજી (ખેડોઈ)	સભ્ય
૩૫. શ્રી ભીમજી વસ્તા (દેશલપુર-મંજલ)	સભ્ય

જ્ઞાતિ પરિષદ વખતે આપણી જ્ઞાતિની વસ્તી ગણતરીનો વિચાર કરવામાં આવ્યો હતો તે અનુસારે દરેક ગામેથી આંકડાઓ મેળવવામાં આવ્યા હતાં. એ આંકડાઓ

અનુસાર ૧૯૬૦ માં આપણી જ્ઞાતિના કચ્છમાં ૧૧૨ ગામો હતાં જેમાં ૬૩,૦૦૦ ની સંખ્યા હતી. ગુજરાતના નાના-મોટા લગભગ ૪૦૦ કંપાઓમાં આપણી સંખ્યા ૬૦,૦૦૦ ની આસપાસ હતી. કચ્છ અને કંપાઓ સિવાયના સમસ્ત ભારતમાં ૨૨,૦૦૦ ની વસ્તીની સંખ્યા હતી. આમ આપણી જ્ઞાતિની સમસ્ત સંખ્યા ૧,૪૫,૦૦૦ જેટલી થયેલ.

કચ્છ કડવા પાટીદાર સમાજને બંધારણીય સ્વરૂપ આપવામાં આવ્યું તે પૂર્વેનો ૧૯૫૧ થી ૧૯૬૦ નો તબક્કો સમાજ માટે સામાજિક અને શૈક્ષણિક વિકાસની નક્કર ભૂમિકા પૂરી પાડનારો બની રહ્યો. ઈ.સ. ૧૯૬૦ થી ૧૯૭૨ સુધીના સમયગાળા દરમ્યાન શ્રી શિવદાસ કાનજી નાકરાણીના પ્રમુખપદ હેઠળની ટીમે વિકાસની ઇમારત ઊભી કરવા માટેનો પાયો નાંખ્યો. દિન-પ્રતિદિન જ્ઞાતિનું સમગ્રતયા આર્થિક સ્તર ઊંચું આવતું જતું હતું. સાથે સાથે ખેતી છોડીને વેપાર-ઉદ્યોગમાં ઝંપલાવનારા કુટુંબોની સંખ્યા પણ વધવા લાગી. ધંધાના વિકાસ માટે બાળકોમાં ઉચ્ચ શિક્ષણની જરૂરિયાત જણાઈ. કચ્છમાં ખેતી ચાલુ રાખીને કચ્છ બહાર ધંધા-રોજગાર જમાવનારાઓએ પોતાના બાળકોના કૉલેજ શિક્ષણ માટે ગંભીરતાથી વિચારવાનું શરૂ કર્યું. કચ્છમાં કૉલેજોની સુવિધા માત્ર ભુજ, માંડવી અને આદીપુરમાં જ હતી. અને ત્યાં રહેવા-જમવા માટે સમાજવાડી સિવાય કોઈ જ સુવિધા નહોતી. ભુજ સમાજવાડીમાં થોડા રૂમો વધારીને તેમા કૉલેજ શિક્ષણ મેળવવા આવનાર વિદ્યાર્થીઓને હોસ્ટેલ સુવિધા આપવામાં આવી.

શિક્ષણનો વ્યાપ વધતાં સમાજમાં ધીરે ધીરે જાગૃતિ વધવા લાગી. સમાજની યુવા શક્તિમાં ચેતનાનો સંચાર થયો. ઈ.સ. ૧૯૭૨ માં કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રમુખપદનું સુકાન શ્રી ખીમજીભાઈ નાગજી લીંબાણી (માસ્તર) મથલવાળાએ સંભાળ્યું. યુવા શક્તિને પ્રોત્સાહન મળ્યું. કોલકાતામાં સ્થાયી થયેલ યુવકો દ્વારા ભારતભરમાં સ્થપાયેલ કેટલાંક યુવક મંડળોઅને જાગ્રત યુવકોનો સંપર્ક સાધવામાં આવ્યો.સૌના વિચારો એક થતાં સમાજ રચનાની જેમ જ સમગ્ર યુવા મંડળોને અખિલ ભારતીય ધોરણે એકસૂત્રે બાંધીયુવા શક્તિને સામાજિક કાર્યો તરફ વળાંક અપાયો. કોલકાતા ખાતે જ સ્નેહ મિલનનું આયોજન થયું જેમાં યુવા સંઘની સ્થાપના કરવાનો નિર્ણય લેવાયો. એડહોક સમિતિની રચના કરવામાં આવી. આધુનિક વિચારસરણી સાથેના સામાજિક રીતરિવાજોમાં પરિવર્તન માટે યુવક સંઘ દ્વારા અધિવેશનની માંગણી કરવામાં આવી.

ઈ.સ. ૧૯૭૭ માં સમાજનું દ્વિતીય અધિવેશન તેમ જ યુવક સંઘનું પ્રથમ અધિવેશન યોજાયું. એ જ જગ્યાએ મહિલાઓનું વિશાળ મિલન યોજાયું. સમય અનુસાર ધારાધોરણમાં સુધારા-વધારા કરાયા. યુવક સંઘને બંધારણીય સ્વરૂપ આપીને સમગ્ર ભારતની વસ્તીના આધારે હોદ્દેદારોની વરણી કરવામાં આવી. આ અધિવેશનમાં ભુજ ખાતે હોસ્ટેલ ઊભી કરવાનો નિર્ણય કરવાને બદલે નખત્રાણા ખાતે હોસ્પીટલ ઊભી કરવાનો ઝડપથી ભૂલ ભરેલ નિર્ણય લેવામાં આવ્યો. તે માટે ફંડ અને સરકારી જમીન સંપાદનની કાર્યવાહી કરવામાં આવી. સમય જતાં બધાને સમજાયું અને હોસ્પીટલ બનાવવાનું નક્કી થયું. આ જ અધિવેશનમાં સમાજના વસ્તી પત્રકનું પ્રકાશન કરવાનો નિર્ણય થયો હતો. તે માટેની સમિતિએ વ્યક્તિ દીઠ રૂ. ૧/- એકત્ર કરેલ. પરંતુ કેટલાક ભાઈઓને આ સામાજિક પ્રવૃત્તિમાં ધાર્મિક પ્રવૃત્તિની ગંધ આવતાં કુટુંબની વિગતો અને રકમ ન આપી અસહકાર જેવું વલણ પ્રદર્શિત કરેલ. જેના કારણે વસ્તી ગણતરીનું કાર્ય પડતું મૂકેલ.

ઈ.સ. ૧૯૭૨ માં ભુજમાં હોસ્ટેલ બાંધવા માટે ખરીદ કરાયેલ જમીન પર અલાયદી હોસ્ટેલ બાંધવા માટે જરૂરી ફંડ અપૂરતું હતું. શૈક્ષણિક ઉત્કર્ષના આ ઉમદા કાર્ય માટે સમાજના આગેવાનો ભંડોળ એકત્ર કરવા ભારતના ખૂણે ખૂણે અને કચ્છના ગામડે ગામડે ઘૂમી વળ્યા અને ભુજમાં ૨૨ લાખ રૂપિયાના ખર્ચે હોસ્ટેલનું અદ્યતન મકાન ૧૯૮૬ માં ખુલ્લું મૂકવામાં આવ્યું.

સમાજના સર્વાંગી વિકાસ માટે સમાજના અર્ધા અંગ સમી સ્ત્રી શક્તિ કેળવાયેલ હોય એ આવશ્યક અને અનિવાર્ય પણ છે. એક તબક્કે પાટીદાર સમાજમાં દિકરા-દિકરીનાં શિક્ષણની અસમાનતાને પરિણામે કન્યાવિક્રય જેવી બદી ઘૂસવાનો આરંભ થયો હતો. પરંતુ યુવક સંઘની અગમચેતી અને અથાગ પ્રયત્નના પરિણામે તે દૂષણને ઊગતું જ ડામી દેવામાં આવ્યું. સમગ્ર રીતે કન્યાઓને શિક્ષણ આપવું એ સમયની માંગ સમજાઈ. પ્રાથમિક શિક્ષણથી જ ઈતિશ્રી કરતાં વાલીઓ પોતાની કન્યાઓને માધ્યમિક શિક્ષણ અપાવવા તત્પર બન્યાં. ભુજમાં ૧૯૮૧ માં જ સમાજવાડીના રૂમોમાં પ્રાયોગિક ધોરણે કન્યા છાત્રાલયની શરૂઆત કરવામાં આવી જેમાં વિના મૂલ્યે ભોજન સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. આગળ જતાં સમાજના કર્ણધારોને સમજાયું કે કન્યા કેળવણીને વધું પ્રોત્સાહન આપવું હશે તો પાટીદારોની વધુ વસ્તી ધરાવતા નખત્રાણા તાલુકાના મુખ્ય મથક નખત્રાણા ખાતે કન્યા છાત્રાલય ઊભું કરવું જોઈએ.

ઈ.સ. ૧૯૮૫ માં સમાજના તૃતીય અધિવેશનનું આયોજન કરવામાં આવ્યું. સાથે સાથે યુવક સંઘ અને મહિલાઓનું બીજું સંમેલન યોજવામાં આવ્યું. ૧૯૬૦ માં પાટીદાર વિદ્યાર્થી ભવનની સ્થાપના થયેલ તેને ૨૫ વર્ષ પણ પૂર્ણ થતાં હોઈ રજત જયંતી મહોત્સવ ધામધૂમથી ઊજવવામાં આવ્યો. માજી વિદ્યાર્થીઓનું સંમેલન યોજવામાં આવ્યું. તેમ જ અધિવેશનમાં સમય પ્રમાણે જરૂરી ફેરફારો કરવામાં આવ્યા.

કચ્છમાં સમાજ દ્વારા સંચાલિત પ્રવૃત્તિ થઈ રહી હતી. ત્યારે શિક્ષણને વેગ આપવા કચ્છ અને સાબરકાંઠામાં સ્થાનિક લેવલે પણ હાઈસ્કૂલો અને હોસ્ટેલોના નિર્માણ કાર્ય કરવામાં આવ્યાં. આજે પણ તેનું સંચાલન સમાજના શિક્ષિત અને જાગ્રત સભ્યો દ્વારા થઈ રહ્યું છે.

નખત્રાણા ખાતે સિદ્ધાંતમાં સ્વીકારાયેલ કન્યા છાત્રાલય માટે પશ્ચિમ બંગાળના ભાઈઓ દ્વારા ૧૨ લાખ રૂપિયાના ફાળાથી શરૂઆત કરવામાં આવતાં વડીલોનો ઉત્સાહ વધ્યો. નખત્રાણાના બસ સ્ટેન્ડ પાસે જ કન્યા હાઈસ્કૂલની બાજુમાં કન્યા છાત્રાલયના શ્રી પ્રેમજી પુંજા પટેલના પ્રમુખ પદ હેઠળ ચતુર્થ અધિવેશનની સાથે અદ્યતન મકાનનું નિર્માણ કરવામાં આવ્યું. તા. ૨૮-૪-૧૯૯૩ ના રોજ વિધિવત્ ખુલ્લું મૂકવામાં આવ્યું. આ જ સમયે માંડવી ખાતે વિદ્યાર્થી છાત્રાલયના અદ્યતન મકાનનું બાંધકામ પણ પૂરજોશથી ચાલી રહ્યું હતું. જેની જવાબદારી માંડવી વિસ્તારના ભાઈઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક સંભાળી. તા. ૧૭-૪-૧૯૯૪ ના રોજ વિધિવત્ ઉદ્ઘાટન કરવામાં આવ્યું. વિશેષ દૂરંદેશી વાપરી ભવિષ્યમાં કન્યા છાત્રાલયના મકાન માટે ૮ લાખ રૂપિયાના ખર્ચે જમીનનો વિશાળ પ્લોટ પણ ખરીદવામાં આવ્યો.

નખત્રાણા અને માંડવીને જેમ જ આ સમયે ગાંધીધામ ખાતે જ્ઞાતિજનોને ઊતરવા સમાજવાડીની આવશ્યકતા ઊભી થતાં સમાજવાડીના બાંધકામની જવાબદારી સ્થાનિકે સોંપવામાં આવેલ જેમાં જરૂરિયાત મુજબનું બાંધકામ કરી સમાજવાડી ખુલ્લી મૂકવામાં આવેલ.

ગુજરાતમાં અભ્યાસનું કાશી ગણાતા વલ્લભ વિદ્યાનગર ખાતે યુવક સંઘ દ્વારા ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓ માટે છાત્રાલયનું નિર્માણ કરવામાં આવ્યું.

સમાજના પ્રમુખપદે સમયાંતરે શ્રી પ્રેમજીભાઈ પુંજા પટેલ ત્યાર બાદ શ્રી મણિલાલ પુંજા પટેલ અને ફરીથી શ્રી પ્રેમજીભાઈ પુંજા પટેલના પ્રમુખપદ હેઠળ સમાજમાં વિકાસના કાર્યો થઈ રહ્યાં હતાં. શ્રી ખીમજીભાઈ લખમશી લીંબાણીના પ્રમુખપદ હેઠળ ભુજના અદ્યતન ૮ માળના કન્યા છાત્રાલયની ઉદ્ઘાટન અંગેની

ચર્ચાઓ ચાલી રહી હતી તે વચ્ચે તા. ૨૬-૧-૨૦૦૧ ના રોજ સમગ્ર કચ્છને ખેદાનમેદાન કરતો અને હજારો લોકોને મોતની ગોદમાં સુવડાવનાર ગોઝારો ભૂકંપ કચ્છ પર ત્રાટક્યો. કચ્છમાં સમાજની બિલ્ડિંગોને નુકસાન થયું. સાથે કચ્છમાં પાટીદારોના ગામોમાં અનેક લોકો બેઘર બન્યા. અનેકે પોતાના સ્નેહીઓ ગુમાવ્યા. આવી વિપદ પરિસ્થિતીમાં કચ્છ બહાર સ્થાયી થયેલ પાટીદારો માદરે વતનની વહારે ચડ્યા. સેંકડો ટ્રકો રાશન, સાધન સામગ્રીના રૂપમાં કચ્છમાં મોકલાવાયું. સમાજે તુરંત જ વગર વ્યાજની લોન સખી દાતાઓ પાસેથી મેળવી જરૂરિયાતમંદોને વિતરિત કરી પોતાનો સમાજ ધર્મ નિભાવ્યો.

ભૂકંપનો ભોગ બનેલ નખત્રાણાના બોર્ડિંગ બિલ્ડિંગના રીપેરિંગ બાદ અન્નપૂર્ણા ભવનનું પાછળથી નવું બાંધકામ કરવામાં આવ્યું. જેમાં બોર્ડિંગના માજી વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ જ મોટી રકમનું દાન સમાજને અર્પણ કરવામાં આવેલ. એ જ રીતે કડવા પાટીદારોના કુળદેવી મા ઉમિયાનું વાંઢાય ખાતેનું મંદિર પણ ભૂકંપમાં જર્જરિત થતાં નવી જગ્યાએ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું, જેને બહોળી હાજરી વચ્ચે ખુલ્લું મૂકાયું.

ભુજમાં બંધાયેલ અદ્યતન કન્યા છાત્રાલય બિલ્ડિંગમાં જ નીચેના ભાગે કન્યા વિદ્યાલય (હાઈસ્કૂલ) જૂન ૨૦૦૨ થી શરૂ કરવામાં આવ્યું. જેમાં ધો. ૮ થી ૧૦ ના વર્ગો ચાલી રહ્યા છે.

સમાજનો બહોળો વર્ગ જ્યારે કચ્છને બદલે સમગ્ર ભારતમાં ધંધાર્થે પથરાઈ ગયો ત્યારે દરેક જગ્યાએ સ્થાનિક સમાજો મજબૂત બનતા ગયા. સ્થાનિક પ્રવૃત્તિ જે થતી હોઈ કેન્દ્રીય સમાજ સાથેના સંપર્કો ઓછા થવા લાગ્યા હતા. આ સમયે ઈ.સ. ૨૦૦૨ થી ૨૦૦૫ દરમ્યાન કેન્દ્રીય સમાજના પ્રમુખસ્થાને શ્રી વાલજીભાઈ શિવજી વાડીયા આવ્યા. પ્રમુખશ્રી અને તેમની ટીમ દ્વારા સમાજ વિકાસ યાત્રાના નામે સમગ્ર ભારતનો પ્રવાસ યોજ્યો. ''કેન્દ્રીય સમાજ આપણો સમાજ'' નું સૂત્ર ગુંજતું કર્યું. વિકાસ યાત્રામાં દેખાયેલ અધુરાંશો પૂર્ણ કરવા સમાજમાં ઝોન પદ્ધતી અમલમાં લાવવામાં આવી. સમગ્ર ભારતને ૨૯ ઝોન બનાવીને એ મુજબ સભ્યોની નિમણૂક કરવામાં આવી. એ જ સમયગાળા દરમ્યાન સમાજમાં વર્ષોથી ઘર કરી ગયેલ સતપંથ સનાતન વિવાદોના સમાધાન માટેના પ્રયત્નો તેજ કરવામાં આવ્યા.

ઈ.સ. ૧૯૭૭ ના નખત્રાણા ખાતેના બીજા અધિવેશનમાં નખત્રાણા ખાતે હોસ્પીટલ બનાવવાનો નિર્ણય લેવાયો તે કાર્યને ૨૫ વર્ષ બાદ હાથ પર લેવામાં આવ્યું. તા. ૧૬-૧૦-૨૦૦૫ ના રોજ ''દેવાશિષ''હોસ્પીટલના નામકરણ સાથે ઉદ્‌ઘાટન

કરવામાં આવ્યું.

સમાજમાં ઉચ્ચ શિક્ષણ માટે ૮૦-જી હેઠળનું અલગ ટ્રસ્ટ બનાવવાની રજૂઆતો થતાં શ્રી ઉમા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ નામે સમાજનું જ નવું ટ્રસ્ટ બનાવવામાં અવ્યું. જેના દ્વારા પ્રથમ તબક્કે સુરતના કડોદરા પાસે વિદ્યા સંકુલ ઊભું કરીને કાર્ય શરૂ કર્યું છે. ભવિષ્યમાં જરૂરિયાતવાળા વિભાગોમાં પણ અન્ય સંકુલો ઊભા કરવા પ્રયત્નશીલ છે. વલ્લભ વિદ્યાનગર ખાતે અગાઉની હોસ્ટેલ ઉપરાંત એક જમીનના પ્લોટની ખરીદી કરવામાં આવેલ છે. એ જ રીતે નખત્રાણા બોર્ડિંગની સામે આવેલ પ્લોટની પણ ખરીદી કરેલ છે.

માંડવી ખાતે આપણે જોયું તેમ સ્ટુડન્ટ હોસ્ટેલ ચાલુ હતી. તેમજ કન્યાઓ માટે પ્લોટ ખરીદી રખાયેલ. ત્યાં નવું બાંધકામ કરવામાં આવ્યું. અગાઉ બંધાયેલ ગામ વચ્ચેની હોસ્ટેલમાં કન્યા છાત્રાલય શરૂ કરવામાં આવ્યું. જ્યારે નવા બંધાયેલ સંકુલમાં સ્ટુડન્ટ હોસ્ટેલ ચાલુ કરવામાં આવી.

સમાજની વિધિવત્ સ્થાપના ૧૯૬૦ માં થયેલ હોવાથી વર્ષ ૨૦૧૦ ને સુવર્ણ જયંતી વર્ષ તરીકે ઊજવવાનો વર્ષ અગાઉ નિર્ણય લેવામાં આવ્યો. વર્ષ દરમ્યાન ૧૨ થીમ આધારિત કાર્યક્રમો ૨૯ ઝોનમાં યોજાય તે રીતે કાર્યક્રમો ચાલી રહ્યા છે. સુવર્ણ જયંતી મહોત્સવ આયોજન સમિતિના ચેરમેન તરીકે શ્રી ગંગારામ હીરાલાલ સાંખલાની નિમણૂક થયેલ હતી. જ્યારે એ જ સમયે યોજાનાર પંચમ અધિવેશનના પ્રમુખ તરીકે સમાજના જ પ્રમુખ શ્રી રામજી કરમશી નાકરાણીની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ હતી. વિવિધ સમિતિઓ પોતાને સોંપાયેલ કાર્યો કરેલ. ૯ થી ૧૨ મે ૨૦૧૦ દરમ્યાન યોજાનાર કાર્યક્રમો દ્વારા સમાજની વીતેલ ક્ષણો અને ભવિષ્યને નજર સમક્ષ રાખીને આયોજન થયેલ.

ગમતી વ્યક્તિથી તમને દુઃખ પહોંચે તો એક વાત યાદ રાખજો,
તે વ્યક્તિ મહત્વની છે તો થયેલું દુઃખ ભૂલી જાવ,
અને જો ''દુઃખ'' મહત્વનું છે તો તે વ્યક્તિને ભૂલી જાવ

With Best Compliments from :

પટેલ ચીમનભાઈ નાનજીભાઈ લીંબાણી

બેંગલુરુ (રસલીયા)



SHIVAM WOOD AND PLY

SHIVAM WOOD & PLY

DEALERS IN : All kinds of Timber, Round Logs & Cut Sizes, Marine & Commercial Plywood

SPECIALISTS IN :

Silver Oak, Shuttering Wood & Shuttering Plywoods

STOCKISTS : KANACHUR PLY
PLYWOOD | BLOCKBOARD | FLUSH DOORS

6/1-1B, Shreegandhada Kavalu,
Sunkadakatte, Vishvaneedam Post,
Magadi Main Road, Bengaluru - 560 091.
Phone : 080-23284406.
E-mail : shivamwoodply@gmail.com

CHIMANBHAI : 94484 58755
RAHUL : 98445 33444
DEEPAK : 99646 43264

શ્રી અ.ભા.ક.ક. પાટીદાર સમાજ ઈ.સ. ૧૯૫૭ થી ઈ.સ. ૨૦૨૦ સુધીના પ્રમુખશ્રીઓ



શ્રી પરબતભાઈ
લખુભાઈ પોકાર
પ્રમુખ - ૧૯૫૭ - ૬૦



શ્રી શિવદાસભાઈ
કાનજીભાઈ નાકરાણી
પ્રમુખ - ૧૯૬૦ - ૭૨



શ્રી ખીમજીભાઈ
નાગજીભાઈ લીંબાણી
પ્રમુખ - ૧૯૭૨ - ૮૭



શ્રી પ્રેમજીભાઈ
પુંજાભાઈ વાસાણી
પ્રમુખ - ૧૯૮૭ - ૯૩



શ્રી મણીલાલ
પુંજાભાઈ રામાણી
પ્રમુખ - ૧૯૯૩ - ૯૯



શ્રી ખીમજીભાઈ
લખમશીભાઈ લીંબાણી
પ્રમુખ - ૧૯૯૯ - ૨૦૦૨



શ્રી વાલજીભાઈ
શીવજીભાઈ વાડીયા
પ્રમુખ - ૨૦૦૨ - ૦૮



શ્રી રામજીભાઈ
કરમશીભાઈ નાકરાણી
પ્રમુખ - ૨૦૦૮ - ૧૧



શ્રી ગંગારામભાઈ
હીરાલાલ સાંખલા
પ્રમુખ - ૨૦૧૧ - ૧૭



શ્રી અબજીભાઈ
વિશ્રામભાઈ કાનાણી
પ્રમુખ - ૨૦૧૭ - ૨૦

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજના પ્રમુખશ્રીઓ

શિવદાસ કાનજી નાકરાણી

સમાજના પ્રથમ પ્રમુખ



કાનજીભાઈ સલાટ નામે ઓળખાતા કંઈક વિશેષ કરી છૂટવાની ધગશ ધરાવતા શ્રી કાનજીભાઈ નાકરાણીને ઘેર પુત્રનો જન્મ થયો. બાળપણથી જ તેજસ્વી પુત્ર શિવદાસભાઈ કૌટુંબીક સ્થિતિને કારણે ત્રણ ગુજરાતીથી વધુ શિક્ષણ મેળવી શક્યા નહીં. પરંતુ તેમના પિતાજી સાથેના કરાંચી અને કોલકાતામાં લાકડા વહેરવાના અનુભવ અને પોતાની આગવી બુદ્ધિ પ્રતિભાના બળે મુંબઈમાં સુથારમાંથી કોન્ટ્રાક્ટર બનવા સુધીની સફર સફળતાપૂર્વક પાર કરીને મોટું નામ કમાયા.

શિવદાસ બાપાને પ્રથમથી જ કેળવણીનું મહત્વ સમજાઈ ગયું હતું. તેઓની એવી ભાવના હતી કે જ્ઞાતિજનો વધુમાં વધુ શિક્ષણ મેળવી આગળ વધે.

મુંબઈના નિવાસ દરમ્યાન શિવદાસ બાપા પ.પૂ. શ્રી નારાયણજી રામજી લીંબાણીના ગાઢ પરિચયમાં આવ્યા અને ઉત્સાહપૂર્વક તેમની પ્રવૃત્તિમાં જોડાયા. વિધિપૂર્વક દેહશુદ્ધિ કરાવી. જ્ઞાતિ સુધારાનું મૂળ તો કચ્છમાં જ તેથી વીરાણીમાં પૂ. નારાયણ બાપાની સમાજ સુધારણાની પ્રવૃત્તિને ટેકો આપતું યુવાનોનું જૂથ હતું. શિવદાસ બાપા મુંબઈમાં પોતાના વ્યસ્ત જીવનમાંથી સમય કાઢીને અવાર નવાર વીરાણી આવતા કામોમાં સાથ આપતાં. વીરાણી ખાતે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનું

કચ્છ ખાતેનું પ્રથમ મંદિર સ્થપાયું ત્યારે મંદિર બનાવવાવાળા યુવાનોના જૂથને શિવદાસ બાપાનો પૂરેપૂરો સહકાર મળ્યો.

સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિમાં સાથ આપતાં આપતાં પણ તેઓ ભણતરની કિંમત ભૂલી ગયા નહોતા અને વખત જતાં જ્ઞાતિ કેળવણી માટે મદદરૂપ થવા કચ્છમાં બોર્ડિંગ કરવાનો વિચાર કર્યો. આ બાબત અંગે જોઈતાં નાણાં ફાળા દ્વારા એકઠાં કરવાનો નિર્ધાર કરી ભારતભરનો પ્રવાસ ખેડી અનેક મુશ્કેલીઓનો સામનો કરી ફંડ એકત્ર કર્યું.

બોર્ડિંગમાં વિદ્યાર્થીઓ માટે મળતી સુવિધાઓ કેમ વધે અને વિદ્યાર્થીઓ વધારેમાં વધારે પ્રવૃત્તિઓ કેમ કરી શકે તેનું હંમેશા ચિંતન કરતા એવા શિવદાસ બાપાએ નિભાવ ખર્ચ માટે જોઈતા નાણા-સાધનો માટે ફાળો ઉઘરાવવામાં ક્યારેય ક્ષોભ કે શરમ અનુભવતા નહિ.

જ્યારે બોર્ડિંગનું કામકાજ વ્યવસ્થિત રીતે ચાલવા લાગ્યું ત્યારે શિવદાસ બાપાએ પોતાનું લક્ષ્ય મુંબઈ ખાતે સમાજની વાડી બનાવવા તરફ કેન્દ્રીત કર્યું. આમ આ કાર્ય માટે જોઈતી જમીન લેવાનું, બાંધકામ કરવાનું, ફાળો ઉઘરાવવાનું અને કાર્ય પાર પાડવા માટે જોઈતા સાથીદારોની ટીમ ઊભી કરવાનું કાર્ય પોતાની આગવી કાર્યશૈલીના આધારે યશસ્વી રીતે પાર પાડી ભવનની ઇમારત ઊભી કરી દેખાડી.


પોતાનું કાર્યક્ષેત્ર ફક્ત જ્ઞાતિની ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક હેતુઓ માટે મર્યાદિત ન રાખતાં રાજકારણમાં પણ રસ લઈ અને એ વખતના સ્વતંત્ર પક્ષના જોરવાળા નખત્રાણા વિસ્તારમાં કોંગ્રેસ પક્ષ તરફથી ઉમેદવારી કરી પ્રચંડ બહુમતીથી વિજય મેળવીઅને કોંગ્રેસે ગુમાવેલી આબરૂ શિવદાસ બાપા દ્વારા નખત્રાણા તાલુકા પૂરતી પાછી મેળવી.

યાદશક્તિ માટે એમ કહી શકાય કે શિવદાસ બાપા એક જીવતું-જાગતું કમ્પ્યુટર હતા.

જ્ઞાતિની સેવા માટે શિવદાસ બાપાએ આપેલો સમય, શક્તિ અને નાણાંનો ભોગ જ્ઞાતિ હંમેશા યાદ કરશે. અ.ભા.ક.ક. પાટીદાર સમાજની પ્રથમ પરિષદમાં સર્વસંમતિથી સામાજિક ધારાધોરણો બનાવવામાં આવ્યા. એમાં શિવદાસ બાપાની કુનેહ કામ લાગી હતી.

૯૫ વર્ષનું નિરોગી જીવન જીવેલા શિવદાસ બાપાએ પોતાની જિંદગીમાં ખૂબ તડકા-છાંયા જોયા અને વિપરીત સંજોગોમાં પણ પોતાના સિદ્ધાંતોથી ચલિત ન થયા.

ખીમજીભાઈ નાગજી લીંબાણી



કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના મથલ ગામે લીંબાણી પરિવારમાં જન્મેલા ખીમજીભાઈ નાગજી લીંબાણીને નાનપણથી જ શિક્ષણ પ્રત્યે રુચિ હતી. જે આગળ જતાં શિક્ષણ વ્યવસાયમાં માસ્તર તરીકે પરિણમી. શ્રી ખીમજીભાઈ સદાય ''માસ્તર'' ના હુલામણા નામથી ઓળખાતા હતા.

યુવા વયના શ્રી ખીમજીભાઈ ઈ.સ. ૧૯૪૫ માં કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજમાં સક્રિય રીતે જોડાયા. તે સમયની સુધારાવાદી પ્રવૃત્તિ અને સેવાકીય કાર્યમાં સમર્પિત બન્યા.


શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજની વિધિવત્ સ્થાપના થઈ ત્યારે સમાજના પ્રથમ મંત્રી બન્યા અને વર્ષો સુધી સમાજનું ઓફિસ કાર્ય સંભાળ્યું. રાજકારણ સાથે પણ સંકળાયેલા ખીમજીભાઈ ઈ.સ. ૧૯૬૫ ના ગાળામાં નખત્રાણા તાલુકા પંચાયતના પ્રમુખ બન્યા. અને આગળ જતાં ઈ.સ. ૧૯૭૨ માં ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસ પથની ટિકિટ પર ચૂંટાઈ ધારાસભ્ય બન્યા.

ઈ.સ. ૧૯૭૨ માં તેઓની સમાજ સેવાની કદરરૂપ સમાજના પ્રમુખશ્રી તરીકે નિમણૂંક કરવામાં આવી. સતત ૧૫ વર્ષ સુધી પ્રમુખ પદ નિભાવ્યા બાદ સમાજના ટ્રસ્ટીશ્રી બનીને નિવૃત્ત જીવન ગુજારેલ.

ધાર્મિક અને આધ્યાત્મિક રીતે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણને ઈષ્ટદેવ માનનાર ખીમજીભાઈ પ.પૂ. પાંડુરંગ શાસ્ત્રી ''દાદા'' ના અતિ પ્રિય હતા. અને એટલે જ મથલ ખાતેનું વશિષ્ટ ઉપવન આજે પણ એટલું જ નવપલ્લવીત છે.

અબોલ પશુઓ પ્રત્યે કરૂણા ધરાવતા વડીલોના સંગાથે મથલ ખાતે જ ગૌસેવા કેન્દ્ર ઊભું કર્યું, જે અત્યારે પણ અનેક અબોલ જીવોની આંતરડી ઠારે છે.

પ્રેમજીભાઈ પુંજાભાઈ વાસાણી




નાનપણથી જ સમાજ સેવાના વિચારોને વરેલા વિથોણ – કચ્છ વતની શ્રી પ્રેમજીભાઈ પુંજાભાઈ વાસાણી તેમની વિચક્ષણ બુદ્ધિથી સમાજમાં સતત્ત આદરપાત્ર બન્યા.

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજની રચના સમયે જ પ્રથમ સહમંત્રી બનીને સમાજમાં પદાર્પણ કરનાર પ્રેમજીબાપા સતત પ્રવૃત્તિશીલ રહ્યાં. ઈ.સ. ૧૯૭૨ થી ૧૯૮૭ દરમ્યાન સમાજના મહામંત્રી બનીને સમગ્ર કચ્છનો પ્રવાસ ખેડ્યો હતો.

કન્યા કેળવણીના વિચારોને વરેલા પ્રેમજીબાપાએ પોતાના કાર્યકાળ દરમ્યાન જ નખત્રાણા અને ભુજમાં કન્યા છાત્રાલયોને ધમધમતા કર્યાં. પાછળથી ઈ.સ. ૧૯૮૭ થી બે વખત સમાજનું પ્રમુખપદ સંભાળ્યું અને શેષ જીવનમાં ટ્રસ્ટીશ્રી તરીકે પણ સક્રિય કાર્ય કર્યું.

દેશની આઝાદી પહેલાનો સમાજ અને વડીલોની દારુણ પરિસ્થિતિનો ચિતાર અવારનવાર નવી પેઢીના વિદ્યાર્થીઓને આપતાં અને કહેતાં કે આપણા વડીલોએ કરાચી સિંધમાં છાગળ બાંધી કરવત વેરીને દિવસો ગુજાર્યા છે. હવે તમોને અભ્યાસ કરવાની સગવડ મળી છે તો તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. શિસ્ત અને સમય પાલનના ચુસ્ત આગ્રહી એવા પ્રેમજીબાપા કોઈ પણ ગામની મીટીંગ હોય ત્યારે નિર્ધારિત સમયથી પાંચ મિનિટ પહેલાં જ પહોંચતા અને સાથી કાર્યકરોને પણ સમયપાલનનો આગ્રહ રાખતા.

મણિલાલભાઈ પુંજાભાઈ રામાણી



શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સનાજના મુખ્ય મથક નખત્રાણાના વતની શ્રી મણિલાલભાઈ પુંજાભાઈ રામાણીએ મુખ્યત્વે સમાજ સેવાની શરૂઆત મુંબઈ ખાતેથી જ કરી.

કેન્દ્રીય સમાજમાં સક્રિય ભાગ ભજવતા આવેલ મણિબાપા ૧૯૯૩ થી ૧૯૯૬ દરમ્યાન કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રી તરીકે સર્વાનુમતે વરાયા. શબ્દપાલન અને શિસ્તના કડક આગ્રહી મણિબાપા સમાજમાં જિદ્દી સ્વભાવના કારણે અનેરી છાપ ધરાવતા હતા.

મુંબઈ સ્થાયી હોવા છતાં માદરે વતન નખત્રાણ ખાતે ગૈશાળા, નખત્રાણા કેળવણી સમિતિ (પ્રાથમિક કન્યા શાળા અને કન્યા હાઈસ્કૂલ) રામાણી પરિવાર, વાંઢાય સંસ્થા, હરિદ્વાર સંસ્થા જેવી અનેક સેવાભાવી સંસ્થાઓ સાથે સંકળાયેલા રહ્યા હતા.

સાચું તો દરેકને સમજાતું હોય છે.
પણ અફસોસની વાત એ છે.....કે સાચા સમયે નથી સમજાતું

ખીમજીભાઈ લખમશીભાઈ લીંબાણી



યુવાનો અને યુવા સંઘનો પર્યાય બનેલા શ્રી ખીમજીભાઈ લખમશીભાઈ લીંબાણી, નખત્રાણા-કચ્છ હાલે કોલકાતાવાળા, કિશોર વયે જ ઈ.સ. ૧૯૬૦ ના સમાજના પ્રથમ અધિવેશન સમયે ઓફિસ કાર્યમાં વડીલો સાથે જોડાયા.


યુવા વયે જ શુદ્ધ અનાતની અને ક્રાંતિકારી વિચારો ધરાવતા ખીમજીભાઈએ સમાન વિચારો ધરાવતા યુવાનોની મીટીંગ કોલકાતા ખાતે ૧૯૭૨ માં બોલાવી. યુવા શક્તિના સંગઠનનો એડહોક ધોરણે પાયો નંખાયો. સમાજમાં એ સમયે વિવાદાસ્પદ બનેલા દિકરીઓનાં ઉત્તર ગુજરાત તરફ થતાં લગ્નને અટકાવવા આ યુવાનોની ટીમ સક્રિય બની અને સમાજને પોતાની તાકાત બતાવી આપી.

૧૯૭૭ ના બીજા અધિવેશનમાં યુવક સંઘની બંધારણીય રચના અને સંમેલનથી સમાજમાં પૂરેપૂરા છવાઈ ગયા. આગળ જતાં સમાજના ઉપ પ્રમુખશ્રી બન્યા અને ૧૯૯૯ થી ૨૦૦૨ દરમ્યાન સમાજના સર્વોચ્ચ પદ પ્રમુખપદે કાર્ય સંભાળ્યું.

પ્રમુખપદના કાર્યકાળ દરમ્યાન જ કચ્છના ભૂકંપે કચ્છને ખેદાનમેદાન કર્યું. તેને પાછું પાટે ચડાવવાનું કપરું કાર્ય સંભાળ્યું. પ્રમુખ પદ છોડ્યા બાદ ટ્રસ્ટીશ્રી તરીકે કામ સંભાળ્યું. સભાઓમાં ડિસિપ્લિનના આગ્રહી ખીમજીભાઈએ પ્રમુખપદ દરમ્યાન પણ ગરિમા જાળવી રાખી.

નખત્રાણા ખાતે સમાજ દ્વારા ચાલતી દેવાશિષ હોસ્પીટલમાં ટ્રસ્ટીશ્રી અને પ્રમુખશ્રીની જવાબદારી સંભાળેલ હતી.

વાલજીભાઈ શિવજીભાઈ વાડીયા



લખપત તાલુકાના દયાપરના વતની શ્રી વાલજીભાઈ શિવજીભાઈ વાડીયાએ શરૂઆતનો સમય મુંબઈ ખાતે વ્યવસાય અર્થે ગુજાર્યા બાદ અત્યારે જામનગર ખાતે સ્થાયી થયા છે.

વ્યવસાયની સાથે જ સમાજના સૌરાષ્ટ્ર વિસ્તારના ભાઈઓના સંગઠનમાં જોડાયા. કચ્છમાં પણ લખપત તાલુકાના પાટીદાર ભાઈઓનું સંગઠન છે. તેનું છેલ્લા ૨૦ વર્ષથી પ્રમુખપદ સંભાળે છે.


લખપત તાલુકામાં ૧૦૦ ટકા સમૂહ લગ્નનો શ્રેય તાલુકાની પ્રજા સાથે જ વાલજીભાઈ વાડીયાને જાય છે. તેમની સંગઠન શક્તિ પિછાણીને કેન્દ્રીય સમાજમાં જે તે સમયે ઉપ પ્રમુખશ્રી તરીકે નિમણૂંક આપવામાં આવી.

પોતાની આગવી કોઠાસૂઝ ધરાવતા વાલજીભાઈ ઈ.સ. ૨૦૦૨ થી ૨૦૦૮ બે ટર્મ માટે કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રી તરીકે ચૂંટાયા. પ્રમુખપદની પ્રથમ ટર્મ દરમ્યાન પોતાની ટીમ સાથે સમગ્ર ભારતમાં સમાજ વિકાસ યાત્રાનું સફળ આયોજન કર્યું. જ્ઞાતિજનોને કેન્દ્રીય સમાજ તરફ આકર્ષ્યા સમગ્ર ભારતની સમાજોને વધુ સક્રિય બનાવવા માટે ૨૯ ઝોનની રચના કરી.

સતપંથ સનાતન પ્રશ્નોના નિરાકરણ લાવવા તેમની સમાધાન વિચારધારાને અમલમાં મૂકી. જેના કારણે કેટલીક સફળતા મળી. પરંતુ કાયમી નિરાકરણ લાવવામાં અસફળ રહ્યા.

*

રામજીભાઈ કરમશીભાઈ નાકરાણી



''વીરાણી મોટી'' એ કેન્દ્રીય સમાજ માટે અનેક સામાજિક આગેવાનો અને સંતો આપ્યા. સમાજના આદ્ય સુધારક શ્રી નારાયણજી બાપા લીંબાણી, શ્રી રતનશીભાઈ ખેતાણી, શ્રી શિવદાસભાઈ નાકરાણી જેવા વડીલોની સમાજ સેવાના પાયાના મજબૂત કાર્યોના આધારે સમાજ અડીખમ ઊભો છે.

આવા વીરાણી ગામે જન્મેલા શ્રી રામજીભાઈ કરમશીભાઈ નાકરાણીએ પોતાના ધંધાના સ્થળ રાયપુર (છત્તીસગઢ) સ્થળેથી જ સામાજિક સેવાકાર્યની શરૂઆત કરી. શરૂઆતમાં રાયપુર આવતાં ભાઈઓને દરેક રીતે મદદરૂપ બનતા રામજીભાઈ રાયપુર અને છત્તીસગઢ રાજ્યના સમાજમાં પણ સક્રિય રહ્યા.

કેન્દ્રીય સમાજમાં ઉપ પ્રમુખશ્રી તરીકે જોડાયા બાદ શ્રી વાલજીભાઈ વાડીયાની ટીમમાં સાથે રહીને સમાજ વિકાસ યાત્રા દ્વારા સમગ્ર ભારતમાં જાણીતા બન્યા. પ.પૂ. પાંડુરંગ શાસ્ત્રીના સ્વાધ્યાય પરિવારના વિચારો ધરાવતા, રામજીભાઈ ઉપર અત્યારે સમાજની સ્થાપનાનાં ૫૦ વર્ષની સુવર્ણ જયંતી મહોત્સવની વિશેષ જવાબદારી આવેલ હતી તેમજ સમાજમાં સનાતન સતપંથના વિચારો વચ્ચે અટવાયેલા સમાજને સાચો રસ્તો બતાવવાની જવાબદારી પણ નિભાવેલ હતી.

ઉમા દર્પણ, ઉમા એજ્યુકેશન ટ્રસ્ટ, જી.એમ.ડી.સી. કૉલેજ, વીરાણી સમાજ જેવી વિવિધ સંસ્થાઓ સાથે સંકળાયેલ નિખાલસ સ્વભાવના રામજીભાઈ બાયપાસ સર્જરી કરાવેલ હોવા છતાં સ્ફૂર્તિથી કાર્ય સંભાળી રહ્યા છે.

સ્વ. શ્રી ગંગારામભાઈ હીરાલાલ સાંખલા



જન્મ : તા. ૮-૪-૧૯૪૫ – સ્વર્ગવાસ : તા. ૧૫-૧૧-૨૦૧૭

કચ્છમાં ગામ : રસલીયા. હાલે : નવી દિલ્હી

સ્વ. ગંગારામભાઈ હીરાલાલ સાંખલાના નામથી સૌ જ્ઞાતિજનો વાકેફ છે જ. બાળપણ રસલીયા કચ્છ ખાતે વિતાવ્યું. પ્રાથમિક શિક્ષણ રસલીયામાં પૂરૂં કર્યા પછી હાઈસ્કૂલનો અભ્યાસ ધો. ૮ થી ધો. ૧૧ (મેટ્રીક) સુધી, એમ ચાર વર્ષ પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણાના સંગાથે આગળ ધપાવ્યો.

અભ્યાસ બાદ ધંધાર્થે દિલ્હી સ્થાયી થયેલા શ્રી ગંગારામભાઈ તેમની યુવાન વયમાં જ સમાજ સેવાને વરેલા હતા. તથા નાની ઉંમરમાં જ સ્પષ્ટ વિઝન અને દુરંદેશીપણા ના કારણે તેઓશ્રી યુવા સંઘની સ્થાપના પછીના ત્રીજા પ્રમુખ બનેલ. કેન્દ્રીય યુવા સંઘમાં પ્રમુખશ્રી (૧૯૮૭ થી ૧૯૯૩) તરીકેની કામગીરી બે ટર્મ સુધી સુચારૂ રીતે સંભાળેલ. તેમના પ્રમુખપદ હેઠળના નિર્ણયો આજે પણ યુવા સંઘ માટે દીવા દાંડી રૂપ અને માઈલ સ્ટોન સમાન છે.

કેન્દ્રીય સમાજમાં વર્ષ ૨૦૦૨ થી ૨૦૧૧ દરમ્યાન ટ્રસ્ટીશ્રી તરીકે સેવાઓ આપેલ. આ ઉપરાંત આપણી સમાજે જ્યારે ઘણા વર્ષો બાદ જ્ઞાતિનું પંચમ અધિવેશન સંગઠિત કરેલ તથા સમાજની સ્થાપના ના ૫૦ વર્ષ પૂર્ણ થતાં ૨૦૧૦ માં સ્વર્ણિમ જયંતી મહોત્સવનું આયોજન કરેલ ત્યારે તેના સંપૂર્ણ આયોજન માટે સમાજે તેમને મહોત્સવના ચેરમેન બનાવેલ. ત્યારે જ્ઞાતિ સુધારાઓ સાથે સનાતની વ્યાખ્યાને સ્પષ્ટતા બક્ષવા શ્વેતપત્ર બહાર પાડવામાં આવેલ.

સુવર્ણ જયંતી મહોત્સવ બાદ આવેલ કેન્દ્રીય સમાજની ચૂંટણીમાં કેન્દ્રીય સમાજના પ્રમુખશ્રી તરીકે ચૂંટાયેલા જાહેર કરવામાં આવેલ. (કુલ્લે બે ટર્મ – ૨૦૧૧ થી ૨૦૧૭ સુધી) એમ છ વર્ષ દરમ્યાન શ્વેતપત્ર, સતપંથ – સનાતન મુદ્દો, માંડવી હોસ્ટેલ પ્રકરણ, ભુજ જમીન પ્રકરણ જેવા અનેક જટિલ પ્રશ્નોના નિરાકરણમાં વ્યસ્ત રહ્યાં. જે પૈકીનો સતપંથ – સનાતન નો મુદ્દો શ્રી ઉમિયા માતાજી સંસ્થાન, ઉંઝા ને તેમના દ્વાર સોંપવામાં આવ્યો. તે સ્વ. ગંગારામભાઈની હાજરીમાં જ ઉંઝા સંસ્થાન દ્વારા પોતાનો નિર્દેશ/નિર્ણય તા. ૮-૧૦-૨૦૧૭ ના જાહેર કરવામાં આવ્યો.

સ્વ. શ્રી ગંગારામભાઈ સમાજ સેવાના ભેખધારી, કર્તવ્યનિષ્ઠ આગેવાન, પ્રામાણિક, નીડર અને સ્પષ્ટ વક્તા હતા. તેઓ પ્રખર સનાતની વિચારોને વરેલા હતા તથા તેને જીવનભર આગળ ધપાવવા અને સમાજને યોગ્ય દિશા આપવા હંમેશા મોખરે રહ્યા હતા. યુવાવસ્થાથી માંડીને અંતિમ શ્વાસ સુધી સબળ નેતૃત્વ પૂરૂં પાડીને શ્રી સમાજને બહુમૂલ્ય સેવાઓ પ્રદાન કરી છે.

જે વ્યક્તિ માત્ર તમારી ખુશી માટે હાર માની લે,
એ વ્યક્તિ સામે તમે ક્યારેય જીતી નથી શકતા

અબજીભાઈ વિશ્રામભાઈ કાનાણી (દિવાણી)



વીરાણી મોટી ગામે ઘણા સંતો તથા સમાજ સેવકો આ સમાજને આપ્યા છે. તેમાં ફરી એકવાર એક પ્રખર સનાતની અને ઘણા વર્ષોથી આ સમાજ સાથે સંકળાયેલા એક યુવાન વડીલ શ્રી અબજીભાઈ વિશ્રામભાઈ કાનાણી (દિવાણી) આ કેન્દ્રીય સમાજમાં ઉચ્ચત્તમ હોદ્દા ઉપર સક્રિય તથા ઉત્સાહી પ્રમુખશ્રી આપણને મળેલ છે જે સુચારૂ સંચાલન સંભાળી રહ્યા છે.

પ્રમુખ શ્રી અબજીભાઈનો જન્મ વીરાણી મોટી ગામે તા. ૭-૬-૧૯૪૯ માં થયેલ છે. તેમનો અભ્યાસ બંગાલમાં કલકત્તા યુનિવર્સીટીમાં થયેલ. તેમણે એ જમાનામાં B. Com ની ડિગ્રી હાસલ કરેલ. તેમણે ૧૯૯૩ થી ૨૦૦૨ સુધી વડોદરા ખાતે બેંક ઓફ બરોડા માં સીનીયર મેનેજર તરીકે હોદ્દો પણ સંભાળેલ. તેમનો હાલનો વ્યવસાય નવી મુંબઈ મધ્યે ખારઘર ખાતે કન્સ્ટ્રકશન લાઈનમાં છે. અબજીભાઈની સમાજ સેવા કલકત્તા ખાતે નવચેતન યુવક મંડળમાં ૧૯૬૯ માં મંત્રીથી શરૂઆત કરેલ. ત્યાર બાદ કેન્દ્રીય યુવા સંઘમાં ૧૯૮૪ થી ૧૯૯૦ સુધી બે ટર્મ માટે મહામંત્રી તરીકે સેવા આપેલ. હાલમાં વીરાણી ગામના પ્રમુખશ્રી તરીકે સેવા આપી રહેલ છે. નવી મુંબઈ ખાતે લક્ષ્મીનારાયણ સનાતન સમાજના પ્રમુખશ્રી તરીકે સેવા આપી રહ્યા છે. તેઓ હાલમાં આપણી કેન્દ્રીય સમાજમાં ૨૦૧૭ થી ૨૦૨૦ સુધીના પ્રમુખશ્રીનો ભાર સંભાળી રહ્યા છે. તેમણે ૧૯૭૮ થી ૨૦૧૭ સુધી કેન્દ્રીય સમાજમાં ઓડીટર તરીકે ઘણી લાંબી સેવા આપેલ છે.

આવા ઉત્સાહી તથા સક્રિય કાર્યકર્તા પાસે આ સમાજને તેમની પાસેથી સમાજને પ્રગતિના પંથે તથા હાલમાં અમૂક સમસ્યાઓનો માર્ગ કાઢવા માટે આપણે સૌ સાથે મળીને તેમને સહકાર આપીએ. ખાસ કરીને દરેક ઝોન સમાજો પાસે ઘણી બધી અપેક્ષાઓ છે. તો ચાલો, આપણે સૌ સાથે મળીને ''સબ કા સાથ, સમાજ કા વિકાસ'' ના નારાને સફળ બનાવીએ. એક નેક સમાજનું નિર્માણ કરીએ.

અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવા સંઘ

સંવત ૧૯૬૭ ના અરસામાં જ્ઞાતિ રત્ન સ્વ. નારાયણજી રામજી લીંબાણીના માર્ગદર્શન હેઠળ જ્ઞાતિ સુધારાનું કામ નીડરપને અને વ્યવસ્થિત રીતે કરવું જોઈએ એવા વિચારોથી ઘાટકોપર-મુંબઈમાં જ્ઞાતિના સર્વે સુધારક યુવાનો સાથે મળી ''શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક મંડળ'' ની સ્થાપના કરવામાં આવી. તેની અંદર જ્ઞાતિના ઉત્સાહી અને નીડર યુવાનોનો સારો સાથ મળવા માંડ્યો. એટલું જ નહી પણ દર અઠવાડીયે સભાઓ ભરાવા લાગી અને હિન્દુ સનાતન ધર્મને હૃદયમાં ધારણ કરનાર સુધારક યુવાનો ખૂબ રસપૂર્વક સાથ આપવા લાગ્યા. ધાર્મિક અંધશ્રદ્ધા દૂર કરવાની સાથે સાથે જ્ઞાતિમાં ચાલતા બાળ લગ્ન જેવા બીજા કુરિવાજો બાબતે પણ ચર્ચાઓ થતી.

યુવક મંડળના સેક્રેટરી ભાઈશ્રી રતનશી ખીમજી ખેતાણી વીરાણીવાળાએ ખૂબ તન-મન-ધનથી સુધારાના કામને ઉપાડી લીધું.

આ મંડળ દ્વારા પ્રથમ પરિષદ (સંમેલન) કરાંચીમાં તા. ૮ થી ૧૧ ઓગસ્ટ ૧૯૨૦ માં, બીજી પરિષદ કરાંચીમાં તા. ૭ થી ૯ ઓક્ટોબર ૧૯૨૨ માં અને ત્રીજી પરિષદ ઘાટકોપર-મુંબઈમાં તા. ૧૪ થી ૧૭ એપ્રીલ ૧૯૨૪ માં ભરી જ્ઞાતિમાં હિન્દુ સનાતન ધર્મના પ્રચારથી શુદ્ધીકરણની પ્રક્રિયાને ખૂબ વેગ મળેલ. આ રીતે યુવક મંડળની સ્થાપના વર્ષો પહેલાં જ્ઞાતિમાં સુધારાની પ્રક્રિયાઓ માટે કરવામાં આવેલ. સમાજ સુધારણાનું કાર્ય કરતું તે વખતનું યુવક મંડળ આખરે શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ રચનામાં પરિવર્તન થયેલ. ત્યારના સુધારાવાદી જ્ઞાતિજનો દ્વારા ''શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ'' ના નામથી સમસ્ત ભારતીય લેવલે જ્ઞાતિની સમાજની વિધિવત્ રચના કરવામાં આવી.

અખિલ ભારતીય લેવલે સમાજની વિધિવત્ રચના થયા બાદ યુવાનોની અંદર પણ એવી ભાવના અને લાગણી થવા લાગી કે અખિલ ભારતીય લેવલે યુવક મંડળની પણ વિધિવત્ રચના કરવી જોઈએ. આ માટે કલકત્તાના યુવાન ભાઈઓએ બીડુ ઝડપીને તા. ૨૪, ૨૫, ૨૬ ડિસેમ્બર ૧૯૭૨ માં શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ કલકત્તાના સંયોજનથી જુદા જુદા પ્રાંતોના યુવા પ્રતિનિધીઓની સભા ભરવામાં આવી. એની અંદર અખિલ ભારતીય લેવલે મડળની રચના કરવાનું નક્કી કરવામાં આવેલ. જેનું નામ ''શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘ'' રાખવાનું નક્કી કરવામાં આવેલ. આ યુવાનોની સભામાં નીચે મુજબના પાંચ ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવેલ.

ઠરાવ – ૧ – અખિલ ભારતીય ધોરણે યુવક સંમેલન બોલાવવા સંબંધે :

યુવકોમાં પરસ્પર સ્નેહ, સહકાર અને સંગઠનની ભાવના વધારવા અને જ્ઞાતિમાં ઊભા થતા અનિષ્ઠો સામે અવાજ ઉઠાવવા માટે યુવક સંમેલન યોજવું. આ સંમેલન સં. ૨૦૩૦ (ઈ.સ. ૧૯૭૪) માં કચ્છ મધ્યે નખત્રાણા ખાતે યોજવું.

ઠરાવ – ૨ – અખિલ ભારતીય ધોરણે યુવક મંડળની રચના સંબંધે :

અખિલ ભારતીય ધોરણે યુવક સંગઠનની સ્થાપના કરવી. આ સંગઠન નું નામ ''શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘ'' રહેશે. સંઘની રચના માટે સંવિધાન (બંધારણ) તૈયાર કરવા તેમજ સંવિધાન અમલમાં આવે ત્યાં સુધી કાર્ય ચલાવવા માટે ૩૫ સભ્યોની તદર્થ સમિતિની રચના કરવી.

ઠરાવ – ૩ – શ્રી અખિલ ભારતીય ક.ક.પા. સમાજે સમયે સમયે પસાર કરેલ જ્ઞાતિના ઠરાવોના અમલ કરાવવા સંબંધે :

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજે સમયે સમયે પસાર કરેલ જ્ઞાતિના ઠરાવોનો ચુસ્તપણે અમલ કરાવવો. અનિવાર્ય સંજોગોમાં નિયમોનો ભંગ થાય તેવી પરિસ્થિતિ ઉપસ્થિત થાય ત્યારે પહેલાં પોતાની સ્થાનિક સમાજ તેમજ શ્રી અખિલ ભા.ક.ક.પા. સમાજની લેખિત મંજૂરી મેળવવાની રહેશે.

ઠરાવ – ૪ – કન્યા કેળવણી સંબંધે :

સમાજની બહેનોને કેળવણીના પંથે આગળ લાવવા યુવક મંડળોએ ગામે ગામ કન્યા કેળવણીનો પ્રચાર કરવો. કન્યા છાત્રાલયોની યોગ્ય સ્થળે વહેલામાં વહેલી તકે સ્થાપના થાય તે બાબત યુવક સંઘે સમાજને વિનંતી કરવી.

ઠરાવ – ૫ – સનાતન ધર્મનો પ્રચાર અને ધાર્મિક સંગઠન સંબંધે :

સમાજમાં ચાલતી અંધશ્રદ્ધાઓને નાબુદ કરવા યુવક સંઘે સનાતન ધર્મનો પ્રચાર કરવો અને યુવકોએ ધાર્મિક ભાવના કેળવાય એ માટે ધાર્મિક સભાઓ તેમજ સંમેલનોમાં ભાગ લેવો. અખિલ ભારતીય ધોરણે ધાર્મિક સંસ્થાની સ્થાપના ના પ્રયાસો કરવા માટે સમાજને યુવક સંઘ વતી વિનંતી કરવી.

ઉપરોક્ત ઠરાવોના અમલીકરણ માટે તેમજ આગળની કાર્યવાહી કરવા માટે ૩૫ સભ્યોની તદર્થ સમિતિ દેશભરમાંથી નીચે મુજબના મુખ્ય સાત વિભાગો પાડી નિયુક્ત કરવાનું નક્કી કરવામાં આવેલ.

૧. પૂર્વ ભારત, ૨. મધ્ય ભારત, ૩. ઉત્તર ભારત, ૪. દક્ષિણ ભારત, ૫. મહારાષ્ટ્ર, ૬. કચ્છ, ૭. કચ્છ સિવાય ગુજરાત.

ઠરાવ નં. ૧ અને ૨ સંગઠનને લગતા છે. આ માટે દરેક યુવક મંડળોએ પ્રચાર કરવો અને ઠરાવ નં. ૩, ૪ અને ૫ સંસ્થાના પ્રાથમિક કાર્ય તરીકે સ્વીકારેલ છે તે મુજબ યુવક સંઘના સંગઠન કાર્યની સાથે આ ઠરાવોને અમલી બનાવવા પ્રયત્ન કરવાના રહેશે એવું નક્કી કરવામાં આવેલ.

ફેબ્રુઆરી ૧૯૭૩ માં પૂના મધ્યે યુવા પ્રતિનિધીઓની સભામાં સંસ્થાનું વ્યવસ્થિત રૂપ આપવામાં આવેલ અને વહીવટ ચલાવવા માટે તદર્થ સમિતિ અને માર્ગદર્શન આપવા માટે સલાહકાર સમિતિની રચના કરવામાં આવેલ. આ સભામાં સંસ્થાના ઉદ્દેશો, પ્રવૃત્તિઓ, કાર્યક્ષેત્ર, સભ્યપદ વગેરે બાબતો ઉપર ચર્ચા-વિચારણા બાદ નિર્ણયો લેવાયેલ અને તે મુજબ બંધારણ તૈયાર કરવા નીચે મુજબના પાંચ સભ્યોની બંધારણ રચના સમિતિની નિયુક્તી કરવામાં આવેલ.

૧. પચાણ શીવજી નાકરાણી - નાગપુર, ૨. માવજી પેથા પોકાર - મુંબઈ, ૩. અખેરામ પ્રેમજી માકાણી - કલકત્તા, ૪. રતિલાલ એલ. છાભૈયા - તલોદ, ૫. નાનાલાલ વી. ઉકાણી - ભુજ.

ઉપરોક્ત બંધારણ સમિતિએ વિશદ ચર્ચા-વિચારણાના અંતે આ બંધારણનો સંપૂર્ણ મુસદ્દો તૈયાર કરેલ - જે ઓક્ટોબર ૧૯૭૩ માં તખતગઢ (હડમતીયા-કંપા) માં મળેલ તદર્થ સમિતિની બીજી સભામાં રજૂ કરવામાં આવેલ અને દરેક કલમો ઉપર ચર્ચા-વિચારણાના અંતે જરૂરી ફેરફાર સાથે આ બંધારણ સર્વાનુમતે પસાર કરવામાં આવેલ.

ભારતભરમાં યુવક સંઘની રચનાનો હેતુ, તેના આદર્શો, પ્રવૃત્તિઓ અને ભાવિ કાર્યક્રમોને વ્યવસ્થિત રીતે રજૂ કરવા તદર્થ સમિતિની વધુ ચાર સભાઓ, અનુક્રમે સપ્ટેમ્બર ૧૯૭૪ માં જબલપુર, સપ્ટેમ્બર ૧૯૭૫ માં હૈદરાબાદ-સિકંદરાબાદ, ઓક્ટોબર ૧૯૭૬ માં ઇન્દોર અને એપ્રીલ ૧૯૭૭ માં નખત્રાણામાં યોજવામાં આવેલ.

બંધારણ સમિતિએ તૈયાર કરેલ બંધારણ ભારતભરમાં પ્રાંતોના કુલ ૨૫૦ પ્રતિનિધીઓની વિષય વિચારણી સમિતિની સભામાં રજૂ કરવામાં આવેલ. દરેક કલમો, પેટા કલમો ઉપર ઝીણવટભરી ચર્ચા-વિચારણા બાદ જરૂરી ફેરફાર સાથે જાહેર અધિવેશનમાં બહાલી માટે તૈયાર કરવામાં આવેલ.

તા. ૨૩-૫-૧૯૭૭ ના બપોર પછી પાટીદાર વિદ્યા ભવન, નખત્રાણા ના પ્રાંગણમાં દેશભરમાંથી પધારેલ હજારો યુવક-યુવતિઓની વિશાળ ઉપસ્થિતિમાં યુવક સંઘના પ્રથમ અધિવેશનમાં યુવક કાર્યકર્તા શ્રી ખીમજી લખમશી લીંબાણીના પ્રમુખપણા હેઠળ યુવક સંઘનું બંધારણ સર્વાનુમતે પસાર કરવામાં આવેલ અને શ્રી અખિલ

ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘને વિધિવત્ બંધારણીય સંસ્થા તરીકે જાહેર કરવામાં આવેલ. તે સાથે જ તદર્થ સમિતિના સ્થાને પ્રાંતવાર પ્રતિનિધીઓની બનેલી પ્રથમ કાર્યવાહક સમિતિની રચના કરવામાં આવેલ.

યુવા સંઘના બંધારણ મુજબ ભારતભરમાં સ્થપાયેલ કચ્છ કડવા પાટીદારના યુવક મંડળો આ યુવક સંઘના સામાન્ય સભ્ય ગણાશે.

યુવક સંઘની સ્થાપનાથી ૧૯૮૪ સુધી સંઘનું મુખ્ય કાર્યાલય કલકત્તા રાખવામાં આવેલ. ૧૯૮૪ માં ઉમિયા માતાજી સંસ્થાન, વાંઢાય મધ્યે મળેલ સામાન્ય સભામાં મુખ્ય કાર્યાલય પાટીદાર વિદ્યાર્થી ભવન, નખત્રાણા ખાતે રાખવાનું નક્કી કરવામાં આવેલ. ત્યારથી યુવક સંઘનું મુખ્ય કાર્યાલય નખત્રાણા પાટીદાર વિદ્યાર્થી ભવન ખાતે જ કાર્યરત છે.

યુવક સંઘના મુખ્ય ઉદ્દેશો :

૧. કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના યુવક-યુવતિઓને એક સૂત્રે બાંધી પરસ્પર પ્રેમ, સહકાર, સેવા, સંગઠન તેમજ સામાજિક અને રાષ્ટ્રીય ભાવના કેળવવી.

૨. સમાજમાં કેળવણીનો ફેલાવો થાય તેવા પ્રયત્નો કરવા અને કન્યા કેળવણીને વેગ આપવો.

૩. સમાજના આર્થિક રીતે નબળા ભાઈ-બહેનોને શિક્ષણ ક્ષેત્રે તેમજ અન્ય ક્ષેત્રે જરૂરી દરેક પ્રકારની સહાયતા કરવી અને સહાયતા આપવાના પ્રયત્નો કરવા.

૪. શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજે સમયે સમયે પસાર કરેલ જ્ઞાતિ નિયમોનું પાલન કરાવવું તેમજ સમાજમાં ચાલતી ધાર્મિક અંધશ્રદ્ધા તેમજ કુરિવાજો નાબુદ કરવા પ્રયત્નો કરવા અને તે માટે અસરકારક પગલાં લેવાં.

ઈ.સ. ૨૦૦૮ માં સુધારેલા બંધારણના ઉદ્દેશોમાં આકસ્મિક સંજોગોમાં સભ્યના પરિવારને આર્થિક સુરક્ષા પૂરી પાડવી તેવું ક્રમ નં. ૧ માં ઉમેરવામાં આવેલ.

યુવક સંઘના ઉદ્દેશ્યો પાર પાડવા માટે યુવક સંઘ દ્વારા નીચે મુજબની પ્રવૃત્તિઓ અને પ્રયત્નો કરવામાં આવેલ છે.

૧. ભારતભરમાં ફેલાયેલ કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિના યુવક મંડળોના ભાઈ-બહેનોને પરસ્પર પ્રેમ, સહકાર, સેવા અને સંગઠનના સુત્રેબાંધવા અવારનવાર જુદા જુદા સ્થળે અને સમયે યુવક સંઘની સભાઓ યોજવામાં આવેલ છે.

૨. યુવક સંઘની સ્થાપના પછી વિવિધ સ્થળોએ સંઘની પ્રેરણાથી યુવક મંડળોની સ્થાપના કરવામાં આવેલ છે. તેવા મંડળો ખૂબ સક્રીય રીતે સમાજોપયોગી કાર્યો કરી રહ્યા છે.

૩. જ્ઞાતિમાં શિક્ષણનો ફેલાવો થાય અને તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનોને પ્રોત્સાહન મળે તે માટે યુવક સંઘ દ્વારા ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ, ડિપ્લોમા હોલ્ડર અને પ્રોફેશનલ ડિગ્રી મેળવનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોને યુવક સંઘના ખર્ચે બોલાવી જાહેર સન્માન કરવામાં આવેલ.

૪. ઉચ્ચ શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે યુવક સંઘ દ્વારા વલ્લભ વિદ્યાનગર ખાતે ૧૯૮૮ થી ભાડાના મકાનમાં પ્રાયોગિક ધોરણે જ્ઞાતિના વિદ્યાર્થી ભાઈઓ માટે હોસ્ટેલ ચાલુ કરવામાં આવેલ. ત્યાર બાદ હોસ્ટેલ લાયક મકાન ખરીદી સમાજના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણમાં સહાયરૂપ થયેલ છે.

૫. રમત-ગમતને પ્રોત્સાહન આપવા માટે યુવક સંઘ દ્વારા પૂના ખાતે ૧૯૯૫ માં, ગાંધીનગર ખાતે ૨૦૦૨ માં, સુરત ખાતે ૨૦૧૦ માંઅખિલ ભારતીય કક્ષાએ રમતોત્સવના સફળ આયોજનો કરવામાં આવેલ. જેમાં વિવિધ રમતોમાં ભાગ લેવા માટે દેશભરમાંથી જુદી જુદી સમાજ / ઝોનોના જ્ઞાતિના ખેલાડી ભાઈ-બહેનો ઉમટી પડ્યા હતા. આ રમતોત્સવમાં સમાજમાં રહેલા પ્રતિભાશાળી ખેલાડીઓને બહાર લાવવાનો મોકો આપ્યો હતો.

૬. શ્રી અખિલ ભારતીય ક.ક.પા. સમાજે સમયે સમયે પસાર કરેલ જ્ઞાતિ રિત-રિવાજોના ઠરાવોને અમલી બનાવવા સંઘના કાર્યકર્તાઓ હંમેશા પ્રયત્નશીલ રહ્યા છે. અને સમાજ ઉપયોગી કાર્યો કરવા સતત સક્રીય રીતે પ્રયત્નશીલ છે.

૭. યુવક સંઘની સ્થાપના થઈ તે અરસામાં આપણી સમાજમાં કચ્છમાંથી આપણી દિકરીઓને દલાલો મારફતે ઉંઝા તરફ પરણાવી દેવામાં આવતી હતી. જે આપણી સમાજ માટે લાંછનરૂપ હતું. તે સામે યુવક સંઘે પડકાર ફેંકી અતિશય જહેમત ઉઠાવી આ કન્યા વિક્રયની પ્રવૃત્તિ બંધ કરાવી. આ લાંછનરૂપ કલંકમાંથી સમાજને ઉગારી ભગીરથ કાર્ય કરેલ છે.

૮. અખિલ ભારતીય ક.ક.પા. સમાજ રચના પછી યુવાનોમાં શિક્ષણનું પ્રમાણ વધતું જતુ હતું. તેની સામે યુવતીઓમાં શિક્ષણનું પ્રમાણ નહિવત હતું. જેથી જૂના સગપણો તૂટવાના પ્રમાણ વધી ગયાં હતાં. છૂટાછેડાનું પ્રમાણ પણ વધી ગયું હતું. તે બદી સામે પણ યુવક સંઘે જહેમત ઉઠાવીને ખોટી રીતે થતાં છૂટાછેડાના પ્રમાણને નહીંવત કરાવી દીધેલ.

૯. જ્ઞાતિ રિત-રિવાજોના ધારાધોરણોમાં કલમ-૧૮ અને કલમ-૧૯ નો સમાવેશ પણ યુવક સંઘના ભગીરથ પ્રયત્નોનું જ પરિણામ છે.

૧૦. કેન્દ્રીય સમાજ અને યુવક સંઘના ૧૯૭૭, ૧૯૮૫ અને ૧૯૯૩ નખત્રાણામાં યોજાયેલ અધિવેશનને સફળ બનાવવામાં પણ યુવક સંઘનું યોગદાન નોંધપાત્ર છે.

૧૧. સમાજમાં ધાર્મિક અંધશ્રદ્ધા દૂર કરવા અને એકતા સાધવા માટે પણ યુવક સંઘે યથોચિત પ્રયત્નો કરેલા છે.

૧૨. યુવક સંઘના કાર્યો સમગ્ર ભારતભરમાં સરળતાથી નિયમિત સારી રીતે ચાલતા રહે અને યુવક સંઘની પ્રવૃત્તિને વેગ મળે તે માટે ૧૯૯૯ માં નીચે મુજબના સાત સભ્યોની અભ્યાસ આયોજન સમિતિની ભલામણો પૈકીની ભારતભરમાં યુવક સંઘના ૯ ઝોન રચી, દરેક ઝોનની કારોબારીની રચના કરી. જેથી યુવક સંઘના કાર્યના સંકલનમાં તેમજ કાર્ય વેગવાન બનાવવામાં અતિ મહત્વનો ભાગ ભજવેલ છે.

અભ્યાસ આયોજન સમિતિ :

૧. ચંદુલાલ હંસરાજ પોકા – ભુજ (કન્વીનર), ૨. ડૉ. પ્રેમજી રામજી ગોગારી – ગાંધીધામ, ૩. દેવજી માવજી લીંબાણી – ભુજ, ૪. જયેશભાઈ સોમજી છાભૈયા – ભુજ, ૫. સુરેશભાઈ મનજી ચૌહાણ – લુડવા, ૬. અબજી વિશ્રામ કાનાણી – વડોદરા, ૭. દેવશંકર સોમજી ધનાણી – વડોદરા.

અભ્યાસ આયોજન સમિતિના અહેવાલને યુવક સંઘની તે વખતની કારોબારીએ સ્વીકારી તેને અમલમાં મૂકેલ. પ્રમુખ શ્રી મનસુખભાઈ વિશ્રામ રૂડાણી અને મહામંત્રી મોહનભાઈ છાભૈયા અને અન્ય હોદ્દેદારો – કાર્યકર્તાઓએ ખૂબ જ જહેમત ઉઠાવી પોતાનો કિંમતી સમય ફાળવી ભારતભરમાં જઈને નીચે મુજબ ૯ ઝોનની રચના કરવામાં આવી.

ઝોન ૧ : મધ્ય ગુજરાત ઝોનની રચના આણંદ મુકામે તા. ૧૯-૯-૧૯૯૯ ના રોજ કરવામાં આવી. ઝોન પ્રમુખ તરીકે નરસિંહ ભાવાણી – સુરત અને મંત્રી તરીકે ચંદુભાઈ ભાદાણી – આણંદ ની વરણી કરવામાં આવી.

ઝોન ૨ : ઉત્તર ગુજરાત ઝોનની રચના હિંમતનગર મુકામે તા. ૩૦-૧૦-૧૯૯૯ ના રોજ કરવામાં આવી. ઝોન પ્રમુખ તરીકે અમૃતભાઈ રામાણી – રાજપુરાકંપા તથા મંત્રી તરીકે સુરેશભાઈ રામજીયાણી – ખેડબ્રહ્મા ની વરણી કરવામાં આવી.

ઝોન ૩ : કચ્છ ઝોનની રચના વાંઢાય મુકામે તા. ૫-૧૨-૧૯૯૯ ના રોજ કરવામાં આવી. ઝોન પ્રમુખ તરીકે ચંદુભાઈ હંસરાજ પોકાર અને મંત્રી તરીકે જયેશભાઈ છાભૈયા – ભુજ ની વરણી કરવામાં આવી.

ઝોન ૪ : મધ્ય ભારત ઝોનની રચના રાયપુર મુકામે તા. ૩૦-૪-૨૦૦૦ ના રોજ

કરવામાં આવી. ઝોન પ્રમુખ તરીકે મગનભાઈ પોકાર – નાગપુર અને મંત્રી તરીકે જયંતીભાઈ રામાણી ની વરણી કરવામાં આવી.

ઝોન ૫ : ઉત્તર ભારત ઝોનની રચના દિલ્હી મુકામે તા. ૩-૯-૨૦૦૦ ના રોજ કરવામાં આવી. ઝોન પ્રમુખ તરીકે ડૉ. રવિભાઈ સેંઘાણી અને મંત્રી તરીકે શ્રી વાલજીભાઈ માકાણી ની વરણી કરવામાં આવી.

ઝોન ૬ : પૂર્વ ભારત ઝોનની રચના કલકત્તા મુકામે તા. ૯-૯-૨૦૦૦ ના રોજ કરવામાં આવી. ઝોન પ્રમુખ તરીકે રમણીકલાલ રૂડાણી અને મંત્રી તરીકે ચંદુભાઈ છાભૈયા ની વરણી કરવામાં આવી.

ઝોન ૭ : મહારાષ્ટ્ર ઝોનની રચના નાસિક મુકામે તા. ૫-૧૧-૨૦૦૦ ના રોજ કરવામાં આવી. ઝોન પ્રમુખ તરીકે શરદભાઈ માવાણી – નાસિક અને મંત્રી તરીકે શાંતિલાલ સાંખલા – નાસિક ની વરણી કરવામાં આવી.

ઝોન ૮ : મુંબઈ ઝોનની રચના મુંબઈ મુકામે તા. ૧૯-૧૧-૨૦૦૦ ના રોજ કરવામાં આવી. ઝોન પ્રમુખ તરીકે મહેન્દ્રભાઈ સેંઘાણી તથા મંત્રી તરીકે વિઠ્ઠલભાઈ માવાણી ની વરણી કરવામાં આવી.

ઝોન ૯ : દક્ષિણ ભારત ઝોનની રચના બેંગલોર મુકામે તા. ૨૬-૫-૨૦૦૧ ના રોજ કરવામાં આવી. ઝોન પ્રમુખ તરીકે કિશોરભાઈ ભગત અને મંત્રી તરીકે રમેશભાઈ ગોરાણી ની વરણી કરવામાં આવી.

ઉપરોક્ત ઝોન રચના કરી ઝોનોને કાર્યાન્વિત કરી યુવક સંઘની કાર્યવાહીમાં ખૂબ જ વેગ મળેલ. તે સિવાય ૧૯૯૯ થી ૨૦૦૨ વચ્ચે નીચે મુજબની અગત્યની કાર્યવાહી થયેલ.

''પાટીદાર સંદેશ'' માં યુવક સંઘના સમાચારો તથા લેખો રજૂ કરવા ખાસ કોલમ ''યૌવન વિંઝે પાંખ'' શરૂ કરવામાં આવેલ, જેમાં નિયમિત કોલમ લખવામાં આવેલ.

સમાજમાં પુત્રવધુઓના થતાં અપમૃત્યુના કિસ્સાઓને રોકવા અને દોષિત લોકોને સજા થાય તેવા સુવ્યવસ્થિત પ્રયાસો કરેલ છે. અપમૃત્યુના કિસ્સાઓમાં યુવક સંઘના સ્થાનિક તેમજ કેન્દ્રીય કાર્યકર્તાઓએ સારી જહેમત ઉઠાવી સક્રીયતા દાખવેલ છે.

છૂટાછેડા ન થાય તેવા પ્રયત્નો યુવક સંઘ કરે છે. અનિવાર્ય સંજોગોમાં જ છૂટાછેડા થાય તેવી કાળજી રાખે છે.

અંકલેશ્વર મુકામે તા. ૯-૧૦-૨૦૦૦ ના રોજ જીવનસાથી પરિચય મેળાનું સફળતાપૂર્વક આયોજન કરી સમાજ સેવાનું પ્રશંસનીય કાર્ય કરેલ છે.

૨૬મી જાન્યુઆરી ૨૦૦૧ ના રોજ કચ્છમાં આવેલ ધરતીકંપમાં સેવા કરવા યુવક સંઘના દરેક ઝોનના પદાધિકારીઓ, કાર્યકર્તાઓ તેમજ કેન્દ્રીય હોદ્દેદારો, કાર્યકર્તાઓ

કચ્છ આવી તન-મન-ધનથી રાત-દિવસ સેવા આપેલ, જે અવિસ્મરણીય છે.

૨૦૦૨ સુધીમાં યુવક સંઘના ભારતભરમાં ૯ ઝોનોની વ્યવસ્થિત રચના કરી દેવામાં આવી. દરેક ઝોનમાં પ્રમુખ, મહામંત્રી વગેરે હોદ્દેદારો સહિતની કારોબારીની રચના કરી દેવામાં આવી. ઝોનો સક્રીય થવાથી ઝોનોમાં વ્યવસ્થિત કાર્યક્રમો થવા લાગ્યા. એ માટે દરેક ઝોનો માટે યુવક સંઘ દ્વારા કોમન મિનિમમ એજન્ડા નીચે મુજબ નક્કી કરવામાં આવેલ.

૧. ધો. ૧૦ અને ધો. ૧૨ પછીના ઉચ્ચ અભ્યાસક્રમોના માર્ગદર્શન માટે શિક્ષણ શિબિરનું આયોજન કરવું. વેબસાઈટ દ્વારા જાણકારી મેળવવા જણાવવું. સરસ્વતી સન્માન કાર્યક્રમ ગોઠવવા.
૨. ઝોનની અનુકૂળતા મુજબ વર્ષ દરમ્યાન સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવા.
૩. નિબંધ સ્પર્ધા તેમજ સાહિત્ય કલાની સ્પર્ધાઓનું આયોજન કરવું.
૪. ઝોન લેવલે દર વર્ષે રમત-ગમત સ્પર્ધાઓનું આયોજન કરવું અને અમુક સમયાંતરે ભારતીય લેવલે યુવા મહોત્સવનું આયોજન કરવું.
૫. બિઝનેસ મેનેજમેન્ટ સેમિનાર, ઔદ્યોગિક સેમિનાર, સમાજના સફળ ઉદ્યોગપતિઓને ભારતભરમાંથી એકત્રિત કરી, આજના સમયે નવા નવા બિઝનેસ ઉદ્યોગના માર્ગદર્શન ખાસ વિષયોના તર્જજ્ઞો દ્વારા અને સફળ ઉદ્યોગપતિઓના અનુભવ મેળવવા.
૬. ઝોન કક્ષાએ ''જીવન સાથી પસંદગી'' મેળાના આયોજન કરવાં.
૭. સંસ્કાર જતન ધાર્મિક, આધ્યાત્મિક કાર્યક્રમો યોજવા.
૮. સમાજમાં રાજકીય જાગૃતિ લાવવા પ્રયત્નો કરવા અને યોગ્ય ઉમેદવારને પ્રોત્સાહન આપવું.
૯. સ્થાનિકે ઊભી થતી નાની-મોટી સમસ્યાઓનું સમાધાન વહેલી તકે સ્થાનિક યુવક મંડળ, સમાજ અને મહિલા મંડળને સાથે રાખી તાત્કાલિક નિકાલ કરવા.

ઉપરોક્ત એજન્ડા મુજબ દરેક ઝોનમાં વ્યવસ્થિત કાર્યક્રમો થવા લાગ્યા. આ માટે ઝોનો તરફથી પોતાના યુવક મંડળોનો સંપર્ક કરવાનું ચાલુ થયું. આને લઈને યુવકોમાં સંઘ અને સંગઠનની ભાવના વધવા લાગી. આ રીતે યુવક સંઘ સક્રીય રહેવા લાગ્યું.

મુંબઈની રેડ સ્વસ્તિક સંસ્થાના સાથ-સહકાર અને સાથે યુવક સંઘના કાર્યકર્તા મહેન્દ્રભાઈ સેંઘાણીની ટીમ દ્વારા અને ઝોનોના યુવક મંડળોના સાથ-સહકારથી ઠેર ઠેર આરોગ્ય શિબિરો (મેડિકલ કેમ્પો) ના સુંદર આયોજનો થયાં અને હજુ ચાલુ જ છે. જેથી આપણી જ્ઞાતિના ભાઈઓ-બહેનોને ખૂબ જ રાહતરૂપ સગવડતા મળતી રહી

અને મળતી રહે છે. જેની ખાસ નોંધ લેવા જેવી છે. તેની સાથે સાથે કુદરતી આફતોમાં અને અન્ય મુશ્કેલીઓમાં કઈ રીતે સામનો કરવો તે માટે ''ડિઝાસ્ટર મેનેજમેન્ટ'' ના કાર્યક્રમો પણ મહેન્દ્રભાઈ સેંઘાણીની આગેવાની હેઠળની ટીમ દ્વારા યુવક મંડળો – ઝોનોના સાથ–સહકારથી સુંદર આયોજન થયાં અને થાય છે તે સરાહનીય છે.

લગભગ દરેક ઝોનોમાં ઝોન લેવલે ક્રિકેટ – વોલીબોલ જેવી રમતોની સ્પર્ધાનાં આયોજનો સુંદર રીતે થવા લાગ્યાં.

અમુક ઝોનોમાં યુવક સંઘના એજન્ડા મુજબના કાર્યક્રમોને વેગ આપવા માટે પોતાની રીતે કાર્યક્રમોને નામ આપેલ જેવા કે મધ્ય ગુજ ઝોન સ્વની શોધ અને વિકાસ અને સ્પર્શ ૨૦૦૪ નામ આપી યુવક મંડળોનો રૂબરૂ સંપર્ક કરીને યુવક સંઘના ઉદ્દેશો સમજાવી યુવક મંડળોને કાર્યવંત કરેલ. તેની પ્રેરણા લઈને બીજા ઝોનોમાં પણ એ રીતે કાર્યક્રમ થવા લાગ્યાં.

મુંબઈ જેવા ઝોને તો બીજા કાર્યક્રમોની સાથે ટ્રેડિંગ અને ભારતના ખ્યાતનામ ડૉ. પ્રકાશ કોઠારી જેવાના સેક્સ ઉપરનાં પ્રવચનો ગોઠવેલ. ૨૬મી જાન્યુઆરી જેવા દિવસોએ કુંવારા યુવક–યુવતીઓ માટે આનંદ મેળાનું આયોજન.

કચ્છ સાબરકાંઠા ઝોન આપણી જ્ઞાતિના ભાઈઓ માટે ખેતીવાડી એરીયા હોવાથી બીજા કાર્યક્રમની સાથોસાથ કઈ રીતે થઈ શકે તે માટે ખાસ ખેતીવાડીના તજ્જ્ઞોને બોલાવી ઠેર ઠેર પ્રવચનો ગોઠવવામાં આવેલ.

કચ્છમાં પ્રાથમિક શિક્ષણ કચ્છ ઝોને વૃક્ષારોપણનું મોટા પાયે અભિયાન ચલાવેલ છે. પ્રાથમિક શિક્ષણનું સ્તર નીચું હોવાથી યુવક મંડળો દ્વારા સમાજવાડીઓ, મંદિરોમાં જનરલ ટ્યૂશનો અને ઇંગ્લિશ માટેના ટ્યૂશનોનું આયોજન થાય તે માટે યુવક મંડળોને જાગ્રત કરી તેને ચાલુ કરાવેલ.

રમત–ગમત ની જેમ બિઝનેસ મેનેજમેન્ટના સેમિનારો દરેક ઝોનમાં થવા લાગ્યા. જેથી નવા નવા બિઝનેસ માટે અને અત્યારનો ચાલુ બિઝનેસ આજના સ્પર્ધાના સમયમાં કેવી રીતે આગળ વધારવો તેનું યોગ્ય માર્ગદર્શન મળવા લાગ્યું.

મહિલા સમાજ તેમજ મહિલા ઉત્કર્ષ સમિતિ દ્વારા યુવતિના સર્વાંગી વિકાસ માટેની શિબિરોના આયોજનોમાં યુવક સંઘ, સ્થાનિક યુવક મંડળ દ્વારા સારો સહયોગ આપવામાં આવે છે. આવી શિબિરોના આયોજનમાં મહિલા ઉત્કર્ષ સમિતિના કન્વીનર સોનલબેન શેઠીયાની કામગીરી સરાહનીય છે.

જે તે ઝોનોમાં સારા કાર્યક્રમ થયા હોય તેની સી.ડી. બનાવી બીજા ઝોનોમાં તેની સી.ડી. મોકલીને તે ઝોનોને તેવા કાર્યક્રમો કરવા માટે પ્રોત્સાહન પૂરું પાડવામાં આવેલ.

સારા વિચારો અને સંસ્કારિતા જળવાઈ રહે તે માટે આધ્યાત્મિક શિબિરોનાં

આયોજનો દ્વારા થવા લાગ્યાં. તેમાં પણ મધ્ય ગુજરાત ઝોન દ્વારા ઋષીકેશ મુકામે બે વખત શિબિરોનું સુંદર આયોજન ગોઠવી બીજા ઝોનોને તેવા કાર્યક્રમો ગોઠવવા માટે પ્રેરણારૂપ બન્યા.

ઝોનોમાં વ્યવસ્થિત કાર્યક્રમો થવા લાગ્યા. આ કાર્યક્રમોના હિસાબે અમુક ઝોનોનો વિસ્તાર બહુ વિશાળ હોવાથી યુવક મંડળોનો સંપર્ક કરવામાં અને ઝોન લેવલે કાર્યક્રમ ગોઠવવામાં અમુક ઝોનોમાં અડચણ થવાથી યુવક સંઘના ૯ ઝોન હતા તેની જગ્યાએ ૧૬ ઝોન કરવામાં આવેલ અને હાલમાં ૨૨ ઝોન થઈ ગયેલ છે અને તે બધાં સંપૂર્ણ રીતે સક્રીય છે.

અમુક ઝોનોમાં આપણી જ્ઞાતિના વડીલો માટે વિમાન પ્રવાસનું સુંદર આયોજન ગોઠવી જ્ઞાતિના વડીલોને ખુશ કરી દીધેલ. કારણ કે મોટા ભાગના વડીલોએ વિમાનમાં પ્રથમ પ્રવાસ કરી જીવનનો રોમાંચક અનુભવ મેળવ્યો હતો.

શિક્ષણ શિબિરોનું પણ આયોજન અમુક ઝોનોમાં થયેલ અને તેને માટે વ્યવસ્થિત માહિતી મળતી રહે તે માટે કેન્દ્રસ્થ માહિતી કેન્દ્ર અમદાવાદ ખાતે સમાજના સહકારથી ચલાવવામાં આવે છે.

આપણી આખી જ્ઞાતીની વસ્તી કેટલી? જ્ઞાતિના દરેક સભ્યોની ઝીણવટભરી નોંધો, જેવી કે કુટુંબના સભ્યોના નામે હાલનું ગામ, કચ્છનું ગામ, વ્યવસાય, સરનામું, ઘરનું સરનામું, અભ્યાસ, પરિણિત, અપરિણિત, પિયરની નોંધ, બ્લડ ગ્રુપ, ઉંમર, ગોત્ર વગેરેની નોંધ યુવક સંઘની વેબસાઈટમાં લેવાની ઝુંબેશ યુવક સંઘે ઉપાડીને જ્ઞાતિની વિગતવાર નોંધો હંમેશ માટે કમ્પ્યુટરમાં રહે અને તેમાં અપ-ડેટ થતી રહે તે માટે સુંદર વ્યવસ્થા ગોઠવી છે. તે ખરેખર આપણી જ્ઞાતિ સમાજમાં દરેક માટે હંમેશા ઉપયોગી થઈ પડશે. જે કાર્ય માટે યુવક સંઘ અને તેની વેબ-કોમ કમીટી ધન્યવાદને પાત્ર છે.

ઝોનોમાં સરસ્વતી સન્માનો ચાલુ થવાથી યુવક મંડળો એકબીજાની નજીક આવવા લાગ્યા અને સમાજના શિક્ષણને પ્રોત્સાહન મળવા લાગ્યું. સમાજના વિદ્યાર્થીઓમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે રસ જાગવા લાગ્યો.

અમુક ઝોનોમાં જીવનસાથી પરિચય મેળાના પણ આયોજનો થયાં. યુવક-યુવતિઓની માહિતી પુસ્તીકાઓનું પ્રકાશન થયું. જેથી સગપણો ગોઠવવામાં મદદરૂપ થયાં.

આપણા યુવક મંડળોમાં સરસ્વતી સન્માન અને સાંસ્કૃતિક કાર્યક્રમો થતા હતા. તે ઝોન લેવલે પણ થવા લાગ્યા. સાંસ્કૃતિક કાર્યક્રમો યુવા મહોત્સવ દ્વારા ભારતીય લેવલે પણ થવા લાગ્યા. જેથી આપણો સમાજ ભારતભરમાં ફેલાયેલો છે તે એકબીજાની નજીક આવવા લાગ્યો અને એકબીજામાં ઓળખાણ-પરિચય વધવા લાગ્યાં.

ઉચ્ચ શિક્ષણને વેગ આપવા માટે ભારતભરમાં જે શહેરોમાં ઉચ્ચ શિક્ષણની સુવિધાઓ છે ત્યાં હોસ્ટેલ હોવી જોઈએ તે માટે કેન્દ્રીય સમાજને યુવક સંઘ દ્વારા ખાસ અનુરોધ વારંવાર કરવામાં આવે છે. વિદ્યાનગર હોસ્ટેલ જે અત્યારે છે તે યુવક સંઘ દ્વારા ઊભી કરવામાં આવેલ જે બહુ જ નાની પડે છે. તે માટે કેન્દ્રીય સમાજને ભલામણો કરેલ જેની ઉપર કેન્દ્રીય સમાજે વિચારણા કરીને વિદ્યાનગર ખાતે ૪૦૦ વિદ્યાર્થીને સમાવી શકાય તેવી હોસ્ટેલ બનાવવાનું નક્કી કરેલ છે. તેની જવાબદારી શ્રી ઉમા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટને સોંપવામાં આવેલ છે તે માટે જમીન પણ ખરીદાયેલ છે.

નાસિક ઝોન, મુંબઈ ઝોનના સાથ-સહકારથી અખિલ ભારતીય લેવલે ક્રિકેટ મેચ સ્પર્ધાઓનું સુંદર આયોજન થયું.

અત્યારે છેલ્લે સુરત મુકામે અખિલ ભારતીય લેવલે ભવ્યાતિભવ્ય યુવા સંઘ દ્વારા યુવા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું. જે સિકંદરાબાદ-હૈદરાબાદ મુકામે થવાનું હતું જ્યાં અશાંત પરિસ્થિતિ ઊભી થવાથી સુરત મુકામે કાર્યક્રમ ગોઠવવો પડેલ. જે એક જ અઠવાડિયાની અંદર તૈયારી કરીને સમાજના દક્ષિણ ગુજરાત ઝોન યુવા સંઘના સરદાર પટેલ ઝોનની અથાગ મહેનત અને પરિશ્રમના કારણે અતિ સુંદર કાર્યક્રમ યુવા સંઘ દ્વારા થયો. જે યુવા સંઘની કારકિર્દીમાં ચાર ચાંદ લાગી ગયા તેવું કહેવામાં અતિશયોક્તિ નથી. આ કાર્યક્રમ સફળ બનાવવામાં સુરતના દામોદરભાઈ ભાવાણી (કચ્છી) ની કામગીરી સરાહનીય હતી.

આ કાર્યક્રમની વિગતવાર માહિતી સમાજના સુવર્ણ જયંતી મહોત્સવ કાર્યક્રમના સુવિનીયરમાં સમાવવામાં આવેલ છે.

આપણી કેન્દ્રીય સમાજની બંધારણીય રચનાને ૨૦૧૦ માં પચાસ વર્ષ પૂરાં થતાં હોઈ કેન્દ્રીય સમાજે સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવવાનું નક્કી કરેલ, જેને સફળ બનાવવા માટે કેન્દ્રીય સમાજની સાથોસાથ યુવા સંઘે પણ તનતોડ મહેનત કરેલ.

સુવર્ણ જયંતી ઉજવવા માટે જે થીમો નક્કી કરવામાં આવેલ છે તેની રૂપરેખા યુવા સંઘે જ કેન્દ્રીય સમાજને સાથે રાખીને તૈયાર કરેલ અને સુવર્ણ જયંતી મહોત્સવની ઉજવણીની તૈયારી માટે મહોત્સવ ઉજવણી વખતે કાર્યવાહીમાં યુવા સંઘે મોટા ભાગની જવાબદારી નિભાવવા કેન્દ્રીય સમાજની સાથે જ રહેલ. જેનો સુવર્ણ જયંતી મહોત્સવ પછીના સુવેનીયરમાં અહેવાલ સમાવવામાં આવેલ.

યુવક સંઘના ઝોનો, સમાજો, યુવક મંડળો, મહિલા મંડળોના જીવંત સંપર્કમાં રહેવા માટે યુવક સંઘના માજી પ્રમુખ ભરતભાઈ પોકાર, સારસાવાળાએ એમના કાર્યકાળ દરમ્યાન ૫૦૦૦ પત્રો લખી મોકલાવેલ, ૨૧૦૦૦ SMS કરેલ, જેની નોંધ લેવાઈ હતી.

ત્યારના યુવા સંઘના પ્રમુખ જયંતીભાઈ રામાણી, નરોડાવાળા અને મહામંત્રી

ગૌરાંગ ધનાણીની ટીમ, જે જોમ-ઉત્સાહ-ઉમંગથી કામ કરી રહ્યા હતાં તે ખરેખર સરાહનીય છે. તેમના સમયનો સુરતનો યુવા મહોત્સવ તેનું પ્રતિબિંબ છે.

યુવક સંઘ (યુવા સંઘ) દ્વારા આયોજીત યુવા મહોત્સવ (રમતોત્સવ) નાં જેટલાં આયોજનો થયાં તેની અંદર ધનસુખભાઈ હરજીભાઈ લીંબાણી, મસ્કતવાળાએ માતબર દાન આપી યુવા મહોત્સવ ઊજવવામાં આગવું યોગદાન આપેલ છે. જેની ખાસ નોંધ લેવી પડે તેમ છે.

યુવક સંઘનું બંધારણ ૧૯૭૭ ના યુવક સંઘના અધિવેશનમાં પસાર કરવામાં આવેલ, તેની અંદર અત્યારના સમય અનુસાર બંધારણને નવેસરથી સુધારા વધારા સાથે તા. ૧૯-૮-૨૦૦૮ ની યુવક સંઘની પ્રથમ અસાધારણ સભા બોલાવીને પસાર કરવામાં આવેલ. અત્યારનું યુવા સંઘનું બંધારણ જોતાં એવું જરૂર લાગે કે આપણું યુવાધન આજના કમ્પ્યુટર યુગમાં બીજાથી પાછળ નથી.

યુવક સંઘની ઝોન રચના બાદ દરેક કારોબારીમાં કે સામાન્ય સભામાં દરેક ઝોનમાં શું શું કામગીરી થયેલ જેની ઝોનના હોદ્દેદારો પાસેથી માહિતી મેળવવામાં આવેલ હતી. જેથી જે ઝોનો સક્રીય હોય તેની માહિતીથી બીજા જે ઝોનો ઓછા સક્રીય હોય તેને કેમ વધારે સક્રીય થાય તે જાતના પ્રયત્નો કરવામાં આવતાં. એકંદરે અત્યારે આપણો યુવા સંઘ એકદમ સક્રીય છે ત્યારે આપણા સમાજોને પણ યુવા સંઘ ઘણી બાબતે રાહ ચીંધે છે એવું કહેવામાં અતિશયોક્તિ નથી.

યુવા સુરક્ષા કવચ

આપણી જ્ઞાતિના યુવાનોનું આકસ્મિક મૃત્યુ થાય તે વખતે તેને ઉપયોગી થવાય તે હેતુથી યુવા સંઘ દ્વારા ''યુવા સુરક્ષા કવચ'' **"YSK"** નું આયોજન કરવામાં આવેલ છે.

જ્ઞાતિના યુવાનો દ્વારા અને જ્ઞાતિના યુવાનો માટેની આ યોજના બહુ જ સારી છે.

દાન આપતી વખતે હાથમાં શું હતું એ નહી,
પણ દિલમાં શું હતું એ જોવાનું છે

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર મહિલા સંઘ

કચ્છ કડવા પાટીદાર સમાજમાં મહિલા જાગૃતિ અભિયાનની શરૂઆત ૧૯૭૪ થી થઈ. શ્રીમતી મંજુલાબેન નાનાલાલ ઉકાણી અને શ્રીમતી ભાનુબેન વાલજીભાઈ પટેલ, આ બન્ને બહેનોએ મહિલા જાગૃતિની શરૂઆત કરી, ગામડે ગામડે ફરીને બહેનોને સમજાવી, તેમની શક્તિઓનો અહેસાસ કરાવ્યો. સૌ પ્રથમ મહિલા મંડળની ભુજ ખાતે સ્થાપના કરવામાં આવી. ત્યાર બાદ આ બહેનોએ ગામડ ગામડે ફરીને મહિલા મંડળોની શરૂઆત કરાવી હતી. આ ઝુંબેશમાં બન્ને બહેનો સાથે શ્રીમતી નર્મદાબેન નારણભાઈ પટેલનો પણ ખૂબ સાથ-સહકાર રહ્યો.

૧૯૭૭ ના સમાજ અધિવેશનમાં ભાનુબેમ તથા મંજુલાબેનની ખાસ માંગણીને ધ્યાનમાં રાખીને બહેનોને પોતાના વિચારો પ્રગટ કરવા અલગ સમય ફાળવવામાં આવ્યો. આ સંમેલનમાં લક્ષ્મીબેન પટેલ મોભી તરીંકે પ્રમુખસ્થાને રહ્યા અને મુખ્ય મહેમાનો તરીંકે ભાનુબેન વાલજીભાઈ પટેલ, સાવિત્રીબેન વેલાણી, પુષ્પાબેન ધનજીભાઈ પટેલ, પારૂબેન રતિભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યાં. આ અધિવેશનમાં માત્ર બહેનોએ પોતાના વિચારો રજૂ કર્યા અને સફળ સંચાલન મંજુલાબેન ઉકાણીએ કર્યું. આ અધિવેશન બાદ કચ્છ તથા ભારતભરમાં મહિલા મંડળોની સ્થાપના થઈ અને મહિલા મંડળો દરેક સ્થળે સક્રીય બન્યાં. મહિલા જાગૃતિનો ખરેખરો અહેસાસ તો ૧૯૮૫ ના અધિવેશનમાં થયો. સમાજના અધિવેશનના દ્વિતીય દિવસના સવારનો સમય મહિલા અધિવેશનનો રહ્યો. આ અધિવેશને મહિલા શક્તિના દર્શન કરાવ્યાં. શ્રીમતી ભાનુબેન વી. પટેલના પ્રમુખ સ્થાને વિવિધ ઠરાવો બહેનો દ્વારા રજૂ કરવામાં આવ્યા. વિશેષ ઠરાવ તો લગ્ન પ્રસંગે સાસરા પક્ષ તરફથી પડલામાં અપાતી સાડી ને બદલે ઘરચોળું આપવું તથા મામાએ મોસાળમાં એક પાનેતર જ આપવું. સામાજિક પરિવર્તનની આ નિશાની હતી. બીજા ઠરાવો જેવા કે ઘૂંઘટ પ્રથા, અંધશ્રદ્ધા, કન્યા કેળવણી, સમાજમાં પ્રવર્તતા કુરિવાજો, દિકરી ને દિકરામાં સમાનતા જેવા દસેક ઠરાવો બહેનો દ્વારા રજુ કરાયા. જે બહેનો દ્વારા ટેકો આપી સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા. આ ઠરાવોને સમાજે પણ સર્વાનુમતે બહાલી આપી. આ અધિવેશનમાં ભુજની બહેનો સાથે નખત્રાણાના મહિલા મંડળ, કોટડા જડોદરના મહિલા મંડળની બહેનો વિશેષ

સક્રીય રહી. અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર મહિલા મંડળ પોતાની પ્રવૃત્તિ મુખ્ય સમાજના નેજા હેઠળ સામાજીક પરિવર્તનની દિશામાં કરતું રહ્યું. એ સમયના સામાજિક અગ્રણીઓએ અ.ભા.ક.ક. પાટીદાર મહિલા મંડળના પ્રમુખ ભાનુબેન પટેલ તથા મંત્રી મંજુલાબેન ઉકાણીને સમાજની કારોબારીમાં યોગ્ય સ્થાન આપ્યું હતું. ૧૯૯૩ માં યોજાયેલ મહિલા અધિવેશને પણ મહિલા શક્તિનો અહેસાસ કરાવ્યો. શ્રીમતી ભાનુબેન પટેલના પ્રમુખસ્થાને યોજાયેલ મહિલા સંમેલનનું સંચાલન શ્રીમતી મંજુલાબેન ઉકાણીએ કર્યું હતું. સામાજિક પરિવર્તનના ઠરાવો સાથે બહેનોને સ્પર્શતા વિવિધ પ્રશ્નોની પણ છણાવટ કરવામાં આવી. આ સમયગાળા દરમ્યાન ક.ક.પા. મહિલા સંઘની સ્થાપના માટેના ચક્રો ગતિમાન થયાં. શ્રીમતી ભાનુબેન પટેલ તથા શ્રીમતી મંજુલાબેન ઉકાણી આ મહિલા સંઘના ટ્રસ્ટીપદે રહ્યાં.

તા. ૨૧-૫-૧૯૯૭ ના રોજ કચ્છ અને કચ્છ બહારની મહિલાઓની બહોળી ઉપસ્થિતિમાં નખત્રાણા ખાતે યોજાયેલ સભામાં અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર મહિલા સમાજના બંધારણને પારિત કરવામાં આવ્યું અને વિધિસર મહિલા સંગઠનની રચના થઈ.

આ સભાના પ્રમુખસ્થાને ભાનુબેન વી. પટેલ રહ્યા હતા. નવી વરાયેલ કારોબારીનું સુકાન લક્ષ્મીબેન ભાદાણીને સોંપવામાં આવ્યું. મહામંત્રીપદે રતનબેન ભગત વરાયાં હતાં.

શ્રી ઉમિયા માતાજી મંદિર, વાંઢાયના સુવર્ણ જયંતી વર્ષ નિમિત્તે યોજાયેલા મહિલા સંમેલનનું આયોજન મહિલા સમાજની બહેનોના સહયોગથી કરાયું હતું. જેમાં સમગ્ર કચ્છમાં બહોળી સંખ્યામાં બહેનોએ ભાગ લીધો હતો.

કચ્છના જુદા જુદા વિસ્તારમાં સંતશ્રી રમાદેવીની નિશ્રામાં યોજાયેલ ધર્મ સભાઓમાં પણ મહિલા સમાજનો નોંધપાત્ર સહકાર રહ્યો હતો.

મહિલા સમાજે આર્થિક રીતે નબળા કુટુંબોની મહિલાઓને તેમજ નિરાધાર વિધવા, ત્યક્તા બહેનોને આજીવિકા માટે સિલાઈ મશીનો આપ્યાં હતાં. ઉપરાંત આવી બહેનોની દિકરીઓને લગ્ન માટે આર્થિક સહાય પણ કરી હતી. અને જ્ઞાતિની શિક્ષણ સંસ્થામાં પણ મહિલા સમાજે પોતાનું આર્થિક યોગદાન નોંધાવ્યું હતું.

તા. ૯-૧-૨૦૦૦ ના રોજ હિંમતનગર ખાતે અને તા. ૪ તથા ૫ જાન્યુઆરી ૨૦૦૨ ના સાંગલી ખાતે મહિલા સમાજનાં પ્રમુખ શ્રીમતી લક્ષ્મીબેન ભાદાણીના

અધ્યક્ષસ્થાને મહિલાઓની સભાઓ યોજાઈ હતી. જેમાં મહિલા જાગૃતિ વિષે વિષદ ચર્ચા-વિચારણ કરવામાં આવી હતી.

સને ૨૦૦૨ થી ૨૦૦૫ દરમ્યાન મહિલા સમાજના પ્રમુખપદે રતનબેન માવજી ભગત અને મહામંત્રીપદે સોનલબેન ઈશ્વરભાઈ શેઠીયા રહ્યાં હતાં. આ કાર્યકાળ દરમ્યાન રત્નાગીરી, ગોવા, જામનગર, તલોદ, નાગપુર, રાયપુર, બેંગલોર, મૈસુર વગેરે સ્થળોએ મહિલા જાગૃતિ અભિયાનના અનુસંધાને રતનબેન ભગતના વડપણ હેઠળ સભાઓ યોજવામાં આવી. સગપણ સમસ્યાના હલ માટે કચ્છમાં પણ જાગૃતિ લાવવા જુદાં જુદાં ગામોનો પ્રવાસ કર્યો. કચ્છમાં રહેતી કન્યાઓનું વલણ કચ્છ બહાર જવાનું હોવાથી ગામડાઓમાં સગપણ સમસ્યા વધુ વિકટ બનતા વાંઢાય ખાતે મહિલા સમાજ દ્વારા કચ્છના યુવક-યુવતી પરિચય મેળાનું આયોજન તા. ૫-૬-૨૦૦૫ ના રોજ કરવામાં આવ્યું હતું અને પરિચય પુસ્તિકા પણ પ્રકાશિત કરાઈ હતી. તા. ૧૨-૧-૨૦૦૪ ના ત્રિચિનાપલ્લી (તામિલનાડુ) ખાતે યોજાયેલ મહિલા સમાજની સભામાં મહિલા જાગૃતિ અંગે વિચારો વ્યક્ત કરાયા હતા અને લગ્ન સંબંધી સુધારા અંગેના ઠરાવો પણ પસાર કરાયા હતા.

વર્ષ ૨૦૦૫ થી વર્ષ ૨૦૦૮ દરમ્યાન મહિલા સમાજના પ્રમુખ તરીકે ગંગાબેન હરિભાઈ સેંગાણી અને મહામંત્રી તરીકે કમળાબેન શામજી ભાદાણી વરાયાં હતાં.

આ સમયગાળામાં મહિલા જાગૃતિ અભિયાન અંતર્ગત કચ્છના જ ગામોનો પ્રવાસ કરાયો હતો. તેમજ ૨૦૦૬ માં અંકલેશ્વર, ૨૦૦૭ માં ઔરંગાબાદ અને ૨૦૦૮ માં રાયપુર મુકામે મહિલાઓની સભાઓ યોજવામાં આવી હતી. આ વર્ષે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર મહિલા સમાજનું નામ બદલીને શ્રી અ.ભા.ક.ક. પાટીદાર મહિલા સંઘ રાખવામાં આવ્યું હતું.

તા. ૧૪-૮-૨૦૦૮ ના યોજાયેલ મહિલા સંઘની સામાન્ય સભામાં મહિલા સંઘના પ્રમુખપદે પ્રભાબેન દામજીભાઈ માકાણી, મહામંત્રીપદે સુશીલાબેન કાંતિલાલ પાટીદાર વરાયાં હતા અને ૨૦૦૯-૧૦ નું વર્ષ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું સુવર્ણ જયંતી વર્ષ હોઈ સોનલબેન શેઠિયા અને નર્મદાબેન સેંઘાણીના પ્રયાસોથી કચ્છ અને કચ્છ બહાર મહિલાઓ અને યુવતીઓ માટેની શિબિરો યોજવામાં આવેલ.

શ્રી અ.ભા.ક.ક. પાટીદાર યુવા સંઘ ઈ.સ. ૧૯૭૨ થી ઈ.સ. ૨૦૨૦ સુધીના પ્રમુખશ્રીઓ



શ્રી ખીમજીભાઈ
લખમશીભાઈ લીંબાણી
પ્રમુખ - ૧૯૭૨ - ૮૪



શ્રી દેવજીભાઈ
વાલજીભાઈ રૂડાણી
પ્રમુખ - ૧૯૮૪ - ૮૭



શ્રી ગંગારામભાઈ
હીરાલાલ સાંખલા
પ્રમુખ - ૧૯૮૭ - ૯૩



ડૉ. પ્રેમજીભાઈ
રામજી ગોગારી
પ્રમુખ - ૧૯૯૩ - ૯૬



શ્રી દેવશંકરભાઈ
સોમજીભાઈ ધનાણી
પ્રમુખ - ૧૯૯૬ - ૯૭



શ્રી દેવજીભાઈ
માવજીભાઈ લીંબાણી
પ્રમુખ - ૧૯૯૭ - ૯૯



શ્રી મનસુખલાલ
વિશ્રામભાઈ રૂડાણી
પ્રમુખ - ૧૯૯૯ - ૨૦૦૨




શ્રી પ્રેમજીભાઈ
ભાણજીભાઈ કેશરાણી
પ્રમુખ - ૨૦૦૨ - ૦૩



શ્રી શરદભાઈ
શાંતિભાઈ માવાણી
પ્રમુખ - ૨૦૦૩ - ૦૫

શ્રી અ.ભા.ક.ક. પાટીદાર યુવા સંઘ ઈ.સ. ૧૯૭૨ થી ઈ.સ. ૨૦૨૦ સુધીના પ્રમુખશ્રીઓ



પ્રો. ભરતભાઈ
શિવજીભાઈ પોકાર
પ્રમુખ - ૨૦૦૫ - ૦૮



શ્રી જયંતીભાઈ
કરમશીભાઈ રામાણી
પ્રમુખ - ૨૦૦૮ - ૧૦



શ્રી ગૌરાંગભાઈ
ખેતાભાઈ ધનાણી
પ્રમુખ - ૨૦૧૦ - ૧૨



શ્રી માવજીભાઈ
ડાહ્યાભાઈ દિવાણી
પ્રમુખ - ૨૦૧૨ - ૧૪



શ્રી નિતિનભાઈ
રવજીભાઈ લીંબાણી
પ્રમુખ - ૨૦૧૪ - ૧૬



શ્રી રવિભાઈ
દેવશીભાઈ ધોળુ
પ્રમુખ - ૨૦૧૬ - ૧૮



પ્રો. ડૉ. વસંતભાઈ
અરજણભાઈ ધોળુ
પ્રમુખ - ૨૦૧૮ - ૨૦

શ્રી અ.ભા.ક.ક. પાટીદાર મહિલા સંઘ ઈ.સ. ૧૯૭૭ થી ઈ.સ. ૨૦૨૦ સુધીના પ્રમુખશ્રીઓ



શ્રીમતી ભાનુબેન
વાલજીભાઈ પટેલ
પ્રમુખ - ૧૯૭૭ - ૯૭



શ્રીમતી લક્ષ્મીબેન
રવજીભાઈ ભાદાણી
પ્રમુખ - ૧૯૯૭ - ૨૦૦૨



શ્રીમતી રતનબેન
માવજીભાઈ ભગત
પ્રમુખ - ૨૦૦૨ - ૦૫



શ્રીમતી ગંગાબેન
હરિભાઈ સેંઘાણી
પ્રમુખ - ૨૦૦૫ - ૦૮



શ્રીમતી પ્રભાબેન
દામજીભાઈ માંકાણી
પ્રમુખ - ૨૦૦૮ - ૧૧



શ્રીમતી ઝવેરબેન
ગંગારામભાઈ સાંખલા
પ્રમુખ - ૨૦૧૧ - ૧૪



શ્રીમતી સોનલબેન
ઈશ્વરભાઈ શેઠિયા
પ્રમુખ - ૨૦૧૪ - ૧૭



શ્રીમતી જશોદાબેન
શાંતિલાલ નાકરાણી
પ્રમુખ - ૨૦૧૭ - ૨૦



mSm
mSm
સર્વેને દિવાળી અને નૂતન વર્ષના હાર્દિક અભિનંદન...
M/S MARUTHI SAW MILLS
DEALERS IN ALL KIND OF IMPORTED TIMBERS
OPP GKVK,BELLARY ROAD,BYATARAYANAPURA,BANGALORE-560092
PH : 080-23636912, EMAIL : maruthisawmills@gmail.com
CONTACT :- MR. Vishram Patel : +91 9844035112
MR.MANILAL PATEL : +91 9945635112, MR. AMITH PATEL : +91 9844882626
M/S MARUTHI SAW MILLS
DEALERS IN ALL KIND OF IMPORTED TIMBERS
THANISANDRA MAIN ROAD,THANISANDRA,NAGAVARA,BANGALORE-560045
PH : 080-25444163, EMAIL : maruthisawmills@gmail.com
CONTACT :- PURUSHOTTAM PATEL : +91 9448473163
M/S MARUTHI TIMBER AND PLYWOOD
DEALERS IN ALL KIND OF PLYWOOD, BOARDS, DOORS, HARDWARE
SULTANPALYA MAIN ROAD,MANORAYANAPALYA,R.T NAGAR,
BANGALORE-560032, PH : 080-23437898
CONTACT :- ESHWAR PATEL : +91 9449826222, CHANDRESH PATEL : +91 9632361002
M/S MARUTHI TIMBER AND PLYWOOD
DEALERS IN ALL KIND OF IMPORTED TIMBERS
169/7,HENNUR-BAGALUR MAIN ROAD,KANNUR VILLAGE,BANGALORE-562149
CONTACT :- ARVIND PATEL : +91 9449835112, ROHITH PATEL : +91 9880650614
M/S SHIVA STONE CRUSHERS
MANUFACTURERS OF PLASTERING SAND AND CONCRETE SAND
#115,NANDANAGNAHALLI,MANDIKALLU HOBLI,
CHICKABALLAPUR-562103
EMAIL ID : shivastonecrushers@gmail.com
CONTACT :-
PRAVEEN PATEL : +91 9900035112,
RAJENDRA PATEL : +91 7760590800


YOUR TRUSTED BUSINESS PARTNER
SMARTER AND STRONGER
Unilam
Decorative Doors
DOOReX
enter your beautiful dreamland...
Leading Manufacturer of High Quality Doors in South India
+91 8867722665, +91 9886753878
e-mail : info@unilamdoors.com
UNIVERSAL LAM CRAFT
Tumkur Road, Bengaluru
www.unilamdoors.com
UNIVERSAL INDUSTRIES
Lakshmipura Road, Bengaluru
www.doorexdoors.com


realpatidar.com
REDDMICA™
think lam, think redd
A CLASSIFY
COMPARISON FOR YOUR HOME
ARYA
429/2, 8th Cross MRB Farm, Nakshe Road
Near HDFC Bank, NRI Layout Kalkere, Banglore - 560043
Mob: +91 78997 01331 / 32 | Email : aryabangalore17@gmail.com
realpatidar.com

With Best Compliments from :

SURESH PATEL - 94481 13436



ARJUN PLYWOOD PVT. LTD.

PLYWOOD ❊ BLOCK BOARD ❊ FLUSH DOOR
MOULDED DOOR ❊ DECORATIVE VENEERS Etc.,


Plot No. 303 & 304, KIADB Obadenahalli Ind. Area,
3rd Phase, Varadhanahalli, Doddabalapur,
Bengaluru Rural - 561 203. E-mail : info.arjunplywood@gmail.com

With Best Compliments from :

AAKAR INDUSTRIES

166, 100 Feet Road, 1st Phase, Vasanthanarasapura
Industrial Area, Kora Hobli, Tumkur Dist. - 572 128

MR / BWP PLYWOOD ✤ BLOCK BOARD ✤ FLUSH DOOR



AAKAR®
PLYWOOD | BLOCK BOARD | FLUSH DOOR

AAKAR Neem™ PLATINUM
PLYWOOD | BLOCK BOARD | FLUSH DOOR

AAKAR Neem™ ★★★★★ CLUB
PLYWOOD | BLOCK BOARD | FLUSH DOOR

ALL PRODUCTS ARE ISI CERTIFIED

E-mail : aakarindustriesply@gmail.com

VIJAY PATEL - 99008 87799, VISHAL PATEL - 81974 18172

Parekh